દીવાન બહાદુર

# ચૂનીલાલ માણેકલાલ ગાંધી

[ જીવનવૃત્તાંત ]

: લેખક :

પ્રા. કુંજવિહારી મહેતા, એમ. એ.

જૂન ૧૯૫૯

દીવાન બહાદુર

# ચૂનીલાલ માણેકલાલ ગાંધી

[ જીવનવૃત્તાંત ]

લેખક : પ્રા. કુંજવિહારી મહેતા

જૂન ૧૯૫૯

# આમુખ

મારા પરમમિત્ર સદ્દગત શ્રી. ચૂનીલાલ ગાંધીનું જીવનચરિત્ર લખાય એ સર્વથા યોગ્ય છે. વીસમી સદીના પૂર્વાર્ધમાં ભારતમાં ઘણાં નરરત્નો પાક્યાં. ઘણાં રાજકારણમાં વિખ્યાત થયાં, ઘણાંએ સાહિત્ય અને કલાના નવા આદર્શો સર્જ્યા, ઘણાં રાજ્યવ્યવસ્થા ચલાવવામાં નિષ્ણાત થયાં અને ઘણાંએ જીવન ઘડવાના રચનાત્મક કાર્યમાં સફળતા મેળવી.

છેલ્લી પંક્તિના કાર્યકર્તાઓનાં નામ રોજ છાપે નથી ચડતાં, પણ રાષ્ટ્રજીવનના પાયા તો તે જ ચણે છે. આ કાર્યકરોમાં સદ્દગત ગુજરાતમાં અગ્રગણ્ય હતા.

સદ્દગતે ઘણાં વર્ષો પૂર્વે રાજકારણનું ધાંધલિયું ક્ષેત્ર છોડી ગુજરાતના ઘડતરમાં રસ લેવા માંડ્યો હતો. પરિણામે સૂરત પ્રગતિપંથે જઈ શક્યું અને ગુજરાતમાં પોતાનું અગ્રસ્થાન સાચવી શક્યું.

સદ્દગત ને મારો તો વર્ષોનો નિકટ સંબંધ હતો. મેં એમના અવસાન વખતે લખ્યું હતું તેમ હું ૧૯૧૮ માં એડવોકેટ થયો ત્યારે મને પહેલો કેસ આપનાર એ. પછી તો અમે ઘણા મુકદ્દમાઓમાં સાથે કામ કર્યું. એમની વકાલતમાં જેટલી બાહોશી હતી તેટલી જ મહેનત અને તેટલી જ પ્રમાણિકતા હતી.

આથી ય વધારે એમનો સહૃદયી સ્વભાવ હતો; પાકા હતા, સાથે હસમુખા, નિખાલસ દિલના અને બને તેટલાને સહાય કરવાને ઉત્સુક. એમને આજે આ અંજલિ અપાય છે તેમાં જોડાતાં મને મારા સદ્દગત મિત્રનાં સુભગ સ્મરણો તાજાં થાય છે અને આ અંજલિ આપી શક્યો તેથી મારી જાતને ભાગ્યશાળી માનું છું.

ભારતીય વિદ્યાભવન,
મુંબઈ, તા. ૧૯-૬-૫૯

**કનૈયાલાલ મુનશી**

# પ્રસ્તાવના

ઓગણીસમી સદીનો ઉત્તરાર્ધ અને વીસમી સદીનો પૂર્વાર્ધ આ દેશના ઇતિહાસમાં પુનરુત્થાનનો સમય હતો. વિવિધ ક્ષેત્રોનું નવનિર્માણ કરનારા અનેક પુરુષો દેશના લગભગ બધા જ ભાગોમાં પોતાનો પુરુષાર્થ અજમાવી રહ્યા હતા. કવિવર ટાગોર, મહાત્મા ગાંધી અને શ્રી અરવિંદ જેવી વિભૂતિઓ સમકાલીન હોય અને જુદાં જુદાં ક્ષેત્રોમાં પોતાનું કાર્ય કરે એવું માનવ ઇતિહાસમાં જવલ્લે જ જોવામાં આવે છે. સૂર્ય આખા નભોમંડળને ઉજાળે પણ આપણા ઘરના ઓરડાઓને ઉજાળતા ઘરદીવડાઓનું મૂલ્ય અનેકગણું વધારે છે.

શ્રી. ચૂનીલાલ ગાંધી આવા ઘરદીવડા હતા. રાંદેર જેવા નાનકડા કસબામાં વસતા મધ્યમ વર્ગના કુટુંબમાં જન્મી કેવળ પોતાના પુરુષાર્થથી એમણે પોતાના જીવનને સર્વ રીતે યશસ્વી બનાવ્યું. આપણામાંથી ઘણાના મનમાં એવી ભ્રાન્તિ હોય છે કે મનુષ્ય મહાન જન્મે છે. પણ મનુષ્ય મહાન જન્મતો નથી પણ મહાન બને છે પોતાના પુરુષાર્થથી, ટેકથી અને અવિરત શ્રમથી. શ્રી. ગાંધીએ પોતાનું જીવન મહાન બનાવ્યું. મહત્તાની વ્યાખ્યા વ્યક્તિએ વ્યક્તિએ ફેરવાય. પરંતુ જે વ્યક્તિ પોતાના વ્યવસાયમાંથી સમય બચાવી લોકોનું હિત હૈયે ધારી, લોકોપયોગી કાર્યો પાછળ સમય ખર્ચે તેનું જીવન અવશ્ય મહાન છે.

શ્રી. ચૂનીલાલ ગાંધીએ ઘણો સમય માંગી લેતા વકીલાતના વ્યવસાયમાંથી સમય કાઢી સૂરત શહેર અને જિલ્લાની પ્રજાની સેવાનાં અનેક કાર્યો કર્યાં. આજે એ કાર્યોનું સુફલ સૂરતની પ્રજા માણી રહી છે. એમની બે પ્રિય પ્રવૃત્તિઓ કેળવણી અને સહકારની. આજે તો સરકાર નવીનવી સંસ્થાઓ શરૂ કરવામાં ઉદારતાથી નાણાંકીય સહાય કરે છે પણ જ્યારે શ્રી. ગાંધીએ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના સંચાલનનું સૂત્ર હાથમાં લીધું ત્યારે પરદેશી સરકાર આવી મદદ આપવાને તત્પર નહોતી, જે કંઈ કરવાનું હતું તે પ્રજાનો સહકાર મેળવીને, તેમની પાસેથી નાણાં લઈને કરવાનું હતું. આ નાણાં મેળવવા કશાની પણ દરકાર કર્યા વિના શ્રી. ગાંધી પોતે જુદે જુદે સ્થળે ફર્યા. અને ત્રણેક દાયકાના ગાળામાં તો સાર્વજનિક સોસાયટીએ જુદી જુદી શાખાઓનું શિક્ષણ આપતી સંસ્થાઓ શરૂ કરી. નાણાં ઉઘરાવવાનું કાર્ય મુશ્કેલ છે અને તેથી વધારે મુશ્કેલ એ નાણાંની વ્યવસ્થા કરવાનું અને તેને યોગ્ય રીતે વાપરવાનું છે. શ્રી. ગાંધીએ અદ્‌ભુત કુશળતાથી આ નાણાંની વ્યવસ્થા કરી તેની પાઈએ પાઈનો હિસાબ રખાય અને જાહેર થાય એ માટે કાળજી રાખી. એમના જ નેતૃત્વ હેઠળ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી કેળવણીની એક આદર્શ, સુવ્યવસ્થિત અને પ્રથમ પંક્તિની કેળવણીનું વિતરણ કરતી સંસ્થા બની. જે જમાનામાં ઉચ્ચ કેળવણી માટે અમદાવાદ, વડોદરા અને મુંબઈ સિવાય બીજે કયાંય સગવડ નહોતી તે જમાનામાં સૂરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની કૉલેજોએ માત્ર સૂરત જિલ્લાના જ નહિ પણ ભરૂચ, ખેડા અને ખાનદેશ જિલ્લાઓના વિદ્યાર્થીઓને પણ ઉચ્ચ કેળવણીની સગવડ પૂરી પાડી. આજે જ્યારે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વાતો જોરશોરથી થાય છે ત્યારે શ્રી. ચૂનીલાલ ગાંધી યાદ આવ્યા વિના રહેતા નથી. એમના મનમાં એક સુવિચાર ઊગ્યો કે તરત જ તેને પાર પાડવાના એઓ પ્રયત્નો આરંભી દેતા અને એ પાર પડે ત્યારે જ એમને જંપ વળતો. વાતો અને ચર્ચાથી તો દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સ્થપાવાની નથી એને માટે બીજા ચૂનીલાલ ગાંધીની જરૂર રહેશે.

શ્રી. ચૂનીલાલ ગાંધી દ્રષ્ટા હતા. એમણે જોયું કે ભારત જેવા દેશનો ઉદ્ધાર કેવળ સહકારી પ્રવૃત્તિથી જ થઈ શકે એમ છે. જે દેશમાં અનેક ગામડાંઓ છે અને જેનાં ગામડાંઓની પ્રજા અભણ, અજ્ઞાત અને ગરીબ છે ત્યાં એ પ્રજાનું શોષણ થતું અટકાવવા એમને ભેગાં કરી સાથે કામ કરતાં શીખવ્યા વિના એમની ગરીબી ટળવાની નથી, એમનું શોષણ થતું અટકાવી શકાવાનું નથી. આ પ્રજાની આર્થિક જરૂરિયાતો યોગ્ય રીતે પૂરી પડે, તેમણે ઉત્પન્ન કરેલા માલનું યોગ્ય વેચાણ થાય અને તેનો નફો તેમને મળે એ માટે એમણે જુદી જુદી સહકારી સંસ્થાઓ શરૂ કરી. આજે તો આપણે સહકારી ધોરણે ખેતી કરવાની હિમાયત કરવા સુધી પહોંચી ગયા છીએ ત્યારે શ્રી. ગાંધીની આજ દિશામાંની પ્રવૃત્તિ કેટલી સુયોગ્ય ઉપયોગી અને દ્દષ્ટિપૂર્ણ હતી તેનો ખ્યાલ આપણને આવશે.

જીવનને મહાન અને દ્દઢતાવાળું બનાવનારા શિસ્ત અને સંયમના ગુણો એમણે વિદ્યાર્થીઅવસ્થામાંથી જ કેળવ્યા હતા. વહેલા ઊઠવું, નિયમિત અભ્યાસ કરવો, અભ્યાસમાંથી સમય કહાડી મેદાની રમતો રમી શરીરસ્વાસ્થ્ય જાળવવું, સભાઓમાં જવું, ચર્ચાઓમાં ભાગ લેવો, સામાજિક પ્રવૃત્તિઓ તરફ ઉદાસીન ન બનતાં તેમાં ઊલટથી ભાગ લેવો વગેરે ટેવો એમણે નાનપણથી જ કેળવી હતી. સત્તર વર્ષની ઉંમરે લખેલી નોંધપોથીમાંથી આ બધું જાણવા મળે છે. આ ટેવોએ જ એમના વ્યક્તિત્વને સર્વાંગી બનાવ્યું.

શ્રી. ગાંધીએ જે યુગમાં પોતાનું કાર્ય આરંભ્યું તે યુગ મોટી રાજકીય પ્રવૃત્તિઓનો હતો. રાજકારણમાં પડવાથી મહત્તા મળે એમ હતું અને નેતૃત્વ મળે એમ પણ હતું. આ પ્રલોભનમાંથી બચવાને ઘણા સંયમની જરૂર હતી. રાજકીય પ્રવૃત્તિઓમાં પડ્યા વિના પણ લોકોપયોગી કાર્ય કરી દેશની સેવા થઈ શકે છે એમ શ્રી. ગાંધીએ પોતાનાં કાર્યોથી દર્શાવ્યું. એમની આ સેવાભાવનાને કારણે મોટામોટા રાજકીય નેતાઓ પણ એમના તરફ આદરથી જોતા હતા.

જૂના મહારથીઓ જાય છે અને તેમની જગ્યા પુરાતી નથી કારણ નવીનોમાં એવી તાલીમ નથી. જ્યાં ધગશ છે ત્યાં ધૈર્ય નથી, જ્યાં ધૈર્ય છે ત્યાં પુરુષાર્થ નથી અને જ્યાં પુરુષાર્થ છે ત્યાં નિષ્ઠા નથી, એટલે આ અવકાશ ખૂબ તીવ્ર બને છે. આ અવકાશ આજે તો સમગ્ર દેશની કક્ષાએ વરતાય છે. દેશના અનેક પ્રશ્નોની જેમ આ પ્રશ્ન ઉગ્ર બનતો જાય છે. રાષ્ટ્રીય પ્રશ્નને ધોરણે એનો વિચાર થશે તો અમુક પછી કોણ ? એવું પૂછવાનું રહેશે નહિ.

શ્રી. ચૂનીલાલ ગાંધી જેવા કાર્યરત અને જનહિતચિંતક વ્યકિતનું જીવનચરિત્ર ઊગતા નવયુવાનો સમક્ષ જીવનનો ઉત્તમ આદર્શ પૂરો પાડે છે. ચારિત્ર્યના ઉત્તમ ગુણો ખીલવી પોતે નક્કી કરેલા વ્યવસાયમાંથી સમય કાઢી લોકોપયોગી કામ કરી જીવનને સાર્થક બનાવી શકાય એ આ જીવનચરિત્રનું રહસ્ય છે. આટલી નાનકડી રૂપરેખામાંથી પણ એ અંકિત થાય છે. ગમે તેવા અધિકારીની શેહમાં અંજાયા વિના પોતાને જે ન્યાયી લાગે તે જ કરવું અને તે માટે સતત પ્રયત્નશીલ રહેવું એ એમનો જીવનમંત્ર હતો. આ મંત્રો જો આજના યુવાનો શીખે તો એમના જીવનનું વહેણ ઉપયોગી દિશામાં અવશ્ય વળી શકે.

કુંજવિહારી મહેતા



દી. બા. ચૂનીલાલ માણેકલાલ ગાંધી

બી. એ. એલએલ. બી. (એડવોકેટ). (ઓ. એસ.)

સ્થાપક અને ડીરેકટર ૧૯૦૯ થી ૧૯૪૪ અને
ચેરમેન ૧૯૧૭ થી ૧૯૪૫, પ્રથમ પ્રમુખ ૧૯૪૫

તા. ૧૪-૫-૧૯૫૬



ઍન્ક તરફે તૈલ ચિત્ર ખુલ્લું મૂકવાની વિધિ વખતનું ચિત્ર

તા. ૧૮-૧૦-૫૮

# [ ૧ ]

# રાંદેર, સૂરત અને તેનો સમાજ

"તાપી દક્ષિણ તટ સૂરત મુજ ધાયલ ભૂમિ
મને ઘણું અભિમાન, ભોંય તારી મેં ચૂમિ."—નર્મદ
"પ્રથમ વસ્તી કસબે રાંદેરે હશે હિંદુ મિતાહારી,
તાપી માતને પુણ્ય પ્રતાપે, સુખમાં વસતાં નરનારી."—મલબારી.

આ શબ્દોમાં બબ્બે કવિઓએ જે શહેરની પ્રશસ્તિ કરી છે તે શહેરનો અને તેની પ્રજાનો ઇતિહાસ અનોખી વિશિષ્ટતાવાળો છે. તાપીતટ પુરાણપ્રસિદ્ધ છે અને તાપીના ઉત્તરદક્ષિણ કિનારે આવેલાં રન્નાદે (રાંદેર), સૂરત અને અશ્વિનીકુમાર તો તીર્થધામ સમાં છે. આ જીવનકથાની શરૂઆત કરીએ એ પહેલાં જે કસબામાં શ્રી. ચૂનીલાલ ગાંધીનો જન્મ થયો અને જે શહેર અને સમાજમાં એમણે પ્રાથમિક કેળવણી પ્રાપ્ત કરી તેનો ઇતિહાસ જાણવો રસમય થઈ પડે એવો છે. સૂરત ખીલ્યું અને બંદર તરીકે જાણીતું થયું તે પહેલાં રાંદેર ગુજરાતના એક મહત્ત્વના બંદર તરીકે તથા સમૃદ્ધ શહેર તરીકે જાણીતું હતું. ઈ. સ. ૧૫૧૫ માં સૂરતમાં આવેલા એક ફિરંગી પ્રવાસીએ સૂરતને રાંદેર કરતાં ઊતરતી કક્ષાના બંદર તરીકે ઓળખાવ્યું હતું. એ પહેલાં ગુજરાતના પ્રથમ ઐતિહાસિક કાવ્યનું પદ પ્રાપ્ત કરનાર ઈ. સ. ૧૪૫૬ માં લખાયેલા 'કાન્હડદે પ્રબંધ'માં પણ સૂરત અને રાંદેરનો ઉલ્લેખ આવે છે.

असाउलि, धूलकुं खम्भायति, सूरति नइ रानेर । बीजां नगर केतलां कहीइ ? चम्पइ चांपानेर ॥

આ શહેરોની સંપત્તિ સુલતાનને હાથે લૂંટાઈ એમ કવિ પદ્મનાભ વર્ણવે છે. એ દર્શાવે છે કે પંદરમી સદીમાં રાંદેર અને સૂરત સમૃદ્ધ શહેર તરીકે જાણીતાં હતાં. પદ્મનાભ ઝાલોરનો વિસનગરા નાગર ન્યાતનો હતો. વળી પંદરમી સદીમાં લખાયેલા ફારસી ગ્રંથોમાં પણ રાંદેરના ઉલ્લેખો છે અને સૂરતના ઉલ્લેખો રાંદેર સાથે થયા છે એ દર્શાવે છે કે સૂરત કરતાં રાંદેર વધારે મહત્ત્વનું સ્થાન હોવું જોઈએ.

સૂરત જિલ્લો એની ફળદ્રુપતા અને અન્ય વનસ્પતિની સમૃદ્ધિને કારણે ઘણો મહત્ત્વનો છે. દક્ષિણમાં વલસાડ–પારડીના બાગાયતી પ્રદેશો આવેલા છે. પશ્ચિમ તરફ ઓરપાડ છે અને પૂર્વ તરફ માંડવીનો પ્રદેશ આવેલો છે. એને લાંબી દરિયાની પટી લાગેલી હોવાથી અર્વાચીન સમયમાં મુંબઈનો વિકાસ થયો એ પહેલાં આ દેશનો વેપાર પરદેશો સાથે સૂરતના બંદર દ્વારા થતો હતો. સૂરતની આસપાસ કીમ, તાપી, મીંઢોળા, પૂર્ણા, અંબિકા, ઔરંગા, પાર, કોલક જેવી ઘણી નાનીમોટી નદીઓ પૂર્વપશ્ચિમ વહે છે. એક જમાનામાં એ નદીઓએ પણ દરિયાઈ વેપારમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હશે. આ સ્થાનમાં દેશવિદેશ ખેડી નૌકાવ્યવહારમાં પ્રાવીણ્ય બતાવનારા ખલાસીઓ આજે પણ વસે છે. અને મોટાંમોટાં વહાણો પણ અહીં જ બંધાતાં. સૂરતનાં લોકગીતોમાં અને લગ્નગીતોમાં સિંહલદ્વીપથી મોતી મંગાવવાની અને લંકાથી સોનું મંગાવવાની ઘણી વાતો આવે છે અને તે પણ અહીંની વેપારી સમૃદ્ધિની સૂચક છે. સૂરત શહેરની આજુબાજુ આવેલા દરવાજા (ભાગોળ) નાં નામો જુદાંજુદાં શહેરો સાથેનો સૂરતનો વેપાર દર્શાવી જાય છે. આ બધી પ્રવૃત્તિઓને આગળ ધપાવતા સૂરતના લોકો સાહસી,

કાર્યદક્ષ, રસિક અને હોંશીલા હતા. સૂરત અને રાંદેરની સમૃદ્ધિ અને મોગલ સલ્તનતના પહેલા નંબરના બંદર તરીકે એની ખ્યાતિ સાંભળીને જ પોર્ટુગીઝ, વલંદા, ફ્રેન્ચ અને અંગ્રેજ વેપારીઓ પહેલવહેલાં સૂરતને બંદરે જ ઊતર્યા હતા.

રાંદેર વધારે પ્રાચીન શહેર હતું. રાંદેર શબ્દ 'રન્નાદે' ઉપરથી આવ્યો છે. રન્નાદે પુરાણોમાં સૂર્યની પત્નીનું નામ છે, અને આજે પણ સૂર્યપત્ની રન્નાદેનું સ્થાનક રાંદેરમાં આવેલું છે. પુરાણા સમયમાં રાંદેરમાં જૈનોની વસ્તી પણ સારા પ્રમાણમાં હોવી જોઈએ. અને એમનાં પૂજાનાં ઘણાં સ્થાનકો પણ રાંદેરમાં હતાં એમ આધારભૂત રીતે કહી શકાય એમ છે. ઐતિહાસિક માહિતીને આધારે એમ લાગે છે કે અગિયારમી સદીમાં રાંદેર લાટપ્રદેશનું એક મહત્ત્વનું બંદર હતું. આજ અરસામાં અરબસ્તાનમાંથી કેટલાક શિયાઓ ત્યાંના સુન્નીઓ સાથે ઝઘડો થવાથી આ તરફ આવ્યા અને રાંદેરમાં તેમણે પોતાનો મુકામ જમાવ્યો. રાંદેરમાં આવી ત્યાંના હિંદુ વતનીઓ ઉપર ઘણો જુલમ ગુજાર્યો અને પોતાની સત્તા ધીરેધીરે જમાવવા માંડી. છતાં લગભગ પંદરમી સદી સુધી તો રાંદેરના જૈનોએ પોતાની સમૃદ્ધિ ટકાવી રાખી હોવાનું લાગે છે. ઇ. સ. ૧૪૫૬માં 'કાન્હડદે પ્રબંધ'ના કર્તા પદ્મનાભે રાંદેરને એક સમૃદ્ધ શહેર તરીકે ઓળખાવ્યું છે. ત્યાર પછી લગભગ સોળમી સદીમાં પોર્ટુગીઓએ રાંદેરમાં આવી જુલમ ગુજાર્યો અને રાંદેરની પડતી થઈ. ત્યાર પછી થોડા સમય સુધી રાંદેર મધ્યમ કક્ષાનું બંદર બની રહ્યું, જો કે રાંદેરના વહોરાઓએ મોરેશિયસ, રંગુન, સીંગાપોર અને સિયામ જઈ તે તે પ્રદેશો સાથેનો પોતાનો વેપાર ટકાવી રાખ્યો હતો. ૧૮૭૭માં હોપપુલ બંધાતાં રાંદેર વિકસતા જતાં સૂરત શહેરના પરા જેવું બની રહ્યું. શ્રી. ચૂનીલાલ ગાંધીના જન્મ સમયે રાંદેરની વસ્તી દશ હજાર જેટલી હતી જેમાં આડત્રીસ ટકા જેટલા મુસલમાનો હતા.

ઓગણીસમી સદીના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ સંસ્કૃતિના મંથનકાળ સમા હતા. અંગ્રેજો વેપાર કરવાને અર્થે આવ્યા પણ ધીરેધીરે પોતાના વેપાર સાથે પોતાની સત્તા, સંસ્કૃતિ અને કેળવણીનો પણ પ્રસાર કરવા માંડયો. સૂરતમાં અંગ્રેજો પહેલાં આવ્યા અને તેથી સૂરતની પ્રજા અંગ્રેજી સંસ્કૃતિના સંપર્કમાં પણ વહેલી આવી.૧૮૩૩માં જન્મેલા કવિ નર્મદે અંગ્રેજી સંસ્કૃતિથી મોહિત થઈ ઉદ્દામવાદી સુધારાની ઘોષણા કરી. ઉતાવળિયા અને સાહસિક સ્વભાવવાળો નર્મદ પશ્ચિમી સુધારાનાં કેટલાંક અપલક્ષણો જોઈ શકયો નહિ પણ બુદ્ધિ પરિપકવ થતાં નર્મદે પોતાના વિચારો ફેરવ્યા અને સંસ્કૃતિના સંરક્ષણના કાળનો ઉદય થયો. નર્મદનું અવસાન થયું ત્યારે શ્રી. ચૂનીલાલ ગાંધી પંદર વર્ષના ઊગતા યુવાન હતા. દલપતરામ હજી જીવતા હતા અને ભારતના પ્રથમ સ્વાતંત્ર્યના યુદ્ધ તરીકે જેને ઓળખાવવામાં આવે છે તે બનાવને માંડ અઢી દાયકા જેટલો સમય વીત્યો હશે. ગુજરાતી સમાજ અને સાહિત્યને સંસ્કારી સમૃદ્ધ કરવાનું કાર્ય પુરજોશથી ચાલતું હતું. ગાંધીજી, આનંદશંકર ધ્રુવ અને બળવંતરાય ઠાકોરનો જન્મ ચૂનીલાલ ગાંધી કરતાં બે જ વર્ષ પહેલાં થયો હતો.

અરુણોદય પહેલાંનો અંધકાર પણ ગાઢો હોય છે તેમ આ સંસ્કાર–સેવકોએ પોતાના કાર્યનો આરંભ કર્યો તે પહેલાં ગુજરાતની પ્રજા વહેમ અને અજ્ઞાનના ગાઢા અંધકારમાં ઘેરાયલી હતી. મોટી રેલો અને મોટી આગોએ સૂરતની તારાજી કરી પ્રજાને ભયભીત બનાવી દીધી હતી. મ્યુનિસિપાલિટી પણ નહોતી અને પાકા રસ્તાઓનો પણ અભાવ હતો. દીવાસળી જેવી આજે ઘરગથ્થુ થઈ પડેલી વસ્તુથી પણ લોક અપરિચિત હતા. આગ અને રેલના ગમખ્વાર બનાવથી

લોકો જ્યાંત્યાં ભૂત અને ડાકણને ભાળતા. રાતના "આવો રામ, આવો રામ" અથવા "દૂધું છ હો, દૂધું છ હો"ના અવાજો સંભળાતા હોવાનું કહેતા, તો વળી કેટલાક 'સસલામાંથી કૂતરું' થઈ ગયેલું જોવાનું પણ કહેતા. 'કરણઘેલો'માં કેશવના મૃત્યુ પછી થયેલી પાટણની ખરાબીનું જે વર્ણન નંદશંકરે કર્યું છે તેમાં તે સમયના સૂરતની આગ અને રેલથી થયેલી ખરાબી અને ફેલાયેલા વહેમોનું પ્રતિબિંબ જણાય છે.

આવી તારાજીને કારણે ચોરીલૂંટનો ભય પણ ઘણો વધી ગયેલો અને શ્રીમંતોને ત્યાં દર ત્રીજે દિવસે જાસાચિઠ્ઠીઓ આવતી. 'ગંગુ ગળીઆરો' નામનો લૂંટારુ સૂરતનો રોબીનહૂડ ગણાતો. એ તવંગરોને લૂંટતો અને ગરીઓને નાણાં છૂટથી વહેંચતો. સૂરત બંદર હતું એટલે સૂરતની આવી સ્થિતિનો લાભ લઈ દરિયાઇ ચાંચિયાઓ પણ સૂરતને સતાવતા. 'ઘોઘરરાણો' ચાંચિયાઓનો સરદાર ગણાતો. એનો એટલો બધો ભય હતો કે સ્ત્રીઓ બાળકને સુવાડવા એના નામનાં હાલરડાં ગાતી :

"સુવો સુવો બાવારે ઘોઘર આવ્યા, ઢાંકણીએ ઢંકાતા આવ્યા;
સુપડીએ સંતાતા આવ્યા, વાંસ જેવડો ચોખો લાવ્યા.
ઘંટી જેવડી દાળ લાવ્યા; પૃથ્વીની પતરાવળ કીધી;
દરિયાનો તો દડિયો કીધો, સૌ મળીને જમવા બેઠા."

જ્યાં છીપાઓ રહેતા તે છીપવાડ કહેવાતી. છીપાઓ મોટા કારીગરો હતા અને આ ચાંચિયાઓ છીપાઓને લૂંટતા પણ વિશેષ એટલે આ છીપાઓએ "ઘોઘારાણા"ની પ્રતિમા કરીને સ્થાપી અને આજે પણ તે "ઘોઘારાણાની છીપવાડ" ના નામથી જાણીતી છે.

સૂરત–રાંદેરનો વેપાર દરિયાઈ માર્ગે ચાલતો. હજી રેલવે ગુજરાતમાં દાખલ થઈ નહોતી એટલે સૂરત–રાંદેરના ખલાસીઓ નારિયેળી પૂર્ણિમાનો તહેવાર બહુ ઉમંગપૂર્વક ઊજવતા. જેઠ મહિનાની શરૂઆત થતાં દરિયો તોફાની બનતો અને સઢ અને પવનથી ચાલતાં તે સમયનાં વહાણો તોફાની સમુદ્રમાં હંકારી શકાતાં નહિ એટલે સૂરતની પ્રજાનો સાગરી વેપાર બંધ થતો અને વહાણો બારામાં નાંગરી દેવામાં આવતાં. આષાઢની હેલીઓ પૂરી થયે અને શ્રાવણ અડધો નમ્યે સમુદ્ર શાંત થતાં આ ખલાસીઓ શ્રાવણ સુદ પૂર્ણિમાને દિવસે તાપી નદીની વિધિસર પૂજા કરતા, તેને ફૂલનાળિયેર ચડાવતા અને પોતાના સાગરી વેપારની શુભ શુકન કરી શરૂઆત કરતા. આજે પણ આ વિધિના અવશેષ રૂપ નદીની પૂજા અને નદીમાં શ્રાવણ સુદ પૂર્ણિમાને દિવસે સહેલ કરવાનો લોકાચાર જણાય છે. તાપીકિનારે એ દિવસે આજે પણ મેળો ભરાય છે.

ઈંગ્રેજી સરકારે ૧૮૨૬ માં પહેલવહેલી પ્રાથમિક શાળાની શરૂઆત કરી તે પહેલાં ગામઠી નિશાળો ચાલતી. આ નિશાળો મોટે ભાગે બ્રાહ્મણો ચલાવતા અને दशवर्षाणि ताडयेत्‌નો નિયમ અમલમાં મૂકતા. પાટી ઉપર ધૂળ પાથરી તે ઉપર આંક અને અક્ષરના શિક્ષણનો આરંભ કરવામાં આવતો. છોકરો પાંચેક વર્ષનો થાય એટલે મુંડન કરાવી ઘોડે ચઢાવી વાજતેગાજતે તેને નિશાળે મૂકવામાં આવતો. તે દિવસ બધા વિદ્યાર્થીઓ માટે આનંદનો ગણાતો અને વિદ્યાર્થીઓને મીઠાઈ તથા મહેતાજીને પામરી મળતી. દરેક નિશાળમાં એક વડો નિશાળિયો હતો અને તે લગભગ ઉપશિક્ષકનું કામ પણ કરતો. કેટલાક શિક્ષકો ઘણા હોંશિયાર હતા અને ગણિત જેવો વિષય પારંગતતાથી શીખવતા. ઇ. સ. ૧૮૪૦ માં 'બોર્ડ ઑફ એજ્યુકેશન' સ્થપાયું અને ઇ. સ. ૧૮૪૨માં પહેલી અંગ્રેજી શાળા શરૂ થઈ ત્યાં સુધી લગભગ આવી સ્થિતિ હતી. ત્યાર પછી ગ્રીન અને

ગ્રેહામ જેવા વિદ્વાન શિક્ષકોએ આવી શિક્ષણપદ્ધતિમાં ફેરફાર કર્યો. ગામઠી શાળાઓ તો ત્યાર પછી ઘણા લાંબા સમય સુધી અસ્તિત્વમાં રહી હતી. આ સમય દરમ્યાન સંસ્કૃત કરતાં ફારસીનો પ્રચાર ઘણો હતો અને એની ઘેલછા એટલે સુધીની હતી કે કેટલાંક કાયસ્થનાગર કુટુંબોમાં ‘સાહેબરાય’ ‘મિજલસરાય’ એવાં નામો પણ રખાતાં થયાં હતાં.

સૂરતની પ્રજા ખાવાપીવામાં શોખીન ગણાતી. કવિ નાનાલાલે સૂરતમાં સ્ત્રીઓની સભામાં પ્રવચન કરતાં સૂરતની નારીઓને ‘યોજનગન્ધા’ ના વિશેષણથી બિરદાવી હતી. યોજનગન્ધા એટલે જેમની રસોઈની સુગંધ યોજન સુધી પહોંચે છે તે. લગ્નના, સીમંતના અને મૃત્યુના પ્રસંગોએ મોટામોટા ન્યાતવરાઓ થતા. પ્રેતભોજનમાં પણ લોકો તીવ્ર રસ લેતા અને ટોળે મળી આનંદથી જમવા જતા. શાક મેળવવું, રસોઈ પીરસવી એ પણ એક કલા ગણાતી અને એ કલાઓમાં પણ સ્પર્ધા થતી. ન્યાતવરાઓમાં વધારે ખર્ચો કરનારાઓ ખર્ચ કરવામાં પોતાની મોટાઇ માનતા. પરિણામે આવાં કાર્યો કરવામાં મધ્યમ કુટુંબના માણસો દેવામાં પણ ડૂબતા જતા હતા. ‘આતમારામ ભૂખણવાળા’, ‘ચકાવાળા’ અને ‘ભંસાળીવાળા’ મોટા સાવકાર અને શરાફો હતા. ‘કોઇ દિન ગાડી, કોઇ દિન ઘોડા ને કોઈ દિન પાઉંસે ચલના’વાળી કહેવત સૂરતની રંગીલી પ્રજા તે સમયમાં બરાબર જીવનમાં ચરિતાર્થ કરી બતાવતી હતી.

મકરસંક્રાન્ત અને હોળીના ઉત્સવો સૂરતના ખાસ વિશિષ્ટ ઉત્સવો ગણાતા. આબાલવૃદ્ધ સૌ આ ઉત્સવોની રંગત માણવા દિવસોથી એની વાટ જોઈ તત્પર રહેતા. દીવાળીનો તહેવાર પણ મોટી ધામધૂમથી ઊજવાતો. સ્ત્રીઓ સારા સાથિયા પૂરતી. સાથિયાઓ માટે પણ અંદરોઅંદર સ્પર્ધા થતી. સ્ત્રીઓ સારાં લૂગડાં–ઘરેણાં પહેરી આ દીવાળીના દિવસો મહાલતી. એ સમયની સ્ત્રીઓ શરીરે કદાવર હતી. મધ્યમવર્ગનાં કુટુંબોમાં ભાગ્યે જ ઘરનોકર રાખવામાં આવતો. કૂવા–ટાંકામાંથી પાણી કાઢવું, ઘર સ્વચ્છ રાખવું, છોકરાંઓને સંભાળવાં, રાંધવું એવું બધું કામ સ્ત્રીઓ પોતાને હાથે જ કરતી. સ્ત્રીઓને આ કાર્યોમાં સારી કસરત મળી રહેતી અને તેથી તેમની તંદુરસ્તી પણ જળવાઈ રહેતી.

શ્રી. ચૂનીલાલ ગાંધીના જન્મ પહેલાં સૂરતનું સમાજજીવન કંઇક આવું હતું. નવીન કેળવણીનો પ્રસાર ધીરેધીરે થતો જતો હતો. વહેમ અને અજ્ઞાનનાં વાદળ વિખેરાતાં જતાં હતાં અને નવા પ્રકાશની લહાણ પ્રજાચક્ષુ માણતાં થયાં હતાં. જીવન સુસ્થિર અને વ્યવસ્થિત બનતું જતું હતું.[1]

---

૧. આ પ્રકરણ માટે “સૂરત સોનાની મૂરત” અને “નંદશંકર જીવનચરિત્ર” સંદર્ભ પુસ્તકો તરીકે ઉપયોગમાં લેવાયાં છે.

# [ ૨ ]

## જન્મ, બચપણ અને કેળવણી

## ( ૧૮૭૧ - ૧૮૯૦ )

### ( ૧ )

સૂરત શહેરની ઉત્તરે આશરે ત્રણેક માઇલ દૂર તાપી નદીને કિનારે રાંદેર આવેલુ છે. ઠેઠ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સમયથી આ નાનકડો કસબો વેપાર રોજગારમાં પ્રસિદ્ધ હતો. એની વસ્તી આશરે વીસેક હજારની હતી અને તેમાં હિન્દુ, જૈન, મુસ્લિમ, પારસી એમ બધી કોમનાં લોક વસતાં. એ સમયે પાસે જ આવેલું સૂરત ચોર્યાસી બંદરનો વાવટો ગણાતું. દેશપરદેશથી આવતાં અને દેશપરદેશમાં જતા માલની ચઢઊતર આ બંદરથી થતી. એ વખતના ગુજરાતનાં મોટાં બંદરોમાંનું સૂરત એક હોવાથી વહાણવટાનો ધંધો પણ મુખ્ય ગણાતો. વહાણવટાના ધંધા માટે રાંદેરના મુસ્લિમ તેમજ હિન્દુ ખારવાઓ નિપુણ હતા. આજે પણ રાંદેરમાં વસતા ખારવાઓ હિંદના વહાણવટામાં આગળ પડતો ભાગ લે છે. બ્રાહ્મણો ખાનગી નોકરી કરતા અને વૈદકનો ધંધો પણ કરતા. વાણીઆઓ વેપાર કરતા અને એમાંના થોડાક ધંધાર્થે મુંબઈ જઇને પણ વસ્યા હતા.

આ રાંદેરમાં ચૂનીલાલ માણેકલાલ ગાંધીનો જન્મ સંવત ૧૯૨૭ માં શ્રાવણ વદ પંચમીએ (ઈ. સ. ૧૮૭૧ ના ઑગસ્ટની પાંચમી તારીખે) નિશાળ ફળિયામાં થયો હતો. એમનું કુટુંબ પ્રતિષ્ઠિત અને મધ્યમવર્ગનું હતું. એમના દાદા હરિવલ્લભ નાનાભાઈ એ જમાનામાં સાધનસંપન્ન હોવા જોઇએ. એમણે રાંદેરની મોઢવણિક કોમમાં રામચંદ્રજીના જન્મની છઠીએ ચૈત્ર સુદ ચૌદશે – ન્યાતિના લોકો જમે તે સારુ રૂ. ૧૫૦ ) આપ્યા હતા. ભોજન અંગેનું નિયંત્રણ આવ્યું ત્યાં સુધી એ ફંડમાંથી ન્યાત દર વર્ષે જમતી. એમના અવસાન સમયે એમણે રાંદેરના નિશાળ ફળિયામાં આવેલાં બે મકાનો પોતાના ચાર દીકરાઓને વારસામાં આપ્યાં હતાં.

ચૂનીલાલ ગાંધીનો જન્મ મોઢવણિક ન્યાતમાં થયો હતો. આ ન્યાત ડહાપણ અને ચતુરાઈ માટે ગુજરાતમાં જાણીતી છે. એ ન્યાતની ઘણી વ્યક્તિઓએ જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં નામના મેળવી છે. મહાત્મા ગાંધી, સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસ, સર ચૂનીલાલ મહેતા અને ન્યાયમૂર્તિ હરિલાલ કણિયા જેવી નામાંકિત વ્યક્તિઓ આ ન્યાતમાં જન્મી છે. આ હકીકત સંસ્કારમાં આવતાં બુદ્ધિશક્તિ અને લોકસેવાની વૃત્તિનાં લક્ષણોની કંઇક સૂચક ગણાય.

ચૂનીલાલના પિતા માણેકલાલ હરિવલ્લભદાસ વૈદું કરતા અને તે અંગે ગાંધીની દુકાન પણ ચલાવતા. સારા વૈદ તરીકે એમની પ્રતિષ્ઠા હતી. એમની નામના જાણી દીનશા પિટિટ કુટુંબની એક સ્ત્રી સિંગણપોરના એક પારસી કુટુંબમાં એમની દવા કરવા આવીને રહી હતી. શાસ્ત્રીય રીતે એમણે વૈદકનો અભ્યાસ કર્યો નહોતો, પણ કુટુંબમાં વૈદકશાસ્ત્રના જૂના ગ્રંથો હતા તેનો તેમણે સારો ઉપયોગ કર્યો હશે.

માણેકલાલ ગાંધીના નાના ભાઈ વજુભાઈ ગાંધી રાંદેરની શાળામાં મુખ્ય શિક્ષક તરીકે રૂ. ૧૧ ) ના પગારથી જોડાયા હતા. કવિ નર્મદ પણ આ જ શાળાના મુખ્ય શિક્ષક થયા હતા,

પણ વજુભાઈ નર્મદના પુરોગામી કે અનુગામી હતા તે જાણવામાં નથી. પાછળથી વજુભાઇની બદલી પાસે આવેલા અડાજણ ગામમાં થઈ હતી. ત્રીસ વર્ષ નોકરી કરીને એ જ શાળામાંથી તેઓ ૧૮૯૧–૯૨ માં નિવૃત્ત થયા હતા. શિક્ષણના ધંધાની સાથેસાથ ગરીબોને દવા આપવાનું કામ પણ વજુભાઈ કરતા.

ચૂનીલાલનાં માતા લલિતાબહેન સૂરતના કલ્યાણદાસ કહાનદાસનાં પુત્રી હતાં. લલિતાબહેનનો સ્વભાવ ખૂબ માયાળુ હતો. ચૂનીલાલ ગાંધી એમનાં માતપિતાના છઠ્ઠા બાળક હતા. એમનો એક મોટો ભાઈ નાનપણમાં જ ગુજરી ગયો હતો. એ પછી ચાર મોટી બહેનો હતી. મોટી ઉંમરે આવેલા પુત્રના જન્મનો અવસર કુટુંબમાં આનંદથી ઊજવાયો. લલિતાબહેન જૂના જમાનાની આદર્શ નારી હતાં. ઘરનું કામ ખૂબ ખંતપૂર્વક કરતાં અને એમાં નોકરચાકરની મદદ લેતાં નહીં. કામકાજમાંથી ફાજલ રહેતા સમયમાં બ્રહ્મદેશ આદિ દેશોમાં મોકલાતી લુંગીઓ ઉપર ભરત ભરતાં અને એમ થોડી સ્વતંત્ર કમાણી કરતાં. એ કમાણીમાંથી પોતાની તેમજ પોતાની પુત્રીઓની નાની નાની જરૂરિયાતો તેઓ પૂરી પાડતાં. પાછલી ઉંમરે જન્મેલા પુત્ર ઉપર એમને અપાર વહાલ હતું. ખાસ ભણેલાં નહીં, છતાં બાળકોનાં ભણતર અને સ્વાસ્થ્ય માટે ખૂબ કાળજી રાખતાં. નહાવુંધોવું, પહેરવુંઓઢવું, ખાવુંપીવું, હરવુંફરવું–એ સર્વે બાબતમાં ઝીણી નજર રાખતાં. દીવાન બહાદુર ચૂનીલાલ ગાંધીનું એંશીબ્યાસી વર્ષની ઉંમરે પણ વિસ્મયજનક સ્વાસ્થ્ય અને કૌશલ જણાતું તે કંઈક અંશે માતાની કાળજીનું પરિણામ ગણી શકાય. વ્યવસ્થા અને નિયમન બાબત લલિતાબહેન બહુ આગ્રહી હતાં. પુત્રને પણ એ ગુણ વારસામાં મળેલો આપણે જોઇએ છીએ. ચૂનીલાલ ગાંધીના જીવનઘડતરમાં પિતા કરતાં માતા તથા બહેનો અને શિક્ષક–કાકાની અસર મોટા પ્રમાણમાં દેખાય છે. આ બધાંની ખંત, કાળજી અને સ્નેહપૂર્ણ પ્રેરણાએ તેમના ભાવિ વિકાસનો પાયો નાંખ્યો. મોસાળમાં અને પિતાના કુટુંબમાં ધંધો મુખ્યત્વે વેપાર હતો, પણ સાથે ન્યાતિસેવાની વૃત્તિ હતી. વૈદકના ધંધા સાથે જ્ઞાનની રુચિ હોય અને કાકા તો શિક્ષક હતા જ, તેથી ગાંધીના સ્વભાવમાં વણિકની સૂઝ અને શાણપણ તથા બ્રાહ્મણનાં કેળવણી માટે આદર અને ઉત્કંઠા ઊતર્યાં એમ કહી શકાય.

શ્રી ચૂનીલાલ ગાંધીના પ્રાથમિક-શિક્ષણની શરૂઆત એમની પાંચ વર્ષની ઉંમરથી થાય છે. એ સમયે બે પ્રકારની નિશાળો ચાલતી. એક સરકારી નિશાળો અને બીજી મહેતાજીની ખાનગી–ગામઠી–નિશાળો. ખાનગી નિશાળો મોટે ભાગે બ્રાહ્મણો ચલાવતા. અત્યારના જમાનાનાં સ્લેટપેન એ વખતે નહોતાં. પાટિયા ઉપર ધૂળ પાથરી તેમાં અક્ષરો લખી અક્ષરજ્ઞાન આપવામાં આવતું. બ્રાહ્મણ મહેતાજીને રોકડ રકમ મહેનતાણામાં આપવામાં આવતી નહીં. મહેતાજીને સીધું મળતું અને હોળી, બળેવ, મકરસંક્રાન્તિ કે વિદ્યાર્થીની વરસગાંઠને દિવસે કંઈક આપવામાં આવતું. ઉત્સવના પ્રસંગોએ વિદ્યાર્થીઓને પુરાણોમાંથી કથાઓ કહેવામાં આવતી. મેળાઓ જોવા કે મંદિરોમાં દર્શન કરવા વિદ્યાર્થીઓને લઈ જવામાં આવતા. ચૂનીલાલ ગાંધીને શરૂઆતમાં ફળિયામાં ત્રણેક ઘરને છેટે આવેલી આવી ગામઠી શાળામાં દાખલ કરવામાં આવ્યા. શાળાને લીધે જ ફળિયાનું નામ નિશાળફળિયું પડયું હતું. અને આજે પણ એ જ નામથી ઓળખાય છે. શ્રી નરભેરામ ભટ્ટ જેઓ નિવૃત્ત મામલતદાર હતા તે એમના સહવિદ્યાર્થી હતા. શ્રી ગાંધી માટે તેઓ કહે છે, "મૂળાક્ષર અને આંકના પાડા ગ્રહણ કરવામાં એ ઘણા હોંશિયાર હતા. બીજા વિદ્યાર્થીઓને આ આવડતાં વાર લાગતી. કેટલાકને માસ્તરની નેતરની સોટી ખાવી

પડતી કે પગના અંગૂઠા પકડી ઊભા રહેવું પડતું.” ગાંધીના શિક્ષક એક વિદ્વાન શિક્ષક તરીકે જાણીતા હતા. પ્રાથમિક શિક્ષણમાં એમનાં બહેનોએ પણ એમને ખૂબ સહાયતા કરેલી. નિશાળમાં ચાલેલા અભ્યાસ વિષે બહેનો પ્રશ્નો પૂછતી, અભ્યાસનું પુનરાવર્તન કરાવતી અને એ રીતે મદદ કરતી. સાત વર્ષની ઉંમર સુધી આ પ્રમાણે જૂની પદ્ધતિએ અભ્યાસ ચાલ્યો. ત્યાર પછી ચૂનીલાલને તાપીકિનારે આવેલી સરકારી શાળામાં મોકલવામાં આવ્યા અને ત્યાં જ એમણે સાત ચોપડી સુધીનો અભ્યાસ પૂરો કર્યો. આ નિશાળમાં હોશિયાર વિદ્યાર્થી તરીકે તેમની ગણતરી થતી. શિક્ષકો એમના પ્રત્યે વાત્સલ્યથી જોતા. એમની બુદ્ધિશક્તિ અને સ્મરણશક્તિ આ બધા જ શિક્ષકોને તીવ્ર જણાએલી. ચૂનીલાલ હંમેશાં વિનમ્ર અને આજ્ઞાપાલક રહેતા. પ્રમાણિકતા, આત્મનિયમન અને વ્યવસ્થાપાલન જેવા ચારિત્રના ઉમદા ગુણોની કેળવણી અહીંથી જ શરૂ થઈ, અને એ ગુણો જિંદગીપર્યંત ચાલુ રહ્યા.

૧૮૮૧માં રાંદેરમાં ઘરની સામે આવેલી અંગ્રેજી શાળામાં એમને દાખલ કર્યાં. ત્રણ વર્ષ એમણે આ શાળામાં અભ્યાસ કર્યો, સામાન્ય રીતે તો ગુજરાતી ચાર ચોપડી પૂરી કર્યા પછી તરત જ એમને અંગ્રેજી શાળામાં મોકલવામાં આવ્યા હોત, પણ નાની ઉંમરને કારણે એમનાં વહાલસોયાં માતપિતાનો જીવ એમને સૂરત જેટલે દૂર મોકલતાં ચાલ્યો નહીં. ૧૮૮૧માં રાંદેરમાં અંગ્રેજી શાળા શરૂ થતાં એમને એમાં દાખલ કરવામાં આવ્યા. એ સમયમાં શાળાની ફી બહુ સાધારણ હતી. સરકારને મહેસૂલ આપતા કુટુંબમાંથી એ આવતા હોવાથી ગુજરાતી શાળામાં માસિક માત્ર એક આનાની અને અંગ્રેજી શાળામાં માસિક માત્ર આઠ આનાની ફી આપવી પડતી.

૧૮૮૪માં સૂરતમાં આવેલી સોરાબજી જીજીભાઈ સરકારી શાળામાં ધોરણ ચોથામાં એ દાખલ થયા. એમના શિક્ષકોએ એમને માટે સારું ભવિષ્ય ભાખ્યું હોવા છતાં અહીં શરૂઆતમાં તેઓ કશી પ્રગતિ દર્શાવી શકયા નહીં. ઊલટું એમનામાં ચંચળતા વધી અને વર્ગના અભ્યાસમાં બરાબર ધ્યાન નહિ આપવાને કારણે એમને શિક્ષા પણ થતી. એમ છતાં એક શિક્ષકના સંસ્કાર એમના ઉપર બહુ સારા પડયા. એ સમયમાં શિક્ષકો વિદ્યાર્થીઓ ઉપર અંગત ધ્યાન આપતા. વિદ્યાર્થીઓની સારીનરસી ટેવો વિશે તેમને ટોકતા, અભ્યાસ વિશે કાળજી રાખતા અને જો વિદ્યાર્થી બેદરકાર રહે તો આકરી શિક્ષા પણ કરતા. આજે શિક્ષા કદાચ જતી રહી હશે પણ તે સાથે શિક્ષકોનો અંગત રસ પણ જતો રહ્યો છે. વિદ્યાવ્યાસંગને કારણે શિક્ષણના ક્ષેત્રમાં આજે ભાગ્યે જ કોઇ આવે છે. નગીનદાસ લક્ષ્મીદાસ દલાલ આદર્શ શિક્ષક હતા. નાનીનાની બાબતોમાં પણ ચોકસાઈ રાખવાની ટેવ ઉપર વિદ્યાર્થીઓ આગળ તેઓ ખૂબ ભાર મૂકતા. ઘેરથી કરી આણેલું લેસન, એમના અક્ષર તેઓ બારીકાઈથી તપાસતા. કેટલી અને કેવી શાહી વાપરવી અને કયું અણિયું વાપરવું તેની પણ તેઓ સૂચના આપતા અને તેનો અમલ કરાવતા. નાની સરખી ભૂલ પણ તેઓ જતી કરતા નહિ. હેડમાસ્તર પણ અંગ્રેજીનો શુદ્ધ અભ્યાસ કરાવવામાં ખૂબ મહેનત લેતા અને કાળજી રાખતા.

નવાનવા શહેરી જીવનથી પ્રેરાયેલી ચંચળતા ધીમે ધીમે ઓછી થઈ. અભ્યાસ સારો થવા માંડયો, અને ચોથા ધોરણની પરીક્ષામાં ગાંધી પહેલે નંબરે પાસ થયા. આથી એમના વિદ્યાર્થીઓના વર્ગમાં અને શિક્ષક-વર્ગમાં ગાંધી જાણીતા થયા અને એક શિષ્યવૃત્તિ પણ મળી. આ સફળતાથી વિદ્યાર્થી ગાંધીને પોતાનામાં છૂપી રહેલી શક્તિનું ભાન થયું અને વિદ્યાર્થી તરીકે ઝળકવા માટે વધુ મહેનત કરવા તેમને પ્રોત્સાહન પણ મળ્યું.

હવે એમણે વધારે ખંતથી વાંચવા માંડયું. સામાન્ય જ્ઞાનની વૃદ્ધિ માટે અભ્યાસક્રમની બહારનાં પુસ્તકો એમણે વાંચ્યાં. અંકગણિત અને બીજગણિતના હજારો દાખલા ગણ્યા. ભૂમિતિમાં પણ પોતાની મેળે ઘણું કામ કર્યું. એમનો અભ્યાસ એકાંગી નહોતો. કવિતા, ઇતિહાસ અને ભૂગોળના વિષયોમાં પણ એ એકસરખો રસ દર્શાવતા. અંગ્રેજી પાંચમા અને છઠ્ઠા ધોરણમાં પણ એમને ચોથા ધોરણ જેવી જ સફળતા પ્રાપ્ત થઈ. અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં સંસ્કૃતમાં પહેલે નંબરે આવ્યા તેથી તેમને તાપીદાસ તુલસીદાસ શિષ્યવૃત્તિ મળી. અભ્યાસની સાથે શાળાની ચર્ચાસભાઓમાં પણ એ આગળ પડતો ભાગ લેતા. એમની ભાષણ કરવાની રીત આકર્ષક અને એમની દલીલો સચોટ તેથી તેમના બોલવાની છાપ હંમેશ સારી પડતી.

શાળામાં આગળ પડયા તેથી સ્વાભાવિક રીતે યુનિવર્સિટીની પરીક્ષામાં પણ ઉજ્જવળ સફળતા પ્રાપ્ત કરવાનો મનોરથ તેમણે સેવ્યો. પણ એમાં એમને પ્રથમ તો સફળતા મળવાને બદલે આઘાત મળ્યો. બરાબર તૈયારી કરી ૧૮૮૯ માં મેટ્રિકની પરીક્ષા આપી. પણ શાળાનો આ પ્રથમ વિદ્યાર્થી નાપાસ થયો. એમના લખાણમાં કચાશ હશે? ગરબડ અને ભૂલો હશે? પેપરો તપાસવાની રીતિમાં જ કશી વિચિત્રતા કે ગોટાળો હશે? ગમે તેમ હોય, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ગાંધીની નિષ્ફળતાથી ખેદ અને આશ્ચર્ય થયાં.

આ બધા શિક્ષકો તેમના પ્રત્યે માયામમતા રાખતા હતા. પારસી હેડમાસ્તર શ્રી. પટેલે યુનિવર્સિટીને પત્ર લખી એમના માર્ક પુછાવ્યા. યુનિવર્સિટીએ જણાવ્યું, 'ગાંધી અંગ્રેજીમાં નાપાસ થયા છે.' અંગ્રેજીમાં નાપાસ એટલે નાપાસ. એના બીજા પેપરો તપાસવાના જ નહિ એવો તે સમયે રવૈયો હતો.

આ નિષ્ફળતા આશીર્વાદરૂપ થઈ પડી. એમણે હવે અંગ્રેજીભાષા ઉપર પ્રભુત્વ મેળવવા ભગીરથ પ્રયત્નો આદર્યા. ઉચ્ચાર, જોડણી, વાકયવિન્યાસ, રૂઢપ્રયોગો, વિરામચિહ્ન વગેરેનો તેમણે ચોકસાઈપૂર્વક અભ્યાસ કર્યો. જરા જેટલી શંકા થતાં એ કોશ ઉથલાવતા. અંગ્રેજી માફક સંસ્કૃતભાષા ઉપર પણ કાબૂ મેળવવા એમણે પ્રયત્ન કર્યો. સંસ્કૃતસાહિત્યનાં મહાકાવ્યોની સાથે 'લઘુકૌમુદી' અને 'અમરકોશ' જેવા અઘરા ગ્રંથોનો અભ્યાસ મોટા મંદિરના બાલશાસ્ત્રી પાસે શરૂ કર્યો. સંસ્કૃતના જ્ઞાનનો તેમને એવો વિશ્વાસ બેઠો કે વિદ્યાર્થી અવસ્થામાં જ ગુસ્તાદજી કે. નરીમાન નામના પારસી વિદ્યાર્થીને સંસ્કૃત ભણાવ્યું. આ મહેનતનું પરિણામ શુભ આવ્યું. બીજે વર્ષે મેટ્રિકની પરીક્ષા પાસ કરી અને યુનિવર્સિટીમાં ચૌદમે નંબરે આવ્યા.

એ યુગને આજના યુગ સાથે આપણે સરખાવીએ છીએ ત્યારે આપણને કેટલો આસમાનજમીનનો ફેર જણાય છે! છઠ્ઠા ધોરણ સુધી ઉપલો નંબર રાખનાર ગાંધી મેટ્રિકમાં નાપાસ થાય છે અને જીવનમાં નિષ્ફળતાનો પ્રથમ આઘાત અનુભવે છે. પણ એ આઘાતમાંથી જ શ્રદ્ધા અને પ્રેરણા મેળવી વધારે ચોકસાઈથી પોતાનો અભ્યાસ આદરે છે. આજે તો સાધારણ વિદ્યાર્થી પણ સહેલાઈથી પાસ થાય છે. આજે મેટ્રિકની પરીક્ષામાં અંગ્રેજીમાં વિદ્યાર્થીઓ સાઠ અને સિત્તેર જેટલા ગુણ બહુ સહેલાઈથી મેળવે છે અને છતાં એક અંગ્રેજી વાકય ખરું લખી શકતા નથી. આપણી પ્રગતિનું માપ કાઢવા જેવું છે. ૧૮૮૯ થી ૧૯૫૯ સુધીનાં સિત્તેર વર્ષના ગાળામાં આપણી કેળવણીએ ગુણવત્તામાં કેટલી પ્રગતિ કરી! આપણે કેળવણી પદ્ધતિ અને પરીક્ષાપદ્ધતિને દોષ દેવામાંથી પરવારતા નથી. શ્રી. ગાંધી પણ આવી જ

પરીક્ષાપદ્ધતિનું ફળ હતા. દોષ કેળવણીપદ્ધતિ કરતાં તો વધારે બીજા કશાનો છે. અંગ્રેજીમાં નાપાસ થતાં બધા જ વિષયોમાં નાપાસ જાહેર કરવામાં આવતો વિદ્યાર્થી બીજે વર્ષે યુનિવર્સિટીની એ જ પરીક્ષામાં ચૌદમો નંબર મેળવે એ જીવનપ્રગતિનું સૂચક છે.

૧૮૮૯ના વર્ષ દરમ્યાન એમણે રાખેલી નોંધપોથીમાંથી એમના રોજિંદા જીવનની કાર્યવાહીની રૂપરેખા મળે છે. આ ડાયરી એમણે અંગ્રેજીમાં લખી છે.

**Saturday, 27-1-89**

Got up at 6-45. Read news-papers and history. From 1 - 3½. The whole of the time was passed in playing cricket and in the meeting which was not held.

**2nd Feburary, 1889**

Got up at 6-30. Read 'Daskumarcharit'. Wrote one exercise. Wrote essay on 'Employment is the salt of life.' 3 p. m. went to the meeting which was not held on account of no member being present. 3-4 Read 'Treasury of English Proverbs'. 4-6 acted as a scoreman. 6-7-30 Rest. 7-30 to 10-30 Read Cowper.

**22-2-1889**

Got up at 5 to 15. Read 'History of England' from 5 to 5-30. 'Hints on the studies of English,' from 5-30 to 6. 'Shishupalvadh' from 6-7. 8-15 to 8-30 'Dashkumarcharit.' 8-30 to 9 'Kumar-sambhav.' Learnt and wrote out fairly my part of king's love from 'Uttarramcharitra' to recite at the exhibition till 9-30 p. m. and read History from 6-30 to 10-30.

**Monday 18-3-89**

'Amarkosh' from 6-30 to 7-30. Idioms for grammar from 7-30 to 8-30. 5 chapters of the novel, 'What is to be will be' from 8-30 to 9-30. Bathing from 9-30 to 9-50. 'Bharatchampu' completed. From 9-50 reading the novel to 10. 11-30 to 12-45 Writing letters to Dahyabhai Ghelabhai. From 12-45 to 1-15 Wonders of Science, from 1-15 to 2-15 one chapter. Arithmetic 2-15 to 3. From 3 to 7-45 did nothing except attending the meeting. 'Shishulpalvadh from 7-45 to 8-45. Some time being spent in seeing the holi procession. 8-45 to 9-55 'Vanity fair' one chapter more. Chemistry from 9-55 to 10-15.

**W. 20-3-89**

Meghaduta. Mechanics,

21/22/23 passed at Surat at Mr. B. R. Patel's marriage and caste-dinners.

શ્રી. ચૂનીલાલ ગાંધીએ રાખેલી આ નોંધપોથી ઉપરથી એમના અભ્યાસની કાળજી અને ચિવટનો ખ્યાલ આવે છે. કેવળ અભ્યાસ જ નહિ પણ ક્રિકેટ જેવી રમત રમવાનો અને સભાઓમાં હાજરી આપવાનો પણ એમને શોખ હતો તે પણ આ નોંધ ઉપરથી જણાઈ આવે છે. હજી તો મેટ્રિકની પરીક્ષા પાસ કરી શાળા છોડી નહોતી તે દરમ્યાન પણ એમણે આજે ઇન્ટર-બી. એ.માં ચાલતા ગ્રંથો વાંચ્યા હતા.

'શિશુપાલવધ' તો આજે એમ. એ.ના વિદ્યાર્થીઓને પણ અઘરો પડે એવો ગ્રંથ છે. 'મેઘદૂત', 'કુમારસંભવ', 'દશકુમારચરિત', 'ઉત્તરરામચરિત', 'અમરકોશ' અને 'ભરતચમ્પૂ'; 'વેનિટિફેર', 'જહોન ગિલ્પિન', 'ટ્રેઝરી ઑફ ઇંગ્લિશ પ્રોવર્બ્સ', 'વન્ડર્સ ઑફ સાયન્સ' અને 'નેચરલ ફિલોસોફી' જેવાં પુસ્તકો આજનો કૉલેજમાં ભણતો વિદ્યાર્થી પણ ભાગ્યે જ વાંચતો હશે. આ ગ્રંથો જ વિદ્યાની એ યુગની અને આજની કક્ષાનું માપ કાઢવા માટેનું પૂરતું પ્રમાણ છે.

વાંચવાનો આ શોખ તો એમના જીવનપર્યંત ચાલુ રહ્યો હતો. જ્યારે આંખે બરાબર નહોતું દેખાતું ત્યારે પણ એ બીજા પાસે વંચાવતા. પોતાના મૃત્યુના બરાબર ત્રણ મહિના પહેલાં ચૌદમી ફેબ્રુઆરી ૧૯૫૬ ને દિવસે હરિપુરા હાઈસ્કૂલના હેડમાસ્તર શ્રી. મોહનલાલ મોદીને લખેલો આ પત્ર એનો સબળ પુરાવો છે:

Surat
14th February, 1956.

*My Dear Mr. Mohanlal Modi,*

As I am unable to read without great difficulty I am anxious to engage a reader. I would like to have a man with loud, full voice. I shall prefer a retired Secondary School Teacher. I do not mind whether he being a graduate or an under-graduate, but must be a man interested in reading. The question of his remuneration will be settled with him personally after interview.

The reading of the Indian Classical Readers which you sent is nearing completion in a day or two. Kindly therefore select simple story books of a conversational nature in style will be preferred.

An early attention to this subject will very much oblige.

Yours sincerely
**C. M. Gandhi**

આજ સંદર્ભમાં તા. ૧૭મી ફેબ્રુઆરીએ એમણે લખેલો બીજો પત્ર એમની ઝીણવટ અને ચોકસાઈનું સરસ ઉદાહરણ પૂરું પાડે છે.

*My Dear Mr. Mohanlal Modi,*

Many thanks for your having sent so promptly 15 Books which I have duly received and returned with your man 5 books that were in my possession.

Mr. Shastri saw me on 15-2-56 with your note. There are two hitches in my way so far he is concerned. ( 1 ) He is unable to attend during morning hours before 10-30 and ( 2 ) He did not name the mininum remuneration he would expect if engaged. I learnt from him that he is a retired Superintendent of Excise; he must therefore have retired on a substantial pension. I felt that the maximum remuneration that I would name would be perhaps too small for him. Perhaps a smaller man would suit my purpose better.

Yours sincerely
**C. M. Gandhi**

હાઈસ્કૂલના જીવન દરમ્યાન એમણે કવિતા પણ લખી છે. એ યુગ દલપતનર્મદનો યુગ હતો. દલપતરામની શૈલી નર્મદાશંકરની શૈલી કરતાં સરળ એટલે કવિતા લખતો પ્રત્યેક લેખક દલપતરામનું અનુકરણ કરતો. શ્રી. ગાંધીએ દલપતશૈલીમાં ઇશ્વિરપ્રાર્થનાનાં, નીતિનાં અને ઉપદેશાત્મક કાવ્યો અજમાવ્યાં છે.

૭ મી જુલાઈ ૧૮૮૯ ને દિવસે એઓ લખે છે :

" A fall of rain and the ideas started in the mind therefrom :

મેઘનું આકાશમાં દોડવું—મોટાને સુખ નથી. નીચે પોતાની યોગ્ય જગ્યાએ આવવું, ને સત્કાર, ધૂળ બેસાડી દીધી. જમીનમાંથી કાંકરા નીકળ્યા, ભૂમિ વશ કરવી. સમુદ્રમાંથી લીધું અને તેવું જ પાછું આપ્યું." એમણે લખેલાં કાવ્યોનાં ઉદાહરણો :

(ઉપજાતિ વૃત્ત)

કંજુસ વિશે

ધારે તને લોક ધનીન ભારે
તોયે મને તું વિતહીન લાગે
ખર્ચી શકે ના, ચય તું કરે છે
તારો નથી તે પણ વારસોનો.

* * * *

૨-૧૦-૮૮

### વીજળી

મન્દાક્રાન્તા વૃત્ત

જો જો ભાઈ ચમક કરતી, કેવી આ વીજ દીસે
આવી કેવી, ઝપટ કરતી, પાછી તે માંહ્ય પેસે
પાછું ત્યારે, તરત પલમાં, ધાડું અંધેર થાએ
કામે આવે, નિરગમનમાં ખોયલી ચીજ શોધે

તેવી રીતે પવન ગતિએ કામનો કાળ આવે
આવી પાછો, સરળ ગતિએ, આપને પંથ જાએ
જાએ ત્યારે વમળ જબરાં, કામના ખૂબ આવે
રોળી નાંખે, પણ સુખદ છે, વાપરે શુભ માર્ગે.

નીચે એમણે નોંધ કરી છે : "આ કવિતા મગનલાલ ભૂખણદાસ શેઠના કહેવાથી લખી હતી."

સંસ્કૃત ભાષાના અમરકોશના અભ્યાસીને સંસ્કૃતમાં કાવ્યો રચવાનું મન થાય એ સ્વાભાવિક છે. સંસ્કૃતનાં બે મુક્તકો એમની નોંધપોથીમાંથી મળે છે.

**वसंततिलका वृत्तम्**

सीतापति गुणनिधिर्जन रक्तप्रीतः
सौमित्रीवत्सल शुभः जन सेव्यमानः
काकुत्स्थवंशतिलकोऽरिर देवतानां
श्रीयं तथा मनहराय ददातु कीर्तिम् ॥

મિ. આત્માશંકર માસ્તરને આશીર્વાદ

**शार्दुलविक्रिडित वृत्तम्**

रामो दाशरथिः शुरोगुणनिधिस्त्राताजगत्पालको
यः पाता सुरलोकरक्षणबली हंता मखवैरीणां
यः साधूत्तमस्तमवत्सलशुमो दाता सुख सिद्धिनाम्
आत्माशंकर शिक्षकाय ददतां श्रीयं च कीर्तिशुभाम् ।

'કુમારસંભવ'ના આરંભે આવતા પ્રસિદ્ધ હિમાલય વર્ણનનું ગુજરાતીમાં એમણે ભાષાંતર પણ કર્યું છે :

જુઓ ખરે ઉત્તર દિશ વિશે
દેવાંશી રૂડો નગનાથ દીસે
સમુદ્ર પૂર્વે પશ્ચિમે જ, જે છે
તેમાં પ્રવેશી વિશ્વમાપ લે છે

સત્તર શ્લોકોના આ વર્ણનનું એમણે ભાષાંતર કરી નીચે નોંધ લખી છે. "હિમાલયનું વર્ણન–ભાષાંતર–દેવકૃપાથી સંપૂર્ણ ચુ. મા. ગાંધી."

૧૭–૫–૮૮ ની નોંધમાં "ઇંગ્લીશ સ્કૂલમાં ભાષણ થયું તે વારે ઇશ્વિરપ્રાર્થના" એમ જણાવી 'માલિનીવૃત્ત'માં રચાયેલી પ્રાર્થના આપે છે.

હર હર હર દેવા, છાત્રની આપદા આ
કર કર કર દેવા, વૃદ્ધિ શાળાતણી આ
ગુણ ગુણ ગુણ નિધિ, પ્રેર તું બુદ્ધિ સારી
ધન ધન ધન દીઠી, પ્રેરણા તુજ ન્યારી

આ નોંધપોથી અને એમાંનાં કાવ્યો સત્તરઅઢાર વર્ષની ઉંમરે શાળામાં અભ્યાસ કરતાં કરતાં લખાયેલાં છે. અને મનુષ્યના જીવનના વિકાસનાં નાની ઉંમરે જ પ્રતિભા અને શક્તિનાં બીજ દેખાડવા માંડે છે. વિદ્યાનિષ્ઠાએ અને વિદ્યાપ્રેમે શ્રી ગાંધીને એમના જીવનમાં શક્તિનું ઉત્તરોત્તર બળ આપ્યું અને એ જ વિદ્યાપ્રેમે એમની પાસે કેળવણીના ક્ષેત્રમાં આદર્શ સેવા કરાવી.

# [ ૩ ]

## કૉલેજ જીવનની શરૂઆત

### ( ૧૮૯૦ થી ૧૮૯૬ )

મેટ્રિકના ઉત્સાહપ્રેરક પરિણામથી ગાંધીને આગળ ભણવાની મહેચ્છા થઇ. પિતા તથા કાકાએ એમને કૉલેજમાં મોકલવા માટે વિચાર કર્યો. મોટી ચિંતા કૉલેજના ભારે ખર્ચની હતી, તેમાં વળી ભાઈને મુંબઇ ભણવા જવું હતું. એલ્ફિન્સ્ટન કૉલેજ પ્રાંતમાં સર્વોત્તમ ગણાતી. ઉજ્જવળ કારકિર્દીની ઝંખના કરનાર વિદ્યાર્થી મુંબઈ તરફ આકર્ષાતો પણ વડીલ મુંબઇના જીવનની આર્થિક જવાબદારીને પહોંચી શકે એમ નહોતા. વડોદરા નજીક અને ત્યાંની કૉલેજમાં ફી માત્ર ત્રીસ. વડીલોએ ધાર્યું કે ચૂનીલાલને વડોદરે મોકલવા, પણ વિદ્યાર્થીએ એ વાત નાપસંદ કરી. પિતાએ છેવટે મુંબઈ મોકલવાનો નિર્ધાર કર્યો.

૧૮૮૯ માં એલ્ફિન્સ્ટન કૉલેજને હોસ્ટેલ નહોતી તેથી ચૂનીલાલે પોતાની બહેનને ત્યાં જમવું તથા રહેવું એવી ગોઠવણ કરવામાં આવી. બહેનની દેખભાળ મળી અને હોસ્ટેલનું ખર્ચ બચ્યું. વડીલને ફી અને ચોપડીઓનું મુખ્ય ખર્ચ ભોગવવાનું રહ્યું. કૉલેજમાં આગળ પડતા બુદ્ધિશાળી વિદ્યાર્થી હોવાથી દસ રૂપિયાની શિષ્યવૃત્તિ મળી તથા ફીમાં અડધી માફી મળી. વડીલની ચિન્તા પણ અડધી થઇ ગઈ. એક વર્ષમાં એ ચિન્તા સમૂળગી ગઈ.

તે વર્ષોમાં પ્રીવિયસની પરીક્ષા યુનિવર્સિટી લેતી. એમાં એ પહેલે નંબરે પાસ થયા તેથી રૂ. ૩૨૭–૮–૦ની રોકડ રકમ માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન પ્રાઇઝ તરીકે ઇનામમાં મળી. કૉલેજના અભ્યાસક્રમમાં માત્ર ત્રણ જ વર્ષ હતાં, તેથી ગાંધી હવે બી. એ. માં આવ્યા. બી. એ. ના પ્રથમ વર્ષમાં રૂ. ૧૫)ની શિષ્યવૃત્તિ મળી અને અડધી માફી પણ ચાલુ રહી.

૧૮૯૦ના ડિસેમ્બરમાં એલ્ફિન્સ્ટન કૉલેજની હોસ્ટેલ શરૂ થઈ અને ગાંધી હોસ્ટેલમાં દાખલ થયા. ખંતથી અભ્યાસ કરવા વધુ અનુકૂળતા મળી. બી. એ.ના બીજા વર્ષમાં વીસ રૂપિયાની શિષ્યવૃત્તિ મળી. એમનો પ્રિય વિષય ગણિત હતો છતાં ઐચ્છિક વિષયો તરીકે તેમણે ઇતિહાસ અને અર્થશાસ્ત્ર પસંદ કર્યા. બી. એ.માં બીજો વર્ગ આવ્યો અને અર્થશાસ્ત્રમાં પ્રવીણતા મેળવવા માટે ચન્દ્રક મેળવ્યો. સર મનુભાઈ નંદશંકર મહેતા પછી આ ચાંદ મેળવનારા તેઓ બીજા ગુજરાતી વિદ્યાર્થી હતા.

કૉલેજજીવન દરમિયાન પોતાના જ્ઞાનને સમૃદ્ધ બનાવવાનો પ્રયત્ન એમણે ચાલુ રાખ્યો. અભ્યાસનાં પુસ્તકો ઉપરાંત સામાન્ય સાહિત્ય તેમણે ઘણું વાંચ્યું. "ટાઇમ્સ ઓફ ઇન્ડિયા" જેવાં દૈનિકો તથા અન્ય શિષ્ટ સામયિકો તે નિયમિત વાંચતા. આથી તેમનું સામાન્યજ્ઞાન તથા ભાષાજ્ઞાન વધ્યું.

એ સમયનું હોસ્ટેલ જીવન આજના કરતાં ઘણું ઓછું ખર્ચાળ હતું. કલબોના વ્યવસ્થાપકો વચ્ચે ઓછો ખર્ચ લાવવાની સ્પર્ધા ચાલતી. સિનેમા નાટકોનો આજના જેવો હાનિકારક મોહ વિદ્યાર્થીઓમાં નહોતો. "સાદું જીવન અને ઊંડું ચિંતન" એ સિદ્ધાંત ચૂનીલાલ ગાંધીના દિલમાં ઊંડો ઊતર્યો હતો. આવા ભાવના–સેવન સાથે એમણે શરીર કસવાની પણ

કાળજી રાખી હતી. નાનપણમાં લખોટા, ગિલ્લીદંડા, ભમરડા, આટાપાટા અને આમળીપીપળી જેવી રમતો એ રમ્યા હતા. ઉંમર અને અભ્યાસ વધતાં એ રમતો ગઈ, અને દંડબેઠક જેવી કસરતોને સ્થાન મળ્યું. આથી મન અને તન બંનેનો વિકાસ સધાયો. એમાંથી કેવળ એકનો જ વિકાસ તંદુરસ્ત અને ઊંચા પ્રકારના જીવન માટે પૂરતો નથી એ ગાંધી બરાબર સમજ્યા હતા.

વકીલાતનો અભ્યાસ કરી કુશળ ધારાશાસ્ત્રી બનવવાનું ધ્યેય એમણે પહેલેથી જ રાખ્યું હતું. પ્રીવિયસની યુનિવર્સિટીની પરીક્ષાની સાથે જ એમણે ૧૮૯૦માં "જૂરિસપ્રુડન્સ" અને "ઈન્ટરનેશનલ લૉ"ની પરીક્ષા પાસ કરી હતી. બી. એ. થયા પછી એમણે થોડો સમય સરકારી નોકરી કરી. નોકરી સામે આવી. આમ સામે ચાલીને આવતી નોકરી માટે એમને અરજીઓ નહોતી કરવી પડતી એ એમનું સદ્‌ભાગ્ય હતું.

એમની પહેલી નિમણૂક સૂરતની શાળામાં રૂ. ૪૫) ના પગારથી થઇ. એલ્ફિન્સ્ટન કૉલેજના ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અધ્યાપક એ. વી. મુલર ગાંધી ઉપર મમતા રાખતા. એ સમયે એલ્ફિન્સ્ટન કૉલેજના પુસ્તકાલયના ગ્રંથપાલ અને કૉલેજના છાત્રાલયના ગૃહપતિના ઓધ્ધાની જગ્યા ખાલી પડવાની હોવાથી એમણે ગાંધીને બોલાવી પ્રિન્સિપાલ જે. ટી. હૉથૉર્ન જોડે મુલાકાત કરાવી. એ સમયે પ્રચલિત નિયમ પ્રમાણે એલ્ફિન્સ્ટન કૉલેજના પુસ્તકાલયનો ગ્રંથપાલ અને છાત્રાલયનો ગૃહપતિ સરકારના શિક્ષણખાતાનો નોકર હોવો જોઇએ. એથી એમને પ્રથમ સૂરતની શાળામાં શિક્ષક તરીકે નીમવામાં આવ્યા. ત્યાર પછી દોઢેક મહિનામાં એમને ગોધરાની તેલંગ હાઇસ્કૂલમાં કાયમી શિક્ષક તરીકે બદલવામાં આવ્યા. ત્યાંથી ૧૮૯૫માં એમને એલ્ફિન્સ્ટન કૉલેજના પુસ્તકાલયના ગ્રંથપાલ અને છાત્રાલયના ગૃહપતિ તરીકે રૂા. ૧૦૦) ના પગારે બોલાવ્યા. ૧૮૯૬ના ઑગસ્ટ સુધી ગ્રંથપાલ અને ગૃહપતિનું કામ કર્યું. આ સમય દરમિયાન એમણે બીજી એલએલ. બી.ની પરીક્ષા માટે વાંચવાનું ચાલુ રાખ્યું હતું. એ સાથે પ્રકીર્ણ વાચનલેખન પણ ચાલુ જ હતાં. ૧૮૯૫ ના નવેમ્બરમાં એમણે એલએલ. બી.ની બીજી પરીક્ષા પાસ કરી અને ૧૮૯૫ના ફેબ્રુઆરીમાં એમને એલએલ. બી.ની ડિગ્રી મળી ગઈ.

ચૂનીલાલનું લગ્ન નાની ઉંમરે થયેલું અને હવે ભણી ઊતર્યા એટલે ઘર માંડ્યા વિના છૂટકો નહોતો. કૉલેજ હોસ્ટેલમાં ગૃહપતિના કુટુંબને રહેવાની વ્યવસ્થા નહોતી. તેથી ૧૮૯૬ના ઑગસ્ટમાં નોકરીનું રાજીનામું આપ્યું. મુંબઈ છોડતાં પહેલાં નારાયણ ચંદાવરકરને મળવા ગયા. તેમને આ રાજીનામાની વાત પસંદ પડી નહીં. બે વર્ષ માટે વધારે રોકાઈ જવું અને વાંચન વધારી જ્ઞાનને સમૃદ્ધ કરવું એવો તેમનો સુચિન્તિત અભિપ્રાય હતો. પરંતુ ચૂનીલાલને કૌટુંબિક મુશ્કેલી હતી અને અભ્યાસ વધારવાની ગોઠવણ તેમણે કરી લીધી જ હતી. વકીલાતની શરૂઆતમાં બેત્રણ વર્ષ કામનો ભાર હશે નહિ એટલે વાચન માટે પૂરતો સમય મળશે. એ ધારણા ખોટી પડી. વકીલાત શરૂ કરી અને કામ પણ સારું મળવા માંડ્યું:

# [ ૪ ]

## વકીલાત

### (૧૮૯૬ - ૧૯૩૯)

વ્યવસાયના કોઈપણ ક્ષેત્રમાં પગલાં માંડતા નવયુવાનના મનમાં અનેક આશાઊર્મિની સાથે મનોમંથન પણ ચાલતાં હોય છે. પરંતુ વકીલાતનો વ્યવસાય વધારે કપરો છે. વ્યક્તિના પુરુષાર્થની સાથે પ્રારબ્ધનો યોગ થાય તો જ એમાં સફળતા મળે છે, આવા સુયોગથી કેટલાક સફળતાને પંથે ગયા છે, કેટલાક પોતાનું પ્રારબ્ધ અજમાવી નોકરીની સ્થિરતા શોધતા બીજે પંથે વળ્યા છે તો કેટલાક જિંદગીભર પ્રયત્ન કરતા રહી ટગુમગુ પોતાનું નાવ હંકારતા રહ્યા છે. આવા ક્ષેત્રમાં શ્રી. ચૂનીલાલ ગાંધીએ ૧૮૯૬ના ઑગસ્ટ મહિનામાં મુંબઈથી આવી પ્રવેશ કર્યો. શરૂઆત કોને માટે સુગમ હોય છે કે એમને માટે હોય ? શરૂઆતની અનેક અગવડો પોતાનાં અદ્દભુત ધૈર્ય, ખંત અને શાણપણથી એમણે દૂર કરી વ્યવસાયમાં સ્થિર પગલે ચાલવાનો પ્રારંભ કર્યો.

૧૮૯૬માં સૂરત શહેરમાં વકીલ મંડળમાં ત્રણ એલએલ. બી. થયેલા વકીલો હતા. એ ત્રણમાંના એક શ્રી. ભેજનજી માણેકજી જંબુસરીઆ બ્રિટિશ ઈસ્ટ આફ્રિકામાંથી પાછા આવી સૂરતમાં વકીલાત કરતા હતા. શ્રી. ગાંધીના એ મુખ્ય પ્રતિસ્પર્ધી હતા. ઘણા વખતથી વકીલાત શરૂ કરેલી હોવાથી એમનો ધંધો પણ સારો ચાલતો. બીજા હતા શ્રી. ઠાકોરરામ કપીલરામ મહેતા. એમણે ૧૮૯૪માં વકીલાત શરૂ કરેલી પણ એમનો સ્વભાવ જરા તીખો હતો. અને તે એમના ધંધામાં આડે આવતો. ત્રીજા શ્રી. પાર્વતીશંકર મહેતા નબળી તબિયતને કારણે ધંધામાં ઝાઝી સફળતા મેળવી શકેલા નહિ. આ ત્રણ સિવાય બીજા બધા ડિસ્ટ્રિક્ટ કે હાઈકોર્ટ પ્લીડરો હતા. ઉપલા ત્રણમાં શ્રી. ગાંધીનો ઉમેરો થયો. ડિસ્ટ્રિક્ટ પ્લીડરો એલએલ. બી.ઓ તરફ ઉપહાસની નજરે જોતા અને એમને વેદિયા ગણતા.

એ સમયમાં બીજી વિચિત્ર પદ્ધતિ એ હતી કે જિલ્લામાં કામ કરવાની ઇચ્છા ધરાવનાર વકીલને અમુક જ કચેરીમાં કામ કરવાની પરવાનગી જજ પોતાની મુનસફી મુજબ આપતો. એમાં કોઈ નિયમ કે સિદ્ધાંત જેવું કશું નહોતું. આ પ્રણાલિકા પ્રમાણે જજ શ્રી. વેર સાહેબે શ્રી. ચૂનીલાલ ગાંધીને સૂરતની 'સ્મોલ કોઝ કોર્ટ' અને ઓરપાડની 'મુનસફની કોર્ટ'માં વકીલાત કરવાની પરવાનગી આપી. બન્ને કચેરી વચ્ચે ચૌદેક માઈલનું અંતર હતું. અને વ્યવહારનાં આજનાં જેવાં સાધનોને અભાવે જાવઆવ કરવાનું પણ ઘણું મુશ્કેલ બનતું. આ મુશ્કેલીઓનો તોડ કાઢવા શ્રી. ગાંધીએ રૂ. પાંચસોની ફી ભરી હાઈકોર્ટની સનદ મેળવી જેથી એમને ગમે તે કોર્ટમાં વકીલાત કરવાની છૂટ રહે. જિલ્લાકોર્ટમાં કામ કરવાની પરવાનગી મેળવવા એમને રૂ. પાંચ જ ભરવા પડત. પણ પાંચને બદલે પાંચસો ભરવાથી એમને સારું કામ મેળવવાની તક પણ મળી.

સાઠેક વર્ષ ઉપરની સૂરતની અદાલતનું ચિત્ર આજના કરતાં જુદી જ જાતનું હતું અદાલતમાં વાંચવાને માટે કાયદાનાં પુસ્તકો નહોતાં અને વિશાળ વાચનખંડ પણ નહોતો. વકીલોને બેસવાનો આજે છે તેવો ગુલાબદાસ ભાઈચંદ હૉલ જેવો વિશાળ ઓરડો પણ નહોતો.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સમયના જૂના મકાનના ભોંયતળિયે કચેરી બેસતી અને ઉપરનો ભાગ ન્યાયાધીશના રહેવાના કામમાં વપરાતો. લોબીને છેડે એક અંધારિયા ખૂણામાં આવેલા ઓરડામાં નાનકડું પુસ્તકાલય હતું. વાંસની પટી અને ચૂનાથી રંગેલી કાદવિયા ભીંતવાળું એક છાપરું કમ્પાઉન્ડમાં પાડવામાં આવ્યું હતું તેમાં વકીલો બેસતા. કેટલાક વળી પાણીની ઓરડી પાસે પડી રહેતા બાંકડાઓ પર બેસતા અને આજે છે તેવી ચાની હોટલ તો તે સમયે હોય જ ક્યાંથી? પણ આજની તાપી નદી તો ત્યારે પણ હતી અને ઘણા વકીલો તાપી નદીની ઠંડી હવા ખાતા બેસી રહેતા. એમણે આ નવા આવનાર તરફ ખાસ ઉમળકો દર્શાવ્યો નહિ. એમને જ પૂરતું નહોતું મળતું ત્યાં વળી આ આગન્તુક શું ધાડ મારવાનો હતો? એવો કંઇક અંદેશો એમના મનમાં હતો.

તરત જ વાત પ્રસરી કે આ નવો આવનાર તો મુંબઇથી સો રૂપિયાની નોકરી છોડીને આવ્યો છે. એ સાંભળી ઘણાને આશ્ચર્ય થયું અને ઘણાને એમાં મૂર્ખાઇનો ભાસ થયો. વલસાડથી સારો લાભ શોધવા સૂરત આવેલા પણ નિષ્ફળ ગયેલા એક વકીલે તો શ્રી ગાંધીને શિખામણ આપતાં કહ્યું પણ ખરું: "આવી નોકરી છોડવામાં તમે મૂર્ખાઈ કરી છે." આશાને ઉંબરે ઊભેલા અને અવનવી આશાઓ સાથે જીવનમાં પ્રવેશનારને આવું દોઢડહાપણ ક્યાંથી ગમે? યુવાન ગાંધીએ આત્મશ્રદ્ધાથી જવાબ આપ્યો કે "નસીબે સો રૂપિયા મુંબઇમાં અપાવ્યા તો તે સો રૂપિયા સૂરતમાં શા માટે નહિ અપાવે?" પણ શ્રી ગાંધીના નસીબમાં સો તો શું સો કરતાં ય વધારે રૂપિયા કમાવાનું શરૂઆતના પ્રથમ વર્ષમાં જ નિર્માયું હતું. પોતાના સમકાલીનો કરતાં એ બાબતમાં એ વધારે ભાગ્યશાળી થયા. પોતાની વકીલાતના પ્રથમ વર્ષને અંતે હિસાબ કાઢયો તો એમની સરેરાશ આવક મહિને રૂ. એકસો દસ જેટલી હતી.

પરંતુ આજુબાજુના વાતાવરણે એમને નિરુત્સાહી તો નહિ પણ વધારે સાવધાન બનાવ્યા. એવા વાતાવરણમાં જૂના વકીલની સલાહસૂચના મેળવવાની આશા ક્યાંથી રખાય? જે કંઇ શીખવાનું હોય તે પોતાની મેળે જ શીખવું પડે એમ હતું. અદાલતની કાર્યપદ્ધતિ વગેરેનો પરિચય આજનો ઊગતો વકીલ કોઈ પીઢની ઓથ લઇને શીખે છે તેમ શ્રી. ગાંધીને માટે નહોતું. એમને તો બધું પુસ્તકોમાંથી જ શીખવું પડયું. આ પરિશ્રમનો એક ફાયદો એ થયો કે કાયદા અંગેનું એમનું જ્ઞાન જેટલું વિશાળ તેટલું ઊંડું પણ બન્યું. જે કેસમાં એ ઊભા હોય તેની બધી માહિતી એકઠી કરવાની એમણે ટેવ પાડી અને પહેલા જ વર્ષમાં એક સફળ વકીલ તરીકેની એમની ગણના થવા લાગી. અને પોતાની માસિક રૂ. એકસો દસ જેટલી કમાણી જોઇને મુંબઇની સો રૂપિયાની નોકરી છોડવાનો અસંતોષ રહે તેમ પણ નહોતું રહ્યું.

માણસનું ભાગ્ય ક્યારે ઊઘડશે એ દેવ પણ જાણતા નથી એમ કહેવાય છે. પુરુષના પુરુષાર્થના ઉલાળાને પ્રારબ્ધ દાબી નહિ દે તો એ ભાગ્ય ઊઘડે. શ્રી. ગાંધીના પુરુષાર્થે ઉઘાડેલા ભાગ્યદ્વારને પ્રારબ્ધે મોકળાશ કરી આપી. પોતાની ઓફિસ પણ હજુ તો શરૂ નહોતી કરી ત્યાં તો શરૂઆત પછીના ત્રણેક મહિનામાં એમને એક મોટો કેસ મળ્યો. પોતાના પિતાનો એ મારવાડી ઘરાક તેના સગાને લઇને એમની પાસે આવ્યો. એના ઉપર હુકમનામુ કરાવવામાં આવ્યું હતું અને તે ખોટી રીતે મેળવવામાં આવ્યું હતું એવી એની તકરાર હતી. અપીલમાં આ હુકમનામુ એને રદ તો કરાવવું હતું પણ સાથે સાથે ખોટી રીતે કરાવાયેલા હુકમનામા માટે વળતર પણ લેવું હતું. એટલે આવીને એણે સીધો જ પ્રશ્ન શ્રી. ગાંધીને પૂછયો: "આ દાવામાં

આપણને થયેલા અન્યાય બદ્દલ વળતર મળે કે નહિ?" કાગળિયાં જોઈ શ્રી. ગાંધીએ જવાબ આપ્યો: "ખોટી રીતે લેવાયેલા હુકમનામા બદ્દલ હજાર રૂપિયા સુધીનું વળતર અપાવવાની કોર્ટને સત્તા છે." શ્રી. ગાંધીના જવાબથી અસીલ ખુશ થયો. તેને વકીલની હોંશિયારીમાં શ્રદ્ધા બેઠી અને શ્રી. ગાંધીને વકીલ તરીકે રોકયા. સામે પક્ષે તે સમયમાં સૂરત વકીલમંડળના વાઘ ગણાતા બાહોશ વકીલ શ્રી. ગુલાબદાસ હતા. જિલ્લાના સનસનાટીભરેલા આ કેસમાં શ્રી. ગાંધીને સફળતા પ્રાપ્ત થઈ. સારી ફી પણ મળી. પણ દાવામાં સંડોવાયેલી રકમના પ્રમાણમાં અને શ્રી. ગાંધીએ ઉઠાવેલી જહેમતના પ્રમાણમાં ફી ઘણી ઓછી હતી. પરંતુ આ કેસે એમને દેશીનામુ રાખવાની આંટીઘૂંટી શીખવી જે એમને પોતાના જીવનપર્યંત કામમાં આવી.

વકીલાતના ધંધામાં બીજા અનેક મુદ્દાઓની જેમ પોતાની ફી નક્કી કરવાની કુનેહ પણ મહત્ત્વનો મુદ્દો બને છે. ઘણી વાર "બેઠા કરતાં બગાડ ભલો" એમ માની ઊગતો વકીલ જે મળ્યું તે લઈ સંતોષ માને છે. પણ એમ કરવાથી ધંધાની પ્રતિષ્ઠા ઘટે છે. શરૂઆતથી જ શ્રી. ગાંધીએ પોતાના ધંધા માટે ઊંચો આદર્શ રાખ્યો હતો. સામાન્ય દાવાઓની ફી એમણે રૂ. ૩૫) ઠેરવી હતી. આ ફી ઘણી ભારે છે એવું એક વાર એમના મિત્ર નરભેરામે એમને કહેલું. શ્રી. ગાંધીએ જવાબ આપેલો, "જો હું રૂ. ૨૫) રાખું તો રૂ. ૩૫) મેળવતાં મને વર્ષો લાગશે." વાત ખરી હતી. ફીનું ધોરણ નક્કી કરવું એ ધંધાની સફળતાની એક ચાવી છે. એમના એક સગા જે સફળ વકીલમાંથી ન્યાયાધીશ અને એક રજવાડાના પ્રધાન બનેલા તેમણે એમને સરસ સલાહ આપતાં લખ્યું હતું: "કામને શોધવા જશો નહિ. કામ તમને શોધતું આવશે. કોઈ પણ કામ મફત કરવા તૈયાર થશો નહિ. અને જો એક વાર તૈયાર થયા તો એ મફતિયું છે એમ માની બેદરકાર બનશો નહિ. વધારે પૈસાવાળું કામ મળે તો એને છોડી દેશો નહિ. મૂલ્ય કામનું છે. એ જ રીતે ઓછી ફીએ કામ કરવાને તૈયાર થશો નહિ. એમ કરવાથી શરૂઆતમાં તમે કેટલાક કેસો ગુમાવશો પણ અંતે તમારી જ પ્રતિષ્ઠા વધશે. લોકોને ખબર પડશે કે તમારા કામનું મૂલ્ય છે અને કામની કદર કરવા જેટલું આપવાની એમની તૈયારી ન હોય ત્યાં સુધી એ તમારી પાસે આવશે નહિ. પૈસા ઠેરવવાની ખેંચાખેંચીમાંથી તમારો વખત પણ બચશે."

કાયદાના વ્યવસાયમાં પ્રતિભા ઘણી જરૂરી છે. કાયદાના વ્યવસાયને પુષ્કળ વખત માગી લેતી અદેખી સ્ત્રી સાથે પણ સરખાવવામાં આવે છે. પણ વકીલ તરીકેની સફળતામાં પ્રતિભા અને પ્રારબ્ધની સાથે વ્યક્તિની સ્થાનિક ઓળખાણ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે, પ્રારબ્ધ જ્યારે પ્રસંગ ઊભો કરે ત્યારે તેનો ઉપયોગ કરી લેવાની તૈયારી હોય તો જ પ્રારબ્ધ ફળે છે. શ્રી. ગાંધીમાં હરકોઈ પ્રકારની મહેનત ઉઠાવવાની તૈયારી હતી.

શહેરમાં પ્લેગ ચાલતો હોવાથી શ્રી. ગાંધી પોતાના કુટુંબ સાથે વહીઆળ ગામે રહેતા હતા. એ વખતે એક મારવાડીને હિસાબ પતાવવાના બહાના હેઠળ કવાસ ગામમાં બોલાવી એના કોળી આસામીઓએ ખૂન કર્યું. ગાંધીનો પહેલો મહેતાજી કોળી હતો. એ આ કોળીઓનો કેસ એમની પાસે લઈ આવ્યો. વકીલાત શરૂ કર્યાને દોઢ જ વર્ષ થયું હતું અને હજી એમની પ્રતિષ્ઠા પણ ખાસ જામી નહોતી ત્યાં આવો મોટો ખૂનનો બચાવ કરવાનો કેસ એમની સમક્ષ આવ્યો. આ કેસની ફી એમણે રૂ. ૬૨૫) ઠેરવી જે એમને મન એ વખતે અદ્ભુત લાગી હતી.

ઘણા અધિકારીઓ પ્લેગના કામમાં રોકાયેલા હતા અને તેથી આખા સૂરત જિલ્લામાં એક જ મેજિસ્ટ્રેટ હતો અને તેની કચેરી બારડોલીમાં હતી. ટાપ્ટી ગાડી હજી શરૂ થઈ નહોતી. કેસ મળતાં એક જ કલાકમાં એમને પોતાનો પડાવ છોડી બારડોલી જવાની તૈયારી કરવી પડી. આખી મુસાફરી બળદગાડામાં કરવાની હતી. પણ એનાથી એ ગભરાય એમ નહોતા.

પહેલો આખો દિવસ સાથીઓનાં નિવેદનો નોંધવામાં ગયો. બીજે દિવસે મેજિસ્ટ્રેટ રોકાયેલો હોવાથી એમને સૂરત પાછા આવવું પડ્યું. પરંતુ આ બધી મહેનતને અંતે શ્રી. ગાંધીને જે સફળતા મળી તેમાં આકસ્મિક સંજોગો સાથે એમની આવડત પણ એટલી જ મહત્ત્વની હતી. આ ખૂન જ્યારે થયું ત્યારે પોલીસ સબ ઈન્સ્પેકટર પોતાના સ્થાને નહોતો. એટલે તપાસ કરવા જમાદારને ખૂનને સ્થળે જવું પડ્યું. એણે આરોપીઓનાં સગાંવહાલાંને જ સાક્ષી તરીકે નોંધ્યાં અને માત્ર એક જ મારવાડી સાક્ષીનું નિવેદન લીધું જે કમનસીબે આંધળો નીકળ્યો. આટલા ઉપરથી આ જમાદારે આખો કેસ તૈયાર કર્યો. એને બિચારાને કયાંથી ખ્યાલ હોય કે જે પાયા ઉપર એણે કેસ રચ્યો છે તે પાયો જ કાચો છે. હવે ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરાયેલા આરોપીઓનાં સગાંની સાક્ષી મોળી હતી. સગાં થઈ આરોપીઓ વિરુદ્ધ થોડી જ સાક્ષી પૂરવાનાં હતાં? જ્યારે પેલો મારવાડી સાક્ષી આપવા આવ્યો ત્યારે સાક્ષીના પિંજરામાં ચઢતાં જ ગબડી પડ્યો. આ જોતાં જ શ્રી. ગાંધીને લાગ્યું કે આ સાક્ષી બરાબર જોઈ શકતો નથી, એટલે પોતાની ઊલટ તપાસમાં એની પાસે કબૂલ કરાવ્યું કે એ બેથી ત્રણ ફીટ કરતાં વધારે દૂર જોઈ શકતો નથી. પછી અંધારી રાતે ૧૦૦–૧૫૦ ફીટ જેટલા અંતરેથી ખૂન થયું એ જોઈ જ કયાંથી શકે? સાક્ષીનાં નિવેદનો ટકી શકયાં નહિ.

આ સમયે એક બીજો પણ મહત્ત્વનો બનાવ આ કેસ અંગે બન્યો જ્યારે મારવાડીઓએ જોયું કે તેઓ કેસ હારી જવાની અણી ઉપર છે ત્યારે તેઓ ગભરાયા અને મરનારની પત્ની અને પુત્રને મુંબઈથી મોટો બેરિસ્ટર બોલાવી રોકવાને સમજાવ્યાં. જોઈએ તો ઉધરાણું કરીને બેરિસ્ટરની ફી અપાશે પણ પોતાના જાતભાઈના ખૂનનો બદલો તો લેવાવો જ જોઈએ. એ સમયમાં મુંબઈમાં એફ. એસ. તાલ્યારખાન નામાંકિત વકીલ તરીકે જાણીતા હતા. આ મારવાડીઓએ તાલ્યારખાનને રોકયા. કેસને અંતે શ્રી. તાલ્યારખાને પોતાની દલીલો છટાપૂર્વક કરી જ્યૂરીને "મરનારનો આત્મા ન્યાય માગે છે" એમ કહી ન્યાય આપવા વિનંતિ કરી, અને ઘડીભર તો લાગ્યું કે એમનું વકતૃત્વ જીતી જશે.

પછી જ્યારે શ્રી. ગાંધીનો વારો આવ્યો ત્યારે એમણે સક્ષોભ બોલતાં જણાવ્યું: "આવા નામાંકિત અને વકતૃત્વની અદ્ભુત શક્તિ ધરાવતા વકીલની સરખામણીમાં મારી ઘણી ઊણપો છે પણ જો મરનાર મોતી ગલબાજીનો મૃતાત્મા ન્યાય માગતો હોય તો આ તમારી સમક્ષ ઊભેલા ચાર મનુષ્યોના જીવંત આત્માઓ ન્યાય અને મુક્તિ પ્રાર્થે છે." આવા ઉદ્ગારો સાથે પોતાના વકતૃત્વનો એમણે આરંભ કર્યો અને પોતાની સમક્ષ પડેલી જુબાનીઓની સમીક્ષા કરી પોતાની દલીલો સચોટતાપૂર્વક રજૂ કરી. સેશન્સ જજની સમીક્ષાને અન્તે જ્યૂરીએ સર્વાનુમતે આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા.

આ કેસમાંથી આ ઊગતા વકીલને પૈસા તો પ્રાપ્ત થયા જ પણ તે સાથે એમને એટલી કીર્તિ પણ મળી કે પછીના ઘણા ફોજદારી કેસોમાં ઊભા રહેવાની વિનંતી થવા લાગી. વકીલના

વ્યવસાયમાં વિચિત્ર કહો તો વિચિત્ર કે કમનસીબ કહો તો કમનસીબ પણ એક નિર્વિવાદ હકીકત એ છે કે એની શક્તિનો કયાસ કેસના પરિણામ ઉપરથી કરવામાં આવે છે અને પોતાની હકીકતો રજૂ કરવાની, દલીલો કરવાની બીજી ગમે તે શક્તિ હોય તો તે ભાગ્યે જ ગણત્રીમાં લેવામાં આવે છે.

છ જ મહિનામાં એમને ભાગે એક બીજો મહત્ત્વનો કેસ આવ્યો. સૂરત જિલ્લાના ઓરપાડ તાલુકાના એક ગામનો વેહિયો રૂા. ૯૬) નું ભરણું ભરવા જતાં રસ્તામાં લૂંટાયો. સરકારની દૃષ્ટિએ આ ઘણો ગંભીર ગુનો હતો અને પોલીસે ગુનેગારો શોધી કાઢવા આકાશ પાતાળ એક કર્યાં. સંજોગોવસાત્ જે પોલીસ સબ ઈન્સ્પેકટરે વહીઆળના ગુનાની તપાસ હાથ ધરી હતી તેણે જ આ તપાસ પણ ચલાવી ચાર પાંચ ઢેઢને પકડ્યા. અને તેમને ઘણો ત્રાસ આપ્યા પછી મેજિસ્ટ્રેટ સમક્ષ એકરારનામાં માટે રજૂ કર્યા. ક્રિ. પો. કોડની ૧૬૪ મી કલમ હેઠળ મેજિસ્ટ્રેટે તેમના ગુનાની કબૂલાત કરતાં નિવેદનો નોંધી તેના ઉપર મરજિયાત નિવેદનો તરીકેની મહોર મારી. આવાં નિવેદનોને કાયદામાં સાચાં અને મરજિયાત માની લેવામાં આવે છે અને એને ખોટાં તરીકે પડકારનાર ઉપર એને એ રીતના સાબિત કરવાની જવાબદારી આવી પડે છે.

આરોપીઓ ઘણા ગરીબ માણસો હતા. અને છતાં એ જમાનામાં ઈંગ્લન્ડ જઇ આવેલા બેરિસ્ટરને રોકવાની એક ફેશન હતી. એથી આ આરોપીઓએ પણ એક બેરિસ્ટરને ઊભા રાખ્યા. શરૂઆતમાં જ્યારે આ કેસ મેજિસ્ટ્રેટ આગળ શરૂ થયો ત્યારે આરોપીઓએ પોતાને પોલીસે ક્રૂર માર માર્યાની ફરિયાદ વારંવાર બેરિસ્ટર સમક્ષ કરી. પણ એ વિશે મેજિસ્ટ્રેટ સમક્ષ અરજી નોંધાવી આરોપીઓની ડાકટરી તપાસ કરાવવાની હિમ્મત એ બેરિસ્ટરમાં નહોતી કારણ ફરિયાદ ખોટી નીકળે તો કેસને ઘણું સહન કરવું પડે.

કેસ થોડાક દિવસ ચાલ્યા પછી આરોપીઓ તરફથી શ્રી. ગાંધીને બચાવ માટે રોકવામાં આવ્યા હતા. અને માત્ર રૂ. ૧૦૦) ફી તરીકે ઠરાવવામાં આવ્યા. એટલા રૂપિયા પણ પાછળથી આરોપીઓ આપી શકેલા નહિ. બત્રીસ દિવસની સખત મહેનતના બદલામાં શ્રી. ગાંધી માંડ નેવુ રૂપિયા મેળવી શકેલા. ઝાઝા પૈસા તો ન મળ્યા પણ આ કેસને કારણે ગાંધીને પ્રતિષ્ઠા એટલી બધી મળી કે સૂરત જિલ્લામાં ભાગ્યે જ એવો ફોજદારી કેસ હોય જેમાં એમને ન ઊભા રાખવામાં આવ્યા હોય ? શ્રી. ગાંધીને કેસ હાથમાં લીધા પછી લાગ્યું કે પોલીસે માર માર્યાની આરોપીઓની ફરિયાદમાં વજૂદ છે અને તેથી એમણે બનાવને પાંચ મહિના વીતી ગયા હોવા છતાં આરોપીઓની સીવીલ સર્જન પાસે ડાકટરી તપાસ માટે મોકલવાની વિનંતી કરતી અરજી કરવાની હિમ્મત કરી. ડાકટર તરફથી મેજિસ્ટ્રેટને મોકલવામાં આવેલું સર્ટિફિકેટ ખાનગી રાખવામાં આવ્યું હતું. છતાં પાછળથી એમને ખબર પડેલી કે પાંચ મહિના વીતી જવા છતાં આરોપીઓના શરીર ઉપર મારનાં ચિહ્નો મોજૂદ હતાં.

સેશન્સમાં કેસ આવતાં શ્રી. ગાંધી આરોપીઓની ફરિયાદ અંગે ઘણી મૂંઝવણમાં મુકાયા છતાં એમણે ન્યાયાધીશને સીવીલ સર્જનને સરકારના સાક્ષી તરીકે બોલાવવા વિનંતી કરી. તે વખતે શ્રી. મોસ્ફાર્ડ જજ હતા. એ ન્યાયબુદ્ધિ સાથે માનવતા પણ ધરાવતા હતા છતાં એમણે

શ્રી. ગાંધીને કહ્યું કે ગુનાનાં એકરારનામાંને મેજિસ્ટ્રેટનું પ્રમાણપત્ર છે એટલે એ એને મરજિયાત અને સાચું માની લે છે અને એથી એને ખોટું ઠેરવવાની જવાબદારી શ્રી. ગાંધીની છે અને તેથી જો ડાકટરને સાક્ષી તરીકે બોલાવવા હોય તો શ્રી. ગાંધીએ બચાવના સાક્ષી તરીકે બોલાવવા. આથી ગાંધી વધારે મૂંઝાયા. બચાવનો કોઈ પણ સાક્ષી ન રજૂ કરવાનો અને ગુનો સાબિત કરવાની સંપૂર્ણ જવાબદારી ફરિયાદપક્ષ ઉપર નાંખવાનો એક વિશિષ્ટ અધિકાર બચાવપક્ષને છે અને તેથી આવું જોખમ ખેડવા શ્રી. ગાંધી તૈયાર નહોતા. એમણે ડાકટરને સાક્ષી તરીકે નહીં બોલાવવાનું નક્કી કર્યું.

પણ નસીબ જ્યારે માણસને મદદ કરવાનું હોય છે ત્યારે અનેક રસ્તે અને અનેક રીતે કરે છે. આ ખટલામાં પણ એવો એક અકસ્માત બન્યો, જેણે આખા કેસને જુદો જ વળાંક આપ્યો. એક આરોપીએ પોતાના શરીરમાં પુષ્કળ કળતર થવાની ફરિયાદ કરી અને પોતાની કેડ ખુલ્લી કરી તે ઉપર મારની નિશાની જજને બતાવી. આથી જજ ખૂબ ગુસ્સે થઈ ગયા અને કેસને મુલતવી રાખી ડાકટરને સાક્ષી તરીકે બોલાવવાનો હુકમ કર્યો. હવે શ્રી ગાંધી પાસે ચોવીસ કલાક હતા. એમાં સાક્ષી ખોટી રીતે ન રજૂ થાય એ જોવાનું કામ એમનું હતું. એટલામાં કોર્ટમાંથી ઘેર આવતાં એમણે હોસ્પિટલ આગળ ગુનાની શોધખોળ ચલાવનાર પોલીસ અમલદારની ગાડી ઊભેલી જોઈ. એટલે શ્રી ગાંધી પણ હોસ્પિટલમાં પહોંચી ગયા. ડાકટર શ્રી ગાંધીને ઓળખતા હતા એટલે એમણે શ્રી ગાંધીને આવવાનું કારણ પૂછ્યું. શ્રી ગાંધીએ માત્ર એટલું જ કહ્યું, "પોલીસ અમલદાર આવી ગયા પછી હું આવ્યો હતો એટલું તમને યાદ દેવડાવવા." અને આની ધારી અસર થઇ અને બીજે દિવસે ડાકટરે ઇજાઓની લાંબી યાદી રજૂ કરી. જજે એકરારનામાંને ખોટાં અને પરાણે કરાવેલાં ઠેરવ્યાં અને આરોપીઓ નિર્દોષ ઠર્યા. શ્રી ગાંધીની પ્રતિષ્ઠા ખૂબખૂબ વધી.

આવાં એકરારનામાંઓ વિશે પોતાનો અભિપ્રાય નોંધતાં શ્રી ગાંધી પોતાનાં સંસ્મરણોમાં લખે છે: "આવાં એકરારનામાંઓની સત્યતા અને નોંધવાની પદ્ધતિ અંગે સરકારે ઘણી સાવધાની રાખેલી છે. પણ કમનસીબે એ પળાતી નથી. મેજિસ્ટ્રેટ અપ્રમાણિક હોય છે એવું નથી. પણ તાલુકાનાં ગામોમાં મેજિસ્ટ્રેટ, ડાકટર અને પોલીસ ઈન્સ્પેકટરની એક ત્રિપુટી રચાય છે, જે દરરોજ મિત્રો તરીકે વારંવાર મળતી હોય છે. અને પોતાની ફરજ બજાવવાના અત્યુત્સાહમાં કયો અમલદાર કયાં ચૂક કરે છે તે ભૂલી જઈ જે નિયમો વફાદારીથી પાળવા જોઈએ તે પાળતા નથી. આપણે આશા રાખીએ કે જેમ જેમ સમય બદલાતો જશે તેમ તેમ અમલદારો, પોતાની જવાબદારી સમજતા થશે અને મેજિસ્ટ્રેટો નિર્દોષ આરોપીઓના બેલી સમા બનશે." વર્ષો ઉપર લખાયેલા શ્રી ગાંધીના આ શબ્દો આજે પણ જ્યારે આપણે પોલીસે અખત્યાર કરેલી પદ્ધતિ વિશેના હેવાલો અને કોર્ટનાં જજમેન્ટો વાંચીએ છીએ ત્યારે કેટલા સાચા લાગે છે?

શ્રી ગાંધીની બત્રીસ દિવસની સખત મહેનતના બદલામાં માત્ર નેવુ રૂપિયા મળ્યા. પણ એમાંથી વકીલાતના ક્ષેત્રમાં પ્રવેશતા નવ યુવાનોને આદર્શ મળે છે કે મૂલ્ય કામનું થાય છે, શું મળે છે તેનું નહિ. અને એક વાર કામ સ્વીકાર્યા પછી તેમાંથી ગમે એટલો ઓછો આર્થિક લાભ મળે તો પણ એ કામને નિષ્ઠાપૂર્વક પાર પાડવામાંજ ધંધાની અને વ્યક્તિની પ્રતિષ્ઠા છે.

ધીરેધીરે શ્રી. ગાંધીની કીર્તિની સુવાસ જિલ્લા બહાર પણ પ્રસરતી ચાલી, એકવાર ભરૂચ જિલ્લાના દીવાની દાવામાં હુકમનામાની બજાવણી અંગે એમને ઊભા રહેવાનું આવ્યું. દાવામાં લગભગ બે લાખ ત્રેવીસ હજાર રૂપિયા સંડોવાયા હતા અને શ્રી. ગાંધી દેણદાર તરફથી ઊભા હતા. સામે પક્ષે ઘણા અનુભવી અને પ્રતિષ્ઠિત વકીલો હતા. પરંતુ શ્રી. ગાંધીને પોતાના કેસનાં કાગળિયાં ઘણી ઝીણવટ અને કાળજીથી અભ્યાસ કરવાની પહેલેથી જ ટેવ એટલે એમણે તરત જોઇ લીધું કે સામા પક્ષ તરફથી કરવામાં આવેલી અરજી નિયમ મુજબની નથી. એ પ્રમાણેની દલીલ એમણે શરૂ કરી અને સામા પક્ષના વકીલોએ મૂછમાં હસવા માંડયું. કારણ અરજી જો નિયમ પ્રમાણેની ન ઠરે તો બીજી અરજી બીજે દિવસે જ નિયમ પ્રમાણે આપી શકાય. અરજી નિયમ બહાર ઠરી. વિધિની લીલા અકળ હોય છે એ કયારે ને કેમ મદદે આવીને ઊભી રહે છે તે કોણ સમજી શકે? લેણદાર બીજી અરજી આપે એ પહેલાં એનો જામીન ગુજરી ગયો અને બે લાખ ત્રીસ હજાર જેટલી મોટી રકમના બીજો જામીન મેળવતાં એને મુશ્કેલી પડી અને તે દરમ્યાન એના હુકમનામાને રદ કરતો નિર્ણય પણ પ્રિવીકાઉન્સિલ તરફથી આવ્યો.

અનુભવથી માણસ ઘડાય છે. વકીલાતના ધંધામાં ચોકસાઇ કેટલી અગત્યની છે એનો પણ એક બોધદાયક અનુભવ એમને થયો. હરિલાલ હર્ષદરાયની વિધવા બાઇ મણિલક્ષ્મી તે એના સગીર પુત્રોની શ્રેષ્ઠમિત્ર વિ. હોરમસજી જમશેદજી સેક્રેટરી, તંત્રી ગુજરાતમિત્રના કેસમાં શ્રી. ગાંધી ફરિયાદ પક્ષે ઊભા હતા. એ દાવામાં બચાવપક્ષની તકરાર એ હતી કે ધ્રુવે એક દસ્તાવેજ કરાવેલો અને તે ફરિયાદપક્ષના કબજામાં હોવાથી આ દાવામાં રજૂ કરાવો જોઇએ. ફરિયાદ પક્ષે આવો દસ્તાવેજ પોતાના કબજામાં નહિ હોવાનું જણાવેલું. સુનાવણી દરમ્યાન જ્યારે બચાવપક્ષે આ દસ્તાવેજ રજૂ કરવાનું જણાવ્યું ત્યારે ફરિયાદ પક્ષે જવાબ આપ્યો કે પોતે આ દસ્તાવેજ રજૂ કરવાની સ્થિતિમાં નથી કારણ આવો દસ્તાવેજ કદી થયો નથી અને અને પોતાના કબજામાં પણ કદી નહોતો. આથી કોર્ટે ફરિયાદ પક્ષના વકીલને સુસંગત નિવેદનો જ કરવાની ચેતવણી આપી. આ બે વિધાનોમાં અસંગત જેવું કશું જ નથી એમાં માત્ર ચોકસાઇનો અભાવ હતો. જો પહેલું નિવેદન કાળજીપૂર્વક ઘડાયું હોત અને તેમાં જણાવાયું હોત કે "મારી પાસે એવો કોઈ દસ્તાવેજ નથી કારણ એવો કોઈ દસ્તાવેજ થયેલો જ નહિ." તો આવી ગેરસમજ ઊભી થાત નહિ. વકીલના વ્યવસાયમાં ચોકસાઈની કેટલી જરૂર રહે છે તે આ ઉપરથી સહેજે સમજાશે.

એ જમાનામાં મોસ્કાર્ડી બહુ નમૂના રૂપ જજ હતા. હાથમાં લીધેલા કેસનું જજમેન્ટ આપ્યા વિના બીજો કેસ હાથ પર લેતા નહિ. એમના પછી આવનાર જેકોબ અને દયારામ ગિદુમલ દિવસમાં ત્રણેક અપીલ સાંભળતા પણ બીજે દિવસે ત્રણેનો નિર્ણય પણ આપી દેતા. પણ ૧૯૦૨ અને ૧૯૦૫ના ગાળામાં એચ. એમ. હાર્વે નામના બાહોશ અંગ્રેજ જિલ્લાજજ તરીકે આવેલા. એમની સ્મરણશક્તિ તીવ્ર હતી. સાથીઓની જુબાની નોંધવાની એમની આવડત આકર્ષક હતી છતાં એનો એક મોટામાં મોટો દોષ એ હતો કે કેસના ચુકાદાઓ લખવામાં એ ઘણી ઢીલ કરતા, અને તે એટલે સુધી કે અમુક મહિનામાં આટલું કામ કર્યું છે એમ દેખાડવા ચુકાદાઓ ઉપર તે ખોટી પાછલી તારીખો નાંખતા. આથી અપીલ માટેનો સમય ઓછો થઈ જતો. એ જમાનામાં આ કુટેવનો વિરોધ કરે એવું સમર્થ વકીલમંડળ નહોતું. આને

સુધારવા કોઈએ વ્યક્તિગત માથે લેવું પડે એવી સ્થિતિ હતી અને એ કડવી ફરજ શ્રી. ગાંધીએ પોતાને માથે લીધી.

ચુકાદાઓ આપતી વખતે બન્ને પક્ષોની તેના ઉપર સહી લેવામાં આવે છે. એવા શ્રી. ગાંધીના એક કેસના ચુકાદા ઉપર છ અઠવાડિયાં પહેલાંની તારીખ નાખીને શ્રી. ગાંધી પાસે સહી માટે કાગળો આવ્યા. ખોટી તારીખવાળા કાગળો ઉપર તરત જ એમણે સહી કરવાની મક્કમ ના પાડી. એક તો એમ કરવું એ નૈતિક દોષ હતો અને બીજું એમ કરવાથી અપીલનો સમય પણ નેવુ દિવસ ઉપરથી ઘટી પિસ્તાલીસ દિવસનો થઈ જતો હતો. હાર્વેએ શ્રી. ગાંધીને પોતાની ચેમ્બરમાં બોલાવી બહુ નમ્રતાથી વાત કરી તોડ કાઢ્યો કે ચુકાદાની તારીખ જૂની રાખવી અને નકલ અપાયાની તારીખ શ્રી. ગાંધીને અનુકૂળ રહી આપવી. પરંતુ આ વાત હાઈકોર્ટના રજિસ્ટ્રારને કાને જઈ ચડી અને એક દિવસ તેણે સૂરત કોર્ટની અચાનક મુલાકાત લીધી તો ઘણું કામ બાકી રહેલું જણાયું અને પેલી ક્ષતિ પણ છતી થઈ. પરિણામે હાર્વેનો પગાર રૂ. ૧૬૦૦) ઉપરથી ઘટાડી રૂ. ૯૦૦)નો કરવામાં આવ્યો અને સેશન્સ જજમાંથી એને આસિસ્ટન્ટ જજના હોદ્દા ઉપર ઉતારી મૂકવામાં આવ્યા.

આજે પણ કદાચ વધતે ઓછે અંશે આવા બનાવો બનતા હશે. હાઈકોર્ટે તો નિયમ જ કરેલો છે કે ચુકાદાઓ જેમ બને તેમ જલદી આપવા અને ખુલ્લી કોર્ટમાં આપવા, પણ વકીલો ઢીલ કરતા જજો સામે ખોટી રીતે ભોગ બની જવાના ડરથી વ્યક્તિગત રીતે વાંધો લઈ શકતા નથી. પણ હવે તો 'બાર એસોશિયેશન' જેવાં મંડળો સામૂહિક વિરોધ નોંધાવી શકે એવી સ્થિતિ ઉત્પન્ન થઈ શકે છે.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અને વીસમી સદીની શરૂઆતમાં ઓરપાડની કચેરીમાં સારું કામકાજ રહેતું અને ઊગતા વકીલો થોડી ફીમાં કામ કરતા હોવાથી તેમને પણ સારું કામ મળતું. શ્રી. ગાંધીને પણ આ કાળ દરમ્યાન ઘણું કામ મળતું હતું પણ ફી અંગેના પોતાના સિદ્ધાંતને એ મક્કમતાપૂર્વક વળગી રહ્યા હતા.

૧૯૦૪–૦૫ ના અરસામાં ડબ્લ્યૂ બેકર એડીશનલ સેશન્સ જજ તરીકે સૂરત આવ્યા હતા. એમની સમક્ષ નટવરલાલ છોટાલાલ અને બીજા સોનીઓએ તેમને પોલીસે ભયંકર ત્રાસ આપ્યાની ગંભીર ફરિયાદ નોંધાવી હતી. ગુનો ઈ. પી. કોડની ૩૩૦ મી કલમ હેઠળનો હોઈ સેશન્સ જજને જ એ ચલાવવાનો અધિકાર હતો. એ કેસ ચાલવાનો તો હતો હાર્વે સમક્ષ પણ જેવી બેકરની નિમણૂક થઈ કે તરત હાર્વેએ એ કેસને બેકર પાસે મોકલ્યો. સાક્ષીઓ બધા પોલીસો હતા અને તેમનું કહેવું એ હતું કે અમુક વકીલના કહેવાથી આરોપીઓએ પોલીસ સામે ખોટા આક્ષેપો કર્યા હતા. ચર્ચાસ્પદ મુદ્દો એ હતો કે એ વકીલને બચાવના સાક્ષી તરીકે બોલાવવા કે નહિ. જો જજ એની જુબાની ન માને તો એની પ્રતિષ્ઠાને ધોકો પહોંચે. એ વકીલ પણ વકીલમંડળના પ્રતિષ્ઠિત સભ્ય હતા. શ્રી. ગાંધીએ એ વકીલને બચાવના સાક્ષી તરીકે બોલાવવાનું માંડી વાળ્યું. એ મક્કમપણે માનતા હતા કે વકીલોએ કદી સાક્ષીના પિંજરામાં જવું નહિ.

બેકર પછી દયારામ ગિદુમલ જજ તરીકે આવ્યા. દયારામ ગિદુમલ પહેરવેશમાં ઘણા સાદા હતા અને વ્યવહારમાં નમ્ર અને માયાળુ હતા. ગરીબ અને દુ:ખી તરફ તેમને ઘણી

સહાનુભૂતિ હતી. રોજ નિયમિત પાંચ કલાક પોતાનું કામ કરતા. પોતાના હાથ હેઠળના અમલદારો ઉપર ચોકસાઈપૂર્વક ધ્યાન રાખતા. એમના સમય દરમ્યાન પણ શ્રી. ગાંધીને સીટી મેજિસ્ટ્રેટની કોર્ટમાં એક અવનવો અનુભવ થયો. એમના અસીલ આદમઅલી સુલતાનઅલીની કંપનીને નામે આવતાં પત્રો અને પાર્સલો એમના પિત્રાઈઓ પોતાના છે કરી લઈ લે છે એવી ફરિયાદ એમણે સીટીમેજિસ્ટ્રેટની કોર્ટમાં નોંધાવી. મેજિસ્ટ્રેટને લાગ્યું કે વધારે તપાસની જરૂર છે એટલે એમણે કેસ સ્થાનિક પોલીસને તપાસ ચલાવવા સોંપ્યો. તપાસના કાગળો મળતાં ફરિયાદ કાઢી કેમ ન નાખવી એવી નોટિસ એમણે ફરિયાદી સામે કાઢી. શ્રી. ગાંધીએ હાજર થઇ જે આધારે મેજિસ્ટ્રેટે નોટિસ કાઢી હતી તે પોલીસતપાસના હેવાલની નકલની માગણી કરી. એ હેવાલ જોવાનો પક્ષને અધિકાર નથી એમ જણાવી મેજિસ્ટ્રેટે અરજી રદ કરી. આ સામે શ્રી. ગાંધીએ દયારામ ગિદુમલની સમક્ષ અપીલ નોંધાવી. દયારામ ગિદુમલે ચુકાદો આપતાં જણાવ્યું કે આ વચગાળાની સ્થિતિ દરમ્યાન મેજિસ્ટ્રેટના કાર્યમાં એ દખ્ખલ કરવા માગતા નથી કારણ પાછળથી પક્ષોને સેશન્સમાં 'રિવિઝન' માટે આવવાનો અધિકાર છે છતાં મેજિસ્ટ્રેટ પૂરતા આધારના કાગળો આપ્યા વિના વકીલો પાસે દલીલો કરવાની અપેક્ષા રાખે એ એમને પસંદ નથી. આ ચુકાદાની તરત અસર થઈ અને સીટીમેજિસ્ટ્રેટે તરત જ માગેલા હેવાલની નકલો આપી.

એ જમાનામાં સામાન્ય રીતે અંગ્રેજ જજો આવતા પણ ગિદુમલની માફક એક ઠાકોરદાસ મથુરાદાસ નામના હિંદી જજ આવેલા. ગિદુમલ જેવા જ એ બાહોશ હતા. એમને બધા જ કાગળો ઝીણવટ અને કાળજીથી વાંચવાની ટેવ. એક દાવામાં એક વાદીએ ખુદ જજ ઠાકોરદાસની જ મિલ્કત પોતાની મિલ્કત તરીકે દર્શાવેલી. આ વાત એમની પેલી કાળજીપૂર્વક બધા કાગળો વાંચવાની ટેવને કારણે તરત એમના ધ્યાન પર આવી. જો એમણે કાગળો વાંચ્યા વગર ચુકાદો આપ્યો હોત તો પોતાની મિલ્કત બાબતમાં વિચિત્ર પરિસ્થિતિમાં મુકાત.

પ્રત્યેક ધંધાની કુનેહ છે. વકીલો આમ રોકડિયા ગણાય છે. પણ ઘણીવાર એમને પણ પોતાના પૈસા ગુમાવવા પડે છે. શ્રી ગાંધી પોતાનાં સંસ્મરણોમાં લખે છે કે ભલે પૈસા જાય પણ કોઈ દિવસ વકીલે પોતાના અસીલને કોર્ટમાં ખેંચવો નહિ. એમ કરવાથી વકીલ વિશે ખરાબ છાપ ઊભી થાય છે અને એને પ્રતિષ્ઠામાં તથા પોતાના ધંધામાં હાનિ વેઠવી પડે છે. એમના જ સમયના એક વકીલે પોતાના અસીલને કેસ જીતી આપ્યા પછી પોતાની ફી ન મળતાં તેના ઉપર દાવો કરી હુકમનામુ મેળવ્યું પણ એથી એની પ્રતિષ્ઠાને એવી હાનિ પહોંચી કે એકવાર સારી ચાલતી વકીલાત ઠંડી પડી ગઈ. ખુદ ગાંધીને પણ આવો પ્રસંગ અનુભવવો પડયો હતો.

એક જુગારમાં સપડાયેલા યુવાને એક જણ પાસે પચાસ રૂપિયા ખાતું પાડી લીધા. પણ રૂપિયા અંકે શબ્દોમાં લખવાના રહી ગયેલા એટલે પેલા લુચ્ચા ધીરનારે પચાસના પાંચસો કર્યા, અને નવ ટકાનું વ્યાજ ગણ્યું. આ રૂપિયા તો પેલા યુવાનના બાપને આપવા પડે એમ હતું અને જો ન આપે તો પોતાનો છોકરો જેલમાં જાય એટલે એ ચિંતાતુર હતો અને એથી એણે અપીલ નોંધાવી અને તેમાં શ્રી ગાંધીને વકીલ તરીકે રોક્યા અને પોતાની મેળે જ પાંચસો રૂપિયા ફીના આપવાનું ઠરાવ્યું. અપીલમાં શ્રી ગાંધી જીત્યા. પણ "ગરજ સરી

અને વૈદ્ય વેરી" એ કહેવત પ્રમાણે પેલો ફરી દેખાયો જ નહિ. શ્રી ગાંધી તો પેલી કહેવતને યાદ કરતા બેસી રહ્યા. છ મહિના પછી એક સાંજે પેલાએ પોતાની મેળે એમની પાસે આવીને પાંચસો રૂપિયા ધરી દીધા. શ્રી ગાંધીને માટે આ અવનવો અનુભવ હતો કારણ થોડા રૂપિયાની ઉઘરાણી માટે અસીલોને ત્યાં મહેતાજીને આંટા ફેરવા મારવા પડતા ત્યારે અહીં આ સામે આવીને રૂપિયા આપી ગયો. પચાસ વર્ષની એમની કારકિર્દીમાં આ જ એકમાત્ર આવો અનુભવ હતો, બાકી ઘણીવાર એમને પૈસા જતા કરવા પડ્યા હતા. આમ છતાં એક જ વાર એમને આવી બાબત માટે કોર્ટનો આશ્રય લેવો પડયો. કવાસ ખૂનકેસમાં આરોપીઓનાં સગાંએ સો રૂપિયા આપવાની ચિઠ્ઠી લખી આપેલી પણ પાછળથી તે ખોટી છે એમ કહી ફરી બેઠેલાં. શ્રી ગાંધી એટલા માટે જ કોર્ટમાં ગયેલા અને હુકમનામુ પણ મેળવેલું છતાં એ રૂપિયા એમણે વસૂલ કરેલા નહિ.

કેસોનો બારિક અભ્યાસ અને રજૂઆતમાં ચોકસાઈ, હૃદયની સન્નિષ્ઠા અને બુદ્ધિની દક્ષતાથી સાત વર્ષમાં ચૂનીલાલ ગાંધી સૂરત જિલ્લામાં દીવાની અને ફોજદારી વકીલ તરીકે પ્રસિદ્ધ થઈ ગયા. એમની સિદ્ધિ જોઈને સૂરતના સેશન્સ જજ ઈ. એસ. મોસ્કાર્ડી તો ફોજદારી કેસોમાં જ્યારે સરકારને વકીલ નીમવાનો પ્રસંગ આવે ત્યારે શ્રી ગાંધીને જ એ સોંપવાનો લગભગ નિયમ કર્યો હતો. આને લીધે બીજા વકીલોમાં ઇર્ષ્યા જાગી અને તેમણે લેખિત વિરોધ કર્યો. આ વિરોધ કરાવવા પાછળ કદાચ 'કલાર્ક ઓફ ધ કોર્ટ' નો હાથ હોય પણ ખરો કારણ જુદા જુદા વકીલોમાં કેસ વહેંચી આપી તેમને આભારવશ કરવાની તક એની પાસેથી છિનવાઈ જતી હતી. લેખિત વિરોધ છતાં મોસ્કાર્ડી પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યા હતા.

ઘણા ઊગતા વકીલોને સ્થિર આવક અને મોભ્ભાભરી નોકરીનો મોહ થાય છે અને તેથી ન્યાયખાતામાં નોકરી મેળવવાનો તેઓ પ્રયત્ન કરે છે. શ્રી ગાંધીને પણ એક કાળે આવો ઓધ્ધો મેળવી સબ જજ થઈ જવાની ઇચ્છા થઈ. પરીક્ષા માટે મરાઠીનો અભ્યાસ પણ શરૂ કર્યો. પોતે ત્રણ વર્ષથી વકીલાત કરે છે એ દર્શાવતું પ્રમાણપત્ર મેળવવા એમણે ડિસ્ટ્રિક્ટ જજને અરજી કરી. આ વખતે મોસ્કાર્ડી જ જજ હતા. એમને ઔપચારિક પ્રમાણપત્ર આપવાથી સંતોષ ન થતાં પ્રમાણપત્રમાં ઉમેર્યું "શ્રી ગાંધી ઘણા જ બુદ્ધિશાળી અને આશાસ્પદ વકીલ છે." પ્રમાણપત્રમાં મોસ્કાર્ડીનો આ અભિપ્રાય વાંચતાં જ શ્રી ગાંધીને થયું કે "મોસ્કાર્ડી મને આશાસ્પદ વકીલ ગણે છે તો નોકરી સ્વીકારી બંધનમાં પડવું એના કરતાં વકીલાતના વ્યવસાયમાં જ શા માટે ઉજ્જવળ કારકિર્દી ન મેળવવી?" આવો વિચાર આવતાં જ એમણે સબ જજની જગ્યા માટે કરેલી અરજી ફાડી નાંખી. નાના બનાવો પણ મનુષ્યની જિંદગીમાં કેવાં પરિવતનો લાવે છે? મોસ્કાર્ડીના આ નાના સરખા વાક્યે શ્રી ગાંધીના જીવનનું વહેણ જુદી જ દિશામાં વાળ્યું. શ્રી ગાંધીએ નોકરી સ્વીકારી હોત તો એક નામાંકિત જજ તરીકે નિવૃત્ત થાત પણ એમ થવાથી સૂરત શહેર અને જિલ્લાની જનતા એમની સામાજિક સેવાથી વંચિત રહેત.

જીવનમાં શ્રી.' ગાંધી એકસરખા નસીબદાર રહ્યા છે. ઓધ્ધાને એ શોધતા નથી ગયા. ઓધ્ધો એમને શોધતો આવ્યો છે. સૂરતની સરકારી હાઇસ્કૂલમાં એમણે છએક અઠવાડિયાં શિક્ષક તરીકે નોકરી કરી અને ત્યાંથી એલ્ફિન્સ્ટન કૉલેજમાં લાયબ્રેરીઅન અને હોસ્ટેલ

સુપ્રિન્ટેન્ડન્ટ થયા. કોઈ કે એમને માટે કામ કર્યું અને કયાંય એમને થઈને અરજી કરવી પડી નહિ. વકીલાતના વ્યવસાયમાં પ્રવેશ્યા પછી પણ મળેલો હોદ્દો એમના પોતાના કોઈ પણ પ્રયત્ન વિના આવી મળ્યો.

ગાંધીને મળેલી પ્રતિષ્ઠાને કારણે ૧૯૧૨ માં સેશન્સ જજ બાલકરામે એમને સરકારી વકીલનો હોદ્દો સ્વીકારવા સૂચવ્યું. આ સમયે એમનો ધંધો ધમધોકાર ચાલતો હતો અને આ સરકારી નોકરીમાં વિશેષ ફાયદો નહિ હોવાથી એમણે ના પાડી. એ વખતે મુનસફ તરીકે શ્રી. જે. ઈ. મોદી હતા. એમને ગાંધી સાથે ગાઢ સંબંધ હતો. ગાંધીની આ વાત એમને ગમી નહીં અને પૈસા માટેની વણિકવૃત્તિ છોડી પ્રતિષ્ઠાવાળો આ હોદ્દો સ્વીકારી લેવા તેમને સમજાવ્યા. ગાંધી ના પાડે તો કોઈ બીજા પ્રતિષ્ઠિત વકીલને નીમવામાં આવે અને એમ થતાં વકીલમંડળનું નેતૃત્વ સ્વાભાવિક રીતે બીજા પાસે ચાલ્યું જાય. ગાંધીએ આ હોદ્દો એ શરતે સ્વીકારવાનું કબૂલ્યું કે એ માટે પોતે અરજી નહિ કરે, પણ સરકાર તરફથી એ સ્વીકારવા એમને વિનંતી કરવામાં આવશે તો એ ના નહિ પાડે. સરકાર આ શરત નહિ સ્વીકારે એમ ગાંધી ધારતા હતા. પણ સરકારને સારા કામમાં નાનમ ના લાગી. સરકાર વતી કલેકટર એન્ડર્સને વિનંતી કરી, એમને તે હવે સ્વીકારવી પડી. ન્યાયાધીશ બાલકરામે ગાંધીની ભલામણ કરતાં લખેલું : "શ્રી. ચુનીલાલ મા. ગાંધી, બી. એ., એલએલ. બી. સમગ્ર દૃષ્ટિએ જોતાં સૂરતમાં સૌથી શ્રેષ્ઠ વકીલ છે. કાયદા વિષેનું એમનું જ્ઞાન વિશાળ છે. કોર્ટને કામ ઉકેલવાની સરળતા કરી આપવામાં એ ઘણીવાર ઉપયોગી થાય છે. કેટલીકવાર એમની રીત વિચિત્ર હોવા છતાં એમાં કોર્ટ પ્રત્યે તિરસ્કારની જરા જેટલી વૃત્તિ નથી. રાંદેર સુધરાઈના પ્રમુખ તરીકે એમણે સારી કામગીરી બજાવી છે. જો સરકારી વકીલના હોદ્દાની જગ્યા ખાલી હોય તો શ્રી. ગાંધી એ માટે સૌથી યોગ્ય છે."

ગાંધીનું ગૃહસ્થજીવન સફળ થયું, પૈસો મળ્યો, નામના મળી, ધંધામાં પ્રાપ્ત થતી સફળતાની સાથે સૂરત શહેરની જનતામાં એમને લોકપ્રિયતા પ્રાપ્ત થવા લાગી. ૧૯૦૪ ના ફેબ્રુઆરીમાં સૂરત શહેર સુધરાઈમાં ચૂંટાઈ આવ્યા. ઈ. સ. ૧૯૦૭ માં સૂરત ખાતે ભરાએલી "મુંબઈ પ્રોવીન્શિયલ પોલીટિકલ કોન્ફરન્સ" ના સેક્રેટરી તરીકે ચૂંટાયા અને એ જ વર્ષના ડિસેમ્બર મહિનામાં સૂરત ખાતે ભરાએલી "ઈન્ડિયન નેશનલ કોન્ગ્રેસ" ના સૂરત ખાતેના મંત્રી તરીકે નિમાયા. પરંતુ ચૂનીલાલ ગાંધીના સામાજિક કાર્યની વિગતો આપણે હવે પછી અવલોકીશું.

આખા કેસની વીગતો શાંતિપૂર્વક સાંભળીને આખી વસ્તુનું પૃથકરણ કરવાની ગાંધીની રીત સાંભળનાર ઉપર અસર ઉપજાવતી. થાણા જિલ્લાના આસિસ્ટંટ જજ શ્રી. ઠાકોરદાસે તેમને માટે કહેલું, "શ્રી ચૂનીલાલ માણેકલાલ ગાંધીને મેં મારા હોદ્દાની મુદત દરમ્યાન ઘણીવાર સાંભળ્યા છે. એમની કાર્યપદ્ધતિથી મને ખૂબ સંતોષ થયો છે. પોતે જે કેસ ચલાવે એ કેસની ઝીણામાં ઝીણી વીગતોનું એમનું જ્ઞાન માન ઉપજાવે એવું છે અને એ જ્ઞાનથી એમણે કોર્ટનું કામ ઘણીવાર સરળ કર્યું છે." આ જ ગુણની પ્રશંસા કરતાં એકરે લખ્યું હતું, "મેં જે કંઈ તમારા કાર્ય વિશે જોયું છે તે ઉપરથી હું એટલું તો ચોક્કસ કહી શકું એમ છું કે તમે તમારા કેસો માટે કોઈપણ પ્રયત્ન બાકી રાખતા નથી."

વ્યવહારમાં ગાંધીની રીતભાત ખૂબ વિવેકી અને સમભાવી હતી. ધંધામાં નવા દાખલ થતા વકીલો પ્રત્યે એ મમતા અને સહાનુભૂતિ રાખતા. કોર્ટમાં પોતાની સામે ઊભા રહેનાર ઉપર સખત ટીકાઓ કરતા, પણ કોર્ટમાંથી બહાર નીકળ્યા પછી તેના એ મિત્ર જ રહેતા. આવા સમભાવને લીધે ઘણા નવા વકીલો એમની સલાહસૂચના લેવા આવતા અને ગાંધી પોતાની બનતી બધી મદદ કરતા. એમના સ્વભાવમાં દંભ નથી. એમને કોઈ માહિતી ન હોય તો તે વિના સંકોચે બીજાને પૂછે. રમૂજ કરવાની વૃત્તિ એમના સ્વભાવનું બીજું આકર્ષક લક્ષણ છે. હરકોઈ પરિસ્થિતિમાંથી વિસમતાનું હાસ્યોત્પાદક તત્ત્વ એ ખોળી કાઢે છે. અને એમની ધારી પણ સચોટ વાત કરવાની લઢણને લઈને સાંભળનારને ખૂબ વિનોદ થાય છે. એંશીબ્યાશી વર્ષની ઉંમરે પણ એમની વિનોદવૃત્તિ એવી ને એવી તાજી રહેલી, અને એમની તીક્ષ્ણ બુદ્ધિની સાક્ષી પૂરતી. એમના વિનોદમાં કઠોરતા કે ડંખ નથી હોતો પણ તે પારગામી હોવાથી માણસોની સામાન્યતા અને દંભ ઉઘાડાં પાડી દે છે. આનંદી સ્વભાવ એ એમના સ્વાસ્થ્યનું એક કારણ ગણી શકાય. કામોને માટે પૂરતો સમય આપતા, પણ તેનો ભાર રાખે નહિ, ગભરાટથી બુદ્ધિભ્રંશ થવા દે નહિ. ચિન્તા કરવાનું એમના સ્વભાવમાં બહુ ઓછું છે. એને માટે સ્થિતપ્રજ્ઞ જેવું મોટું નામ ના આપીએ, પણ ચિત્તની સમતાને એમના સફળ જીવનની એક કળ કહી શકાય ખરી. સામાજિક સમારંભોમાં ભાગ લેવાનું ચૂકે નહિ. મમતાળુ રીતભાત, વ્યાવહારિકતા અને નાના મોટા પ્રત્યે એકસરખા માનને કારણે એ લોકપ્રિય બન્યા. ન્યાયાધીશો સાથેનો એમનો સંબંધ પરસ્પર ગૌરવ જાળવતી મૈત્રીનો હતો. એ સાહેબોને એમની રીતભાત ગમતી. તેમનું કાર્ય સરળ કરવામાં ઘણી વાર એ મદદગાર બનતા, છતાં કોઈ દિવસ ઓળખાણનો લાભ ઉઠાવવાનો એમને ખ્યાલ સરખો આવતો નહિ. ચારિત્ર્યના આવા ઉમદા લક્ષણને કારણે જ એમણે ન્યાયાધીશોનો આદર પ્રાપ્ત કર્યો હતો. કોર્ટથી અભિપ્રાયમાં જુદા પડતા હોય ત્યારે પોતાનો મત ચુકાદો આવી જાય પછી જ જણાવતા અને ઘણી વાર અપીલોમાં એમનો અભિપ્રાય વાજબી ઠરતો. ન્યાયાધીશો સાથે સારો સંબંધ હોવા છતાં વકીલોના અધિકારોનું રક્ષણ કરવાને ગાંધી તત્પર રહેતા. કોઈ દોષ કાઢવા તત્પર થાય તો તેમનો ઉત્સાહ કઠોરતા સુધી જઈ શકતો.

સરકારી વકીલ થયા પછી પહેલા જ કેસમાં એમને વિચિત્ર અનુભવ થયો. આ કેસમાં એક પાટીદાર છોકરી ઉપર બળાત્કાર કરવા બદલ એક રજપૂત સામે આરોપો મૂકવામાં આવ્યા હતા. આરોપીનો બચાવ તે સમયના પ્રતિષ્ઠિત વકીલ શ્રી. યુ. કે. મેઘ્રા કરતા હતા. શરીર પર કોઈ ઈજાની નિશાની નહોતી. પણ પેલી છોકરી ઈજાના અભાવ વિશે ચોક્કસ કારણો આપતી હતી એ છોકરીનું લગ્નજીવન કઢંગુ હતું. એના ધણી સાથે એનું વયનું, કદનું અને બીજી રીતનું કજોડું હતું. અને તેથી પોતાનો સંતોષ એ આવી રીતે મેળવવા પ્રેરાતી. અને પકડાઈ જતાં એણે આવો ખોટો આક્ષેપ કર્યો હતો. આરોપી છૂટી જશે એવી બચાવ પક્ષને પાકી શ્રદ્ધા હતી અને તેથી કોઈ સાક્ષી રજૂ કર્યા નહોતા. શ્રી. ગાંધીએ ફરિયાદ પક્ષ તરફથી આંતરિકબાહ્ય ઈજાઓના અભાવને સમજાવતી બધીજ તર્કબદ્ધ દલીલો કરી. બચાવપક્ષે તો પકડાઇ જવાથી છોકરીએ બૂમ પાડ્યાની દલીલનો આધાર લીધો. જ્યૂરીએ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા.

જ્યૂરીના નિર્ણયથી જજ અકળાયા. અને ચુકાદો આપવાનું મુલતવી રાખ્યું ! એમણે શ્રી. ગાંધીને તરત જ પોતાની ચેમ્બરમાં બોલાવ્યા અને જ્યૂરીના અભિપ્રાયના સાચાપણા વિશે

શ્રી. ગાંધીનો અભિપ્રાય માંગ્યો. શ્રી. ગાંધીની સ્થિતિ કઢંગી થઈ છતાં શ્રી. ગાંધીએ કહ્યું કે જે પ્રકારના માણસોની જ્યૂરી બનેલી છે તે જોતાં અને ગામડાંઓમાં જે જાતના બનાવો બને છે તે વિશેનો અનુભવ જોતાં એમનો નિર્ણય અસંગત નથી. જજે તો મક્કમતાપૂર્વક કહ્યું કે "તમે જે રીતે કેસ ચલાવ્યો અને જે દલીલો કરી તેથી આરોપીના ગુના વિશે મારા મનમાં કશી શંકા રહેતી નથી." શ્રી. ગાંધી શું જવાબ આપે? છતાં એમણે તો સ્પષ્ટતાપૂર્વક કહ્યું, "સાહેબ, મારી દલીલો તમારી કેળવાયેલી બુદ્ધિને અસર કરે એ વાત ખરી, રજૂ થયેલી જુબાની પણ સુસંગત અને ક્ષતિ વગરની છે એ વાત પણ ખરી છે છતાં આ ગુનામાં જે પ્રકારના માણસો સંડોવાયેલા છે તેમનો જીવનવ્યવહાર જોતાં હું જ્યૂરીના અભિપ્રાયને ખોટો કહી શકું નહિ." તરત જ જજે કહ્યું, "તમે જો એમ માનતા હો તો મારે કશું કહેવાનું નથી. જ્યૂરીના નિર્ણયથી હું જુદો નહિ પડું" એમ કહી આરોપીને છોડી મૂક્યો.

આ આખા બનાવ પરથી શ્રી. ગાંધીએ જ્યૂરીપદ્ધતિ વિશે પોતાનાં સંસ્મરણોમાં મનનીય વિચારો નોંધ્યા છે. આજે જ્યૂરીપદ્ધતિ બંધ થઈ ગઈ છે અને ચાલુ હતી ત્યારે પણ એના ઉપર ઘણી ટીકાઓ કરવામાં આવતી હતી છતાં શ્રી. ગાંધી એની ઉપયોગિતા જણાવતાં કહે છે : "જ્યૂરી વિશે હું કશો ખોટો અભિપ્રાય આપવા માંગતો નથી. ઘણે ભાગે તો પૂરતા કેળવાયેલા માણસો એમાં આવતા નથી, કેટલાકને અંગ્રેજીમાં ચાલતા કામકાજમાં સમજણ નથી પડતી તો વળી કેટલાકમાં દયા અને પોલીસની પદ્ધતિ સામે પૂર્વગ્રહ હોય છે એથી કદાચ એમના નિર્ણયો શંકાસ્પદ આવતા હોય. મને એક કેસ યાદ છે જેમાં એક ઝાડુવાળાની છોકરી ઉપર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને બળાત્કાર થયાના બધા જ અચૂક પુરાવાઓ હતા છતાં જ્યૂરીએ નિર્દોષ ઠેરવ્યાનો અભિપ્રાય આપ્યો. આવું તો ઘણા બધા કેસોમાં બને છે. ઉપલા કેસોમાં સેશન્સ જજે હાઈકોર્ટને કેસ મોકલ્યો અને હાઈકોર્ટે માણસને ગુનેગાર ઠેરવી પાંચ વર્ષની સજા કરી. પરંતુ અમુક અમુક કેસોમાં જ્યૂરી પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ જાય છે તેથી આખી જ્યૂરીપદ્ધતિ ખોટી છે અમ કહી શકાય નહિ. જ્યૂરીએ જેમ ખોટા નિર્ણયો આપ્યા છે તેમ કેટલાક ફોજદારી કેસોમાં જજોએ પણ ચુકાદાઓ આપવામાં ભૂલ કરી છે. હાઈકોર્ટના ઘણા ચુકાદાઓમાં સેશન્સ જજના ચુકાદાઓ રદ કરી જ્યૂરીના અભિપ્રાયો સ્વીકારવામાં આવ્યા છે. જ્યૂરી પદ્ધતિદ્વારા અમુક અમુક પ્રસંગે લોકોને વિશિષ્ટ રક્ષણ મળે છે. જ્યાં એની ખામી જણાઈ છે ત્યાં વાંક કાઢવા કરતાં ખામીની તપાસ કરી તે દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ."

બચાવના વકીલ તરીકે કરેલા કામનો જ એને અત્યાર સુધીનો અનુભવ હોવા છતાં સરકારી વકીલ તરીકેના કાર્યમાં પણ એમને સારી સફળતા મળી, આ સફળતાને કારણે સાદરા ખૂનકેસમાં પકડાયેલા રૂપાલના ઠાકોર સામે કામ ચલાવવા તેમને ખાસ મોકલવામાં આવ્યા. આ કેસમાં ન્યાયાધીશોનું પંચ ગ્રેહામ સાહેબ, હેરોલ્ડ સાહેબ, અને રાજપીપળાના મહારાજા છત્રસિંહજીનું બનેલું હતું. આરોપીઓનો બચાવ મુંબઈ હાઈકોર્ટના પ્રસિદ્ધ વકીલ ડી. બી. બિનિન્ગ તથા અમદાવાદના એવા જ પ્રસિદ્ધ વકીલ શ્રી. એચ. એન. પરીખ તથા ભોગીલાલ લાલા કરતા હતા. આ કેસમાં શ્રી ગાંધીની કામગીરી સફળ થઈ અને આરોપીઓને સજા થઈ.

શ્રી. ગાંધીની કામગીરીની તારીફ કરતાં ન્યાયાધીશ પંચે લખ્યું :

"શ્રી. ચૂનીલાલ ગાંધીએ આખો કેસ કુશળતાપૂર્વક, ખંતથી અને ન્યાયદષ્ટિથી ચલાવ્યો છે." રાજપીપળાના મહારાજા શ્રી છત્રસિંહજીએ લખ્યું, "રૂપાલના ઠાકોર સામે તમે ચલાવેલા કેસમાં તમે બતાવેલાં બુદ્ધિચાતુર્ય અને ન્યાયદષ્ટિની હું કદર કરું છું."

એ પ્રસંગથી જ રાજપીપળાના મહારાજાને ગાંધી માટે આદર પ્રગટયો જે મૈત્રીમાં પરિણમ્યો. ૧૯૧૩ થી ૧૯૨૧ સુધી આ ઓધ્ધો એમણે બજાવ્યો. દરેક અગત્યના કેસમાં એક પક્ષ તરફથી એ હોય જ, અને સામી બાજુ ઘણુંખરું એમનાથી બે વર્ષ સીનિયર ઠાકોરરામ કપિલરામ હોય.

૧૯૨૧ મા ઓમ્એ લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય તરીકે તેઓ ચૂંટાયા તેથી સરકારી વકીલ તરીકે તેમણે રાજીનામું આપ્યું. સરકાર અને જનતા બેની એકી સાથે સેવા કરવાનું તે વખતે તો શકય નહોતું.

ખેડામાં થયેલાં રમખાણોનો કેસ ચલાવવા ૧૯૧૯ના જુલાઈમાં ગાંધીને ન્યાયાધીશોના ખાસ પંચમાં નીમવામાં આવ્યા હતા. આમાં કમાણીનો પ્રશ્ન નહોતો. એક સામાજિક ફરજ તરીકે એમણે કામ સ્વીકાર્યું હતું. ૧૯૧૯ ના નવેમ્બરમાં આ કામ પડતું મૂકવાનું સરકારે નક્કી કર્યું. પણ જે કામ થયું હતું તેમાં ગાંધીની દક્ષતા અને સન્નિષ્ઠા જણાઈ હતી જેની કદર કેસમાં રોકાએલા મોટા વકીલોએ પણ કરી હતી.

ગાંધીની વકીલાતનું ક્ષેત્ર વિસ્તર્યું. પાલનપુર ને સીરોહીથી, કલ્યાણ તથા થાણાથી, જળગાંવ અને રાજકોટથી તેમને રોકવા માટે માગણી આવતી, રાજપીપળામાં એમની વકીલાત બહુ સારી ચાલતી. આ સમયમાં એમને હાઈકોર્ટના "ઓરીજિનલ સાઇડ"ના એડવોકેટ તરીકે નોંધાવાની ઇચ્છા થઈ. એ કાર્ય મુશ્કેલ હતું. બહુ થોડા જ વકીલો અને તે પણ મુંબઇના જ વકીલો એડવોકેટ તરીકે નોંધાયા હતા. એ વખતે સૂરતમાં શ્રી. વાસુદેવ જજ હતા. એમને ગાંધીએ પોતાની અભિલાષા જણાવી. વાસુદેવને એ વિચાર ગમી ગયો, તરત જ હાઈકોર્ટને એમના નામની જોરદાર ભલામણ કરતો પત્ર લખ્યો. બાલકરામે તથા મરફી સાહેબે પણ ગાંધીની અરજીને ટેકો આપતાં સુંદર પ્રમાણપત્રો આપ્યાં. એક અઠવાડિયામાં તો એડવોકેટ ઓ. એસ. તરીકે નોંધાવવા માટે હાઈકોર્ટ તરફથી ગાંધીને હાજર થવાનો પત્ર મળ્યો. સામાન્ય પ્રણાલિકા પ્રમાણે તો નામ નોંધાવનાર ઉમેદવારે કોર્ટમાં નોંધણી અમલદારની કચેરીમાં જઈ પત્રકમાં પોતાની સહી જ કરવાની હોય છે. પણ એ વખતના વડા ન્યાયાધીશ મેકલીઓડે આ પ્રણાલિકા તોડી. ગાંધીને પોતાની કોર્ટમાં બોલાવ્યા. આ ફરજ કેવી જવાબદારી ભરેલી અને ભારે છે એ વિષે ટૂંકું ભાષણ કર્યું અને પોતાની બેઠકથી ઊઠી ગાંધી સાથે હસ્તધૂનન કર્યું. આ પ્રમાણે ગાંધીને વકીલ તરીકે માનપ્રદ પદવી મળી. આ વિશિષ્ટ માન ઈ. સ. ૧૯૨૫ માં મળ્યું. આવી સફળતાઓથી પ્રોત્સાહિત થતાં ગાંધીની અભિલાષા વધતી ચાલી. એમને ખબર પડી કે મુંબઈ રાજ્યમાં "નોટરી પબ્લિક" કેટલાક વકીલો નિમાયા છે.[૧] એ માન પણ મેળવવું જોઈએ. કામ મુશ્કેલ હતું. ઘણાને એ ઓધ્ધાની તેમજ એના કાર્યના મહત્ત્વની ખબર જ નહોતી. કોઇપણ દસ્તાવેજો "નોટરી પબ્લિક" પાસે પ્રમાણિત કરાવ્યા પછી આંતરરાષ્ટ્રીય કચેરીઓમાં પ્રમાણિત ગણાય છે. અને વધારે પુરાવાની જરૂર રહેતી નથી. આ પદવી માટે તેમણે ૧૯૨૭ માં અરજી કરી. સરકારી વકીલ તરીકેનો ઓધ્ધો

---

૧. આ મહદ્માન આજે એમના સુપુત્ર શ્રી. લલિતમોહન ગાંધીને પણ પ્રાપ્ત થયું છે.

મેળવવામાં મદદ કરનાર એન્ડર્સને ભલામણ કરી અને ગાંધીને એ ઓધ્ધો સૂરત જિલ્લા માટે મળ્યો. એમાં કામનું વળતર તો નહિ જેવું હતું. પણ સામાજિક ઉપયોગિતા ખાતર ગાંધીએ આ જવાબદારીનું કામ સ્વીકાર્યું હતું. ઘણા ઓછા માણસોને આ સેવાના લાભની ખબર છે. એટલે એનો લાભ લેનાર માણસ ઓછા હોય છે. છતાં જ્યારે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ સમયે દસ્તાવેજો પ્રમાણિત કરાવવા ગાંધી પાસે જતી ત્યારે આનાકાની વિના દસ્તાવેજોમાં પૂરા ઊંડા ઊતરી ગરીબતવંગર સૌ માટે તેમણે એ કામ કર્યું છે.

મુંબઈ હાઈકોર્ટના વડા ન્યાયાધીશ બોમન્ટે ગાંધીનું નામ બાર કાઉન્સિલ એસોસીએશનના સભ્ય તરીકે બે વર્ષ માટે સૂચવ્યું. બાર કાઉન્સિલ એસોસીએશનની બેઠકો ઘણી ઓછી મળતી. તેમ છતાં એ ટૂંકા ગાળામાં પણ મુંબઈ બહારના વકીલોનો દરજ્જો વધે તે માટે તેમણે પ્રયત્ન કર્યો.

ગાંધીએ સૂરત વકીલ મંડળના સભ્ય અને પ્રમુખ તરીકે મોટી સેવા કરી છે. સંસ્થામાં તેમણે ઘણા સુધારાઓ દાખલ કર્યા અને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે યોગ્ય પગલાં લીધાં. વકીલાતના ધંધાની પ્રતિષ્ઠા સાચવવામાં એમની જાગૃતિએ મોટો ભાગ ભજવ્યો છે. કાયદાના પુસ્તકાલયમાં એમણે પુષ્કળ ગ્રંથો ઉમેરાવ્યા. "સૂરત બાર કો–ઓપરેટિવ થ્રિફ્ટ સોસાયટી" અને "ધ સૂરત એઇલીફ્સ કો–ઓપરેટિવ થ્રિફ્ટ સોસાયટી" શરૂ કરવામાં એમનો ફાળો મોટો હતો.

નવા વકીલોને યોગ્ય તાલીમ મળે એ માટે એક વર્ગ પણ એમણે ખોલ્યો હતો. સુરતના જાણીતા વકીલ નાથાભાઇ ચોકસી એમના આ વર્ગમાંના વિદ્યાર્થી હતા. આ વર્ગમાં ગાંધી જાતે કાયદાની આંટીઘૂંટીનું જ્ઞાન આપતા. કામના દબાણને લીધે વર્ગ બંધ કરી દેવામાં આવ્યો છતાં પોતે હંમેશાં એક બે નવા વકીલોને પોતાને ત્યાં કેળવણી માટે રાખતા આવ્યા હતા. એ રીતે તાલીમ પામેલા વકીલોમાંથી કોઇ મુનસફો અને ન્યાયાધીશો થયા છે, બીજા વકીલો તરીકે પ્રતિષ્ઠિત થયા છે.

સૂરત ઈલેકટ્રિક કંપનીના કાયદાના સલાહકાર તરીકે કંપનીની શરૂઆતથી ઠેઠ ૧૯૩૭ સુધી ગાંધી રહ્યા હતા. રાજપીપળા રાજ્યના મહારાજા ઘણાં કામોમાં ગાંધીની સલાહ લેતા. રાજ્યના જોડાણ વખતે રાજ્યનું નવું બંધારણ ઘડવામાં પણ તેમનો ફાળો મોટો હતો. ધરમપુરનરેશના તો એ મિત્ર હતા. ધરમપુરના દીવાન શ્રી મોદીના મૃત્યુ પછી ગાંધી એ રાજાના નાણાંકીય સલાહકાર પણ બનેલા. એમના કારભાર દરમિયાન રાજ્યની વહીવટી અને આર્થિક સ્થિતિ ઘણી સુધરેલી. પ્રજામંડળની ચળવળ વખતે ગાંધીની ડહાપણભરી દરમિયાનગીરી અને સમાધાનથી રાજ્ય અને પ્રજાના સંબંધો સારી રીતે સુધરેલા. ૧૯૩૫માં સરકાર તરફથી એમને દીવાન બહાદુરનો ખિતાબ મળ્યો ત્યારે ધરમપુરની પ્રજાએ એમને માનપત્ર આપ્યું. રાજાએ પણ એમનું બહુમાન કર્યું. એ કાર્યક્રમમાં જે જે સંસ્થાઓ સાથે શ્રી ગાંધી સંકળાયેલા હતા તે તે સંસ્થાઓના પ્રતિનિધિઓને રાજ્યના મહેમાન તરીકે નિમંત્રવામાં આવ્યા હતા.

સચીન રાજ્ય સાથે પણ એમને સંબંધ હતો. રાજ્ય પાસે નીકળતા લેણા માટે ત્રિકમ ભગુની વિધવા અને બાળક તરફથી મંડાયેલા દાવામાં શ્રી ગાંધી ઊભા રહ્યા હતા. સચીનના

નવાબે શ્રી ગાંધીની બુદ્ધિશક્તિ જોઈ એમના રાજ્યમાં દાવાઓના નિકાલમાં મદદ કરવા શ્રી ગાંધીને વિનંતી કરી. તેમને થોડો વખત જુડીશિયલ કમિશ્નર નીમવામાં આવ્યા. વડોદરાના રેસિડન્ટ સમક્ષ પણ સચીન રાજ્ય તરફથી તેઓ એકબે વાર ઊભા રહ્યા હતા.

સીરોહી રાજ્યમાં રાજાના કાકા માનસિંહ સામે કાવતરું કરવાના આરોપસર મંડાયેલી ફરિયાદમાં રાજ્ય તરફથી શ્રી ગાંધીએ કેસ ચલાવ્યો હતો. આરોપીનો બચાવ જાણીતા બેરિસ્ટર શ્રી બોલે કર્યો. ગાંધીની દક્ષતાને લીધે આરોપ પુરવાર થતાં ગુનેગારને સજા થઈ.

સૂરત શહેરમાં શિવાજી જયંતિ અંગે થએલાં રમખાણોની તપાસસમિતિના પ્રમુખ તરીકે તેમજ તાપી નદીમાં થએલી હોડી હોનારતની તપાસસમિતિમાં એમણે કામ કર્યું હતું. પાછલી વયમાં સૂરતની સાર્વજનિક લૉ કૉલેજના પ્રિન્સિપાલ તરીકે એમણે કાંઈ પણ મહેનતાણું લીધા વિના સેવા આપી અને લૉ કૉલેજની સ્થિરતાની દિશામાં શુભ શરૂઆત કરી.

૧૯૩૭ માં કૉંગ્રેસપક્ષ સત્તા સ્થાને આવ્યો ત્યારે એ સમયના મહેસૂલી પ્રધાન શ્રી. મોરારજી દેસાઈએ પોતાની સૂરતની મુલાકાત વખતે શ્રી. ગાંધીને સરકારે નીમેલા મહેસૂલી પંચમાં કામ કરવાનું નિમંત્રણ આપ્યું. આ પંચ મહેસૂલી કામકાજમાં નિર્ણય આપનારું સર્વોપરિ પંચ હતું. એના પ્રમુખ હાઈકોર્ટના નિવૃત્ત જજ શ્રી. ગોવિંદ મડગાંવકર હતા. બીજા સરકારી સભ્ય તરીકે મહેસૂલી કમિશ્નર હતા અને શ્રી. ગાંધી બિનસરકારી સભ્ય થયા. આ પંચ ઉપર એમણે બે વર્ષ કામ કર્યું. એમાં કાયદાના કૂટ પ્રશ્નોના તોડ એમણે કુનેહથી કાઢ્યા અને પ્રજાને અન્યાય ન થાય એની તકેદારી રાખી. એમ કરવામાં ઘણી વાર એમને રેવન્યુ કમિશ્નર જોડે મતભેદમાં ઊતરવું પડયું હતું. છતાં ન્યાય અને પ્રજાની સેવા ખાતર એની એમણે પરવા કરી નહીં.

૧૯૪૬ માં ફરી સ્થપાયેલી કૉન્ગ્રેસ સરકારે વહીવટી અને ન્યાયનાં ખાતાં જુદાં પાડવાં કે કેમ એ પ્રશ્ન વિચારવા માટે એક સમિતિ નીમી હતી. એ સમિતિ ઉપર પણ કામ કરવાનું શ્રી ગાંધીને નિમંત્રણ મળ્યું હતું.

વૃદ્ધાવસ્થાની અસરને લીધે એમને આરામની જરૂર લાગી. આંખ સહેજ નબળી હતી જો કે બીજી બધી રીતે એમનું સ્વાસ્થ્ય સારું હતું. એમની સ્મરણશક્તિ એવી ને એવી તીવ્ર રહી હતી. પણ હવે વકીલાતના ધંધાની પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈ સામાજિક સેવામાં શેષ જીવન અર્પણ કરવાનો તેમણે નિર્ણય કર્યો. ૧૯૪૭ના ઑગસ્ટની પાંચમી તારીખે, વકીલાતનાં કોઈપણ નવાં કામ નહિ લેવાનો તેમણે નિર્ણય કર્યો.

---

# [ ૫ ]

## સહકારી પ્રવૃત્તિ

હિંદુ અવિભક્ત અને વિભક્ત કુટુંબોના વ્યવહારની સરળતાનો મુખ્ય આધાર સહકારની ભાવના ઉપર અવલંબે છે. સમસ્ત દુનિયાનો વ્યવહાર એક બીજા રાષ્ટ્રના સહકારથી મોટે ભાગે ચાલે છે. પોતાની કારકિર્દીની શરૂઆતથી જ શ્રી. ચૂનીલાલ ગાંધી સામાજિક સેવાની ભાવનાથી પ્રેરાયલા હતા. સમાજસેવાની પ્રાપ્ત થતી કોઇપણ તક એ જવા દેતા નહીં. એમના જીવનનો મોટો ભાગ એ રીતે ઘણી જાહેર સંસ્થાઓ સાથે સંકળાયલો છે, પરંતુ સેવાનાં અનેક ક્ષેત્રોમાંથી એમણે સહકારી પ્રવૃત્તિ અને કેળવણીને પોતાની સેવાનાં વિશિષ્ટ ક્ષેત્રો તરીકે પસંદ કરી લીધાં. સહકારી પ્રવૃત્તિની શરૂઆતથી જ એક સહકારી કાર્યકર્તા તરીકે એમણે વિશિષ્ટ સેવાનો આરંભ કર્યો. ગ્રામજનતાના અને ખાસ કરીને ખેડૂતોના આર્થિક ઉદ્ધાર માટેની એમની લાગણી ઘણી તીવ્ર હતી. પોતાના આ ધ્યેયને પરિપૂર્ણ કરવાનાં સાધન એમને આ સહકારી પ્રવૃત્તિમાં દેખાયાં. સહકારી પ્રવત્તિ અને કેળવણી માટેનો એમનો પ્રેમ એટલો ઉત્કટ હતો કે એક વાર જ્યારે સહકારી મંડળીના એક રજિસ્ટ્રારે એમને પૂછ્યું કે તમને કેટલા પુત્રો છે ત્યારે એના જવાબમાં એમણે જણાવ્યું કે, "બે–સૂરત ડિસ્ટ્રિક્ટ સહકારી બેન્ક અને સૂરત સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી." હકીકતમાં પણ તેમને બે પુત્રો છે અને આ સંસ્થાઓ તેમજ પુત્રો તરફ સમાન વત્સલતાથી એ જુએ છે.

ગાંધી સૂરત જિલ્લાની સહકારી પ્રવૃત્તિના સૌથી પ્રથમ કાર્યકર્તા હતા. સહકારી પ્રવૃત્તિને વેગ આપવાને, સહકારની ભાવનાનો સંદેશો ગામડે ગામડે પહોંચાડવાને એમણે ભારે પરિશ્રમ લીધો. દેશના ઉદ્ધાર માટે ગામડાંનો ઉદ્ધાર ખૂબ જરૂરી છે અને ગ્રામોદ્ધાર માટે સહકાર વિના બીજો કોઈ આરો નથી એવો સંદેશ એમણે ગામડે ગામડે શારીરિક અને માનસિક પરિશ્રમ વેઠીને પહોંચાડ્યો. સહકારનાં સૂત્રો ચિતરાવીને જુદા જુદા પ્રસંગોએ પ્રદર્શિત કર્યાં. દેશમાં અન્યત્ર તથા વિદેશમાં ચાલી રહેલી સહકારી પ્રવૃત્તિનો અભ્યાસ કરી એનાં સારાં લક્ષણોને જિલ્લાની પ્રવૃત્તિમાં ઉતારવા પ્રયત્ન કર્યો. એમના આ પ્રવૃત્તિના સિદ્ધાન્તોના ઊંડા અને વ્યાપક અભ્યાસને કારણે એ વિશેના એમના અભિપ્રાયો પ્રમાણભૂત ગણાય છે. જિલ્લાના ઘણા યુવાન સહકારી કાર્યકર્તાઓને એમની પાસેથી પ્રેરણા અને તાલીમ મળ્યાં અને એ રીતે આખી પ્રવૃત્તિને મોટો વેગ મળ્યો. પ્રજાના સામાજિક અને આર્થિક ઉદ્ધાર માટે આ પ્રવૃત્તિની ઉપયોગિતા પ્રત્યેક આધુનિક સરકાર સ્વીકારતી થઈ છે.

ગાંધીને સહકારી પ્રવૃત્તિની પ્રેરણા મુંબઈ પ્રાંતના નિવૃત્ત એન્જિનિયર સ્વ. રા. બ. ખંડુભાઇ જી. દેસાઇ પાસેથી મળી હતી. રા. બ. દેસાઈનો પ્રથમ સિધ્ધાન્ત એ હતો કે જે કંઈ સૂચના સંસ્થાઓને આપવામાં આવે તે લેખિત જ હોવી જોઇએ. એમનો બીજો સિદ્ધાંત એ હતો કે પ્રમાણિકતા, નિયમિતતા અને સ્પષ્ટતા જાહેર જીવનમાં અનિવાર્ય છે. આ બંને સિદ્ધાન્તોનો મંત્ર રાખી ગાંધીએ આ પ્રવૃત્તિનો આરંભ ઈ. સ. ૧૯૦૯માં કર્યો.

૨૩ મી મે, ૧૯૦૬ માં ચીખલી તાલુકામાં આવેલા દેગામ નામના ગામમાં પહેલવહેલી કો–ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીની સ્થાપના થઈ હતી. ૧૯૦૯ માં આવી અગિયાર સંસ્થાઓ

રચાતાં સહકારી કાર્યકર્તાઓ અને સરકારનું ધ્યાન એના આર્થિક તંત્ર તરફ દોરાયું. ૧૯૦૮ ના અંતભાગમાં નાણાં આપનારી કોઈ મધ્યસ્થ સહકારી સંસ્થા ઊભી કરવાની પ્રવૃત્તિ શરૂ થઈ. સ્વ. રા. બ. ખંડુભાઈ અને સ્વ. ખા. બ. બમનજી મોદી, ગાંધી અને બીજા એકતાળીસ આગળ પડતા નાગરિકોએ કલેકટરના પ્રમુખપદે સભા બોલાવી. આવી સંસ્થાની રચના અંગે ઠરાવ પસાર કર્યો. ગાંધી અને બીજા પંદર જણની બનેલી સમિતિને સંસ્થાના કાયદા ઘડવાનું અને સંસ્થાને રજિસ્ટર્ડ કરવાનું કામ સોંપાયું. આ પગરણથી ગાંધીએ સહકારી પ્રવૃત્તિની શરૂઆત કરી પોતાની સેવાનો મોટો ભાગ એને અર્પ્યો. એ સંસ્થા પાછળથી "સૂરત ડિસ્ટ્રિકટ કો–ઓપરેટીવ" બેન્કમાં પરિણમી.

૧૯૦૯ થી ૧૯૧૭ સુધી ગાંધીએ બેન્કના ડાયરેકટર તરીકે કામ કર્યું અને સંસ્થાના વહીવટ અને વિકાસમાં ખૂબ રસ લીધો. આ વર્ષોમાં બમનજી મોદી અને ખંડુભાઈ દેસાઈનો સહકાર ગાંધીને મળતો હતો. ૧૯૧૭માં ખંડુભાઈ નિવૃત્ત થતાં સંસ્થાના સંચાલનનું કાર્ય ગાંધી ઉપર પડયું તેઓ બેન્કના પ્રમુખ તરીકે ચૂંટાયા. આ હોદ્દો ૧૯૧૭ થી ૧૯૪૫ સુધીનાં અઠ્ઠાવીસ વર્ષ સુધી એમણે સતત ભોગવ્યો. એ બધાં વર્ષ એમનું સંચાલન સફળ નીવડયું. એમનામાં બેન્કના ભાગીદારોનો સંપૂર્ણ વિશ્વાસ હતો. નિવૃત્ત થયા પછી પણ શેરહોલ્ડરોની વિનંતિને માન આપી ગાંધી નિરીક્ષક તરીકે ચાલુ રહ્યા. ૧૯૨૮–૨૯ માં એમને હોદ્દા ઉપરથી દૂર કરવાના પ્રયત્નો કેટલાક વિરોધીઓ તરફથી થયા હતા પણ તેમાં વિરોધીઓ ફાવ્યા નહોતા. વકીલનો વ્યવસાય પોતાનો ઘણો મોટો સમય લઈ લેતો હતો છતાં ગાંધી સંસ્થાનાં કામો પાછળ દરરોજ બે ત્રણ કલાક ગાળ્યા વિના રહેતા નહીં. બહાર જવાના હોય ત્યારે પણ બેન્કનાં અગત્યનાં કાર્યો પતાવીને જ જતા. બેન્કના હોદ્દેદારોને પણ કામ કરવાની પ્રેરણા મળતી. એમનાં વાર્ષિક સભાનાં ભાષણો બેન્કની પ્રગતિ સૂચવતાં અને આગામી વર્ષોમાં ઉપાડવાના કાર્યક્રમો પણ સૂચવતાં.

ખેતીવાડીનાં કાર્યો માટે ધીરાણ કરવામાં ગાંધીને ઘણો રસ હતો. એવા ધીરાણથી ગરીબ ખેડૂતોને નાણાંની તંગી વખતે મિલકત વેચવી પડે નહીં. પણ જ્યારે ધીરેલા પૈસા પાછા મેળવતાં મુશ્કેલી ઊભી થવા લાગી ત્યારે એમનો રસ ઓછો થયો. પણ એનો અર્થ એ નથી કે આખી ધીરાણની પ્રવૃત્તિના એ વિરોધી બન્યા. એમના હૃદયમાં હમેશાં ખેડૂતોનું હિત વસ્યું હતું અને એમને મદદ કરવા હમેશાં તત્પર રહેતા. બી, ખાતર આધુનિક સાધનો વગેરે દ્વારા ખેતીની સુધારણાની નવીન યોજનાઓ તેઓ ઘડતા. ખેડૂતોને કચડી નાંખતા દેવાના નિવારણ માટે નવી નવી યોજનાઓ તૈયાર કરતા. એ સારુ મુસાફરીઓનો ખૂબ પરિશ્રમ વેઠતા. ઘણી વાર ઇન્સ્પેકટરોની ડાયરી પણ તપાસતા અને રાત્રે ચોકીદારોની તપાસ માટે રાત્રે બેન્કની પણ મુલાકાત લેતા. આ બધું એમને બેન્કના ભંડોળનું રક્ષણ કરવા કરવું પડતું. પોતાની આવી અંગત કાળજીને કારણે બેન્કની પ્રતિષ્ઠા વધી. નાણાંનું રોકાણ, મૂડી વગેરે ઉપર એ કાળજીપૂર્વક ધ્યાન રાખતા અને એથી પ્રાંતની પ્રથમ પંક્તિની બેન્કોમાં સૂરત ડિસ્ટ્રિકટ કો–ઓપરેટીવ બેન્કનું સ્થાન ગણાવા લાગ્યું. બેન્કની મૂડી વધતી ગઈ અને બેન્કનો નફો પણ ઘણો વધ્યો. ૧૯૪૧ માં ગાંધીના પ્રમુખપદને પચીસ વર્ષ પૂરાં થતાં હોવાથી એ નિમિત્તે બેન્કે રૌપ્ય મહોત્સવ ઊજવ્યો.

બેન્કની મુલાકાત લેનાર જુદી જુદી વ્યક્તિઓએ બેન્કની પ્રગતિ વિશે સારો અભિપ્રાય જણાવ્યો. આજે બેન્કની પંદર શાખાઓ છે અને નવી નવી શાખાઓ ઊઘડતી જાય છે. આપણી

અત્યારની સરકાર ગામડાંના આર્થિક ઉદ્ધાર પ્રત્યે પૂરતું લક્ષ્ય આપતી હોવાથી આ સંસ્થાનું ભાવિ ઘણું ઉજ્જવળ છે એમ સૌને લાગે છે. પરંતુ જ્યારે પાયાનું કામ શરૂ કર્યું ત્યારે મુશ્કેલીઓ અસાધારણ હતી.

૧૯૦૯-૧૦ માં બેન્કની થાપણ રૂ. ૧૫,૭૫૦) હતી. ૧૯૪૭-૪૮ માં એ આંકડો રૂ. ૯,૭૫,૬૭૭) સુધી જઈ પહોંચ્યો છે. આ આંકડાઓ જ બેન્કની પ્રગતિ દર્શાવે છે. આ સિદ્ધિ ચૂનીલાલ ગાંધીએ ઉપાડેલી જહેમતને આભારી છે. આ બેન્ક ગ્રામજનતા તેમજ શહેરી જનતામાં લોકપ્રિય થઈ અને "ગાંધી બેન્ક" એવા બીજા નામથી પણ ઓળખાતી થઈ. ગાંધીનું ધ્યેય પ્રત્યેક પ્રાથમિક પ્રકારની સોસાયટીઓમાં, ધીરાણમાં, ઘર બાંધવાની પ્રવૃત્તિમાં સહકારની ભાવનાને વ્યાપક બનાવવાનું હતું. બેન્કની સમૃદ્ધિને એ ભાવના પ્રસારવામાં એમણે ઉપયોગમાં લીધી. આમ કરતાં કોઈ કોઈ વાર સરકારી અમલદારો જોડે એમને ઘર્ષણમાં ઊતરવું પડતું કારણ કે સરકાર બધી પ્રવૃત્તિઓને એકમાં જોડવા માંગતી નહોતી. ૧૯૩૦ માં બેન્કને પોતાનું મકાન તૈયાર થયું ત્યાં સુધી ભાડાનાં મકાન રાખવાં પડતાં. મકાનો વારંવાર બદલવાં પડતાં તેથી બહુ અગવડ પડતી. હવે ૧૯૩૦ થી એ અગવડ ટળી. ગાંધી સૂરત ઇલેક્ટ્રીક કંપનીના ડાયરેક્ટર હોવાથી આ બેન્કની એ કંપનીનાં બિલો ઉઘરાવવા માટે બેન્કર તરીકે નિમણૂક કરાવતાં કમિશન વગેરેમાંથી બેન્કને સારો ફાયદો થયો.

બેન્કના રૌપ્ય મહોત્સવના પ્રમુખસ્થાનેથી નિવૃત્ત રજિસ્ટ્રાર શ્રી. માદને ગાંધીની અવિરત સેવાને અંજલિ આપતાં જણાવ્યું હતું, "શ્રી. સી. એમ. ગાંધીની જહેમતને કારણે જ બેન્ક ઝડપી પ્રગતિ સાધી શકી છે. બેન્કની ચાલુ મૂડી રૂા. ૩૯ લાખની થઇ છે. એમની આ ભવ્ય સિદ્ધિ માટે એમને હું અભિનંદન આપું છું. સૂરત શહેરના અગ્રગણ્ય નાગરિક તરીકે એ અનેક સંસ્થાઓ સાથે સંકળાયલા હોવા છતાં બેન્ક માટે એ પોતાનો વખત આપી શક્યા એ નોંધપાત્ર છે.'' દી. બ. હીરાલાલ કાજીએ પણ શ્રી. ગાંધીને બેન્કની પ્રગતિ સાધવામાં અર્પેલી સેવા બદલ અંજલિ આપી હતી. દેશવિદેશના સહકારવાદીઓએ આ પ્રસંગે તેમની સેવા બિરદાવી હતી.

સૂરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેન્કની જેમ સૂરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ ઈન્સ્ટીટયૂટને શ્રી. ગાંધીની સેવા મળી છે. એની સ્થાપનાથી માંડી એનાં બંધારણ, કાયદા વગેરે ઘડવામાં ગાંધીએ મુખ્ય ભાગ ભજવ્યો છે. ૧૯૩૧ થી ૧૯૩૯ સુધી એ સંસ્થાના તેઓ પ્રમુખ હતા. સૂરતની સંસ્થા મુંબઈ પ્રાંતની કો-ઓપરેટીવ ઈન્સ્ટીટયૂટની શાખા હોવાથી એને મુખ્ય ઓફિસે ફરમાવેલા નિયમોમાં રહી કામ કરવું પડતું અને કેટલીક મર્યાદાઓ નડતી. આવી સંસ્થાની જરૂરિયાત અને ફાયદાઓનો સંપૂર્ણ ખ્યાલ ગાંધીને હતો. એ દ્વારા સહકારની ભાવના અને કેળવણીને વ્યાપક બનાવી શકાય એમ છે એ એમણે જોઈ લીધું હતું. ખેતી વિષયક સહકારી ધોરણે શરૂ થયેલી ધીરાણયોજના સફળ નહીં થતાં એમનું ધ્યાન બીજાં ક્ષેત્રો તરફ ગયું. સહકારનાં અનેક ક્ષેત્રોમાં સફળતા આણવા સૂરતની શાખાને એના ઉપર લદાયલી મર્યાદાઓ-માંથી મુક્ત કરી સ્વતંત્ર બનાવવી જોઈએ એમ એમને લાગતું. એ માટે એમણે ઘણા પ્રયત્નો કર્યા છતાં સફળતા મળી નહીં, આમ છતાં એમના પ્રમુખપણા નીચે સંસ્થાને એમના વિશાળ

અનુભવનો લાભ મળ્યો. પ્રમુખ તરીકે એમણે સંસ્થામાં નવું ચેતન આણ્યું. ૧૯૨૪–૨૫ માં સંસ્થાની આવક રૂ. ૭૭૨) હતી તે વધીને ૧૯૩૪–૩૫ માં રૂ. ૨,૪૩૭) થઈ. પછીનાં બે વર્ષોમાં આવક ઓછી થઈ જતાં, મુખ્ય શાખાની નીતિ અનુસાર સૂરતની શાખાને બંધ કરી દેવામાં આવી. પોતાના સહકાર્યકર્તાઓના ઉત્સાહથી પ્રેરાઈને ગાંધીએ આ સંસ્થાની સાથે જોડાયેલી શાખાઓને ગામડાંમાં લોકપ્રિય કરવાને વધારે ઉત્સાહથી કામ કરવા માંડ્યું. સંસ્થાઓને લોકપ્રિય કરવા સારુ અધિકારીઓ સાથે અનેક પ્રશ્નોની ચર્ચા કરતા. ઝીણી ઝીણી વિગતોમાં ઊતરી પ્રચાર માટેનાં સૂચનો આપતા. આ બધા પ્રયત્નથી ગામડાંમાંની સંસ્થાઓની સ્થિતિ સુધરી. ખેતીની પેદાશનું યોગ્ય વેચાણ કરી શકે એવી સોસાયટીઓની સ્થાપના કરવાની પ્રવૃત્તિ પણ એમણે શરૂ કરી. આવી સંસ્થાઓ દ્વારા બી, ખાતર, ઢોરઉછેર, દૂધ, સહકારી ધોરણે ઘરબાંધણી વગેરે બાબતો અંગે પ્રવૃત્તિ કરવાની એમની નેમ હતી. ચોખાનું વેચાણ કરનારી અને ઉતારૂ–મોટર ચલાવનારી સોસાયટી ચીખલી તાલુકામાં, મીઠું વેચનારી સોસાયટી વલસાડ તાલુકામાં, ફળ ઉગાડનારી અને વેચનારી સોસાયટી પારડી તાલુકામાં, દૂધ અને સીંગદાણા વેચનારી સોસાયટી ચોર્યાસી તાલુકામાં, ઘીનું વેચાણ કરનારી સોસાયટી બારડોલી તાલુકામાં સ્થપાઈ. ઉપરાંત આખા જિલ્લામાં સહકારી ધોરણે ખરીદવેચાણ કરનારી તેમ જ સહકારી ધોરણે ઘરબાંધનારી ને એક પુસ્તકો વિતરણ કરનારી સંસ્થા સૂરત ખાતે સ્થાપી. કોઈ કોઈ નવી સંસ્થાઓ બંધ પણ કરવી પડેલી. પણ ગાંધીનો ઉત્સાહ ઓછો થયો નહીં. સહકારી ધોરણે ખરીદવેચાણ કરવાનું તથા ખેતી વિકસાવવાનું કાર્ય આદરવાનો અનુરોધ કરવા ભાષણોની યોજના એમણે કરી. સહકારી ભાવનાના પ્રચારાર્થે ચિત્રો બતાવવાનું કામ પણ ઉપાડ્યું. જ્યારે જ્યારે એમને વખત મળતો ત્યારે ત્યારે ગાંધી સહકારી ભાવનાના પ્રચાર માટે પ્રચારઅધિકારી સાથે જિલ્લામાં દૂરદૂરનાં ગામડાં સુધી જતા. ગ્રામ અને શહેરી સોસાયટીના મંત્રીઓને તાલીમ આપવાના વર્ગો ઉઘાડવામાં આવ્યા. તેમાં તેઓ શિક્ષણ આપવા જતા. ગુજરાત સહકારી શાળાની સ્થાપના કરી, તેના એઓ પ્રથમ આચાર્ય થયા. ઘણાં વર્ષો સુધી એ શાળાનું સંચાલન એમણે કર્યું. "સહકાર પત્રિકા" નામની એક માસિક પત્રિકા કાઢી તેના તેઓ તંત્રી થયા. આર્થિક મુશ્કેલીને કારણે થોડોક વખત એ પ્રકાશન બંધ થઈ ગયું. પણ પાછળથી "ખેડૂત–ખેતી સહકાર" એવા નવે નામે એનું પુનઃ પ્રકાશન કર્યું. એ થોડો વખત ચાલ્યું ને આર્થિક મુશ્કેલીઓને લીધે બંધ કર્યું. વિદ્યાર્થીઓને અભાવે શાળાને બે વાર બંધ કરવી પડી હતી. એકંદરે, એ શાળાની પ્રગતિ તથા એણે કરેલી જિલ્લાની સેવા પ્રશંસનીય છે.

ગાંધી ઘણાં વર્ષ મુંબઈની પ્રાંતિક કો–ઓપરેટીવ કાઉન્સિલના એની કાર્યવાહક અને શિક્ષણવિષયક સમિતિના સભ્ય હતા. એની સભાઓમાં એ નિયમિત જતા અને એના સંચાલનમાં ઘણો આગળ પડતો ભાગ લેતા. આ કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે એમણે અખિલ ભારતીય સહકારી મંડળીના અધિવેશનમાં લાહોર, દિલ્હી, મદ્રાસ વગેરે શહેરોમાં હાજરી આપી હતી. અને એની નીતિ નક્કી કરી જુદા જુદા પ્રાંતોને ભલામણ કરવાની વિચારણામાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

૧૯૩૬–૩૭ માં પ્રાંતિક સહકારી ઈન્સ્ટીટયૂટના એ ઉપ–પ્રમુખ થયા અને સાથે એની કારોબારીના પ્રમુખ નિમાયા. એમણે સંસ્થાનું આર્થિક અને વહીવટી સંચાલન નિયમશીલતા અને દક્ષતાથી કર્યું. એમના આ ઓધ્ધા દરમિયાન બે પ્રશ્નો ઉકેલવાના હતા. એક તો વિઠ્ઠલદાસ

ઠાકરસી સ્મારક ઊભું કરવા બોમ્બે પ્રોવીન્શીઅલ કોર્પોરેશન બેન્કે કરેલું દેવું અને બીજી બધી શાખાઓ બંધ કરી જિલ્લાબોર્ડો મારફત કામ કરવાનું સંસ્થાનું બંધારણ. સરકારે સૂચવેલા આ કામના ઉકેલ સારુ તેમજ દક્ષિણની કેટલીક શાખાઓના મુખ્ય સંસ્થા સાથેના ઝઘડા પતાવવા સારુ ગાંધીએ ઘણી મહેનત કરી. આ જવાબદારીનો બોજો વધી પડતાં ઈ. સ. ૧૯૩૮–૩૯ માં એમણે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું. એમણે કરેલી સેવાની કદર કરી સંસ્થાનું માનદ્ આજીવન સભ્યપદ એમને અર્પવામાં આવ્યું. વર્ષમાં એકવાર સંસ્થાના વાર્ષિક દિનની ઉજવણી કરવામાં આવતી. એવા હરેક પ્રસંગે તેઓ વ્યાખ્યાન આપતા. ગામડાંઓમાંથી આવી ઉજવણી પ્રસંગે કાર્યકર્તાઓને બોલાવી સભાઓ ભરવામાં આવતી. જિલ્લા બહારથી પણ સહકારી કાર્યકર્તાઓને બોલાવી વ્યાખ્યાનો આપવામાં આવતાં અને એ રીતે સહકારી ભાવનાનો પ્રચાર થતો. ઉજવણીમાં મનોરંજનનો પણ કાર્યક્રમ રહેતો. આમ અખિલ ભારત સહકારી પ્રવૃત્તિના એક આગળ પડતા ક્રિયાશીલ કાર્યકર્તા તરીકે ગાંધી જાણીતા થયા.

હોલ્કર રાજ્ય તરફથી પણ એમને આવા અધિવેશનના પ્રમુખપદ માટે નિમંત્રવામાં આવ્યા હતા. પોતાની અનેકવિધ પ્રવૃત્તિમાંથી હોલ્કર રાજ્યના સહકારી અધિવેશનમાં તેમની પ્રમુખ તરીકે વરણી થઈ. ત્યાં એમનાં જ્ઞાન અને દક્ષતાની સરસ છાપ પડી હતી.

૧૯૨૫ માં શરૂ થયેલી સૂરત જિલ્લા વિદ્યાર્થી સહાયક સહકારી મંડળ એમની પ્રેરણાથી સ્થપાયું. સંસ્થાનું ધ્યેય ગરીબ વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ આગળ વધારવા નાણાંકીય મદદ કરવાનું હતું. આ સંસ્થા ઓછે વ્યાજે અગર વ્યાજ વગર માત્ર બે વ્યક્તિઓના જામીન ઉપર રૂપિયા ધીરે છે અને પછી યોગ્ય હપ્તાથી નાણાં વસૂલ કરે છે. ૧૯૩૧ માં આવી મદદ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧૭ હતી. આજે ૩૫૦ છે. ગાંધી આ મંડળની દેખરેખ અને સંચાલન પાછળ ઘણો સમય ખર્ચતા કેમકે એમને કેળવણી અને જાહેર સેવા માટે ખૂબ ઉમંગ હતો. કોઈક શ્રીમંત વ્યક્તિને કે પોતાના અસીલોમાંથી કોઈકને કહીને મંડળમાં પૈસા અપાવતા. કોઈક વાર ફંડ પણ ઉઘરાવતા. આ સંસ્થામાં જીવનપર્યંત એમનો રસ ચાલુ હતો. આ સંસ્થાનો લાભ ઘણા વિદ્યાર્થીઓએ લીધો છે. એમાંના કેટલાક સારી પેઠે આગળ ધપ્યા છે. આ મંડળમાંથી લોન લઈ એક વિદ્યાર્થી આઇ. સી. એસ. પણ થઈ શકયો હતો. આજે આ સંસ્થા સૂરતને આશીર્વાદરૂપ થઈ પડી છે.

એવી બીજી અગત્યની સંસ્થા જેની ગાંધીએ ઘણી સેવા કરી હોય તે "બોમ્બે કો-ઓપરેટી ઇન્સ્યોરન્સ સોસાયટી" છે. પ્રો. હીરાલાલ કાજીને એ સંસ્થાનો વિચાર આવ્યો અને ગાંધીનો તેને સહકાર મળ્યો. કેવળ મુંબઈ પ્રાંત માટે શરૂ થયેલી એ સંસ્થા આખા દેશમાં કામ કરતી થઈ ગઈ છે. ગાંધી એના ડાયરેકટર થયા. એના શેરો ખરીદ્યા તેમજ બેન્ક પાસે ખરીદાવ્યા. ૧૯૩૬ માં એના પ્રમુખ થયા પછી તેમણે સોસાયટીની ખિલવણી માટે પ્રયત્નો કર્યા. યોગ્ય વ્યક્તિઓને મેનેજરો બનાવી જુદાં જુદાં શહેરોમાં એની શાખાઓ વધારી. અંગત દેખરેખ રાખી સંસ્થાની પ્રગતિ સાધી. ૧૯૪૧ માં એ નિવૃત્ત થયા ત્યારે આ સંસ્થાએ ઘણી સારી પ્રગતિ અને સિદ્ધિ સાધ્યાં હતાં.

"સૂરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ પરચેઝ એન્ડ સેઈલ યુનિયન"ને પણ તેમની સેવાનો ખૂબ લાભ મળ્યો છે. આવી સંસ્થાની સ્થાપના કરવાનો વિચાર એમને ૧૯૩૧ માં આવતાં,

બેન્કના બે મેનેજરોને આવી સંસ્થાના સંચાલન માટે અનુભવ મેળવવા પશ્ચિમ ખાનદેશ ધૂળિયા અને શિરપુર ખાતે ચાલતી આવી જ સંસ્થાના નિરીક્ષણ માટે મોકલ્યા. કેટલાંક કારણોસર ૧૯૩૭ સુધી સંસ્થાએ ઘાટ ના લીધો. નવેસરથી પ્રયત્ન કરવામાં આવ્યા. સંસ્થાનું ધ્યેય ખેડૂતોના અને નાના કારીગરોના ઉત્પાદનને સહકારી ધોરણે યોગ્ય રીતે વેચવું અને એ જ રીતે એમની જરૂરિયાતો સહકારી ધોરણે ખરીદવી એ હતું. ખેડૂતો અને નાના કારીગરોના આર્થિક પુનરુદ્ધાર માટે કાંઈ ને કાંઈ કાર્યો કરવાની ગાંધીને ખાયેશ હતી. આ સંસ્થા એ દિશામાં પગલું હોવાથી તેમણે એને ખરા હૃદયથી મદદ કરી. ૧૯૩૯ માં ખેડૂતો માટેનો ઋણ રાહત ધારો પસાર થયો. એ વખતે ખેતીનો પાક લઈ તેની વહેંચણી કરવાનુ કાર્ય સંસ્થાઓ અને બેન્કને માથે આવ્યું. ગાંધીની ઇચ્છા એ કામ યુનિયનની મારફતે કરાવવાની હોવાથી મુંબઈ જઈ રજિસ્ટ્રારને પોતાના વિચારો સમજાવ્યા. સરકારે એ મંજૂર રાખ્યા અને યુનિયનને પોતાની ડીપો દીઠ રૂ. ૩૦૦)ની મદદ આપી. માપબંધી દાખલ થતાં આ ભંડારે અનાજ ભેગું કરી યોગ્ય રીતે વહેંચણી કરી. આ યુનિયનને આટલી કક્ષાએ પહોંચાડવામાં ગાંધી સાથે સ્વ. ચીમનલાલ કલાર્કનો પણ સારો પ્રયત્ન હતો. ૧૯૪૮માં યુનિયને ગાંધીને પોતાના પ્રથમ પ્રમુખ તરીકે ચૂંટયા. તે સમયના સંજોગોમાં અને ગાંધીની ઉંમર જોતાં આ જવાબદારી ભારે હતી. છતાં તેમણે સાવધાની, દક્ષતા અને સેવા–ભાવથી એ પૂરી-કરી અને સંસ્થાના સંચાલનને આદર્શ બનાવ્યું.

રૂ ના વેચાણ માટે પણ તેમણે સહકારી ધોરણે મંડળીઓ ઊભી કરાવી. ખેડૂતોને વેપારીઓ ઉપર આધાર રાખી બેસી રહેવું પડતું હતું તે આવી મંડળીઓથી દૂર થયું. આવી મંડળીઓને બેન્કમાંથી નાણાંકીય મદદ આપી. આજે બોરપાડ અને ચોર્યાસી તાલુકામાં લગભગ પચાસેક મંડળીઓ સહકારી ધોરણે રૂનું વેચાણ કરતી થઈ ગઈ છે. બીજા વેપારીઓ જોડે તેમજ જીનવાળાઓ જોડે ધંધામાં હરીફાઈ ઊભી થઈ ત્યારે આ બધી મંડળીઓનું એકીકરણ કર્યું અને જોઈતી નાણાંકીય મદદ બેન્ક દ્વારા પૂરી પાડી. ખેડૂતોને આર્થિક રીતે ઘણો ફાયદો થયો. સંસ્થાનું કામ સરસ ચાલ્યું. તેથી એનો અભ્યાસ કરવા માટે પ્રાન્તના જુદા જુદા ભાગોમાંથી અધિકારીઓ અને બિનઅધિકારીઓ આવ્યા હતા. સમગ્ર સંચાલનમાં ગાંધીની દક્ષતા અને અનુભવ કામ કરી રહ્યાં હતાં. કાયદા દ્વારા જ્યારે નાણાં વ્યાજે લેવા ઉપર અંકુશ મૂકવામાં આવ્યો ત્યારે આ મંડળીઓને એ કાયદામાંથી મુક્ત રાખવા તેમણે ઝુંબેશ ઉપાડી અને એમાં એમને થોડીઘણી સફળતા મળી. ખેતીના ક્ષેત્રમાં સહકારી ધોરણે ઢોરઉછેર અને ઢોરના વીમાની યોજના શરૂ કરવાની ગાંધીની ઇચ્છા હતી પરંતુ કેટલીક મર્યાદાઓને લીધે એ ઇચ્છાઓ પાર પડી નહીં. હાઉસિંગ સોસાયટીની યોજના અનુસાર એક ત્રિભુવનનગર અને બીજું આનંદનગર એમ બે ઊભાં થયાં, પણ થોડાક વખત પછી પહેલું મંડળ બંધ થયું. બીજાનું કામ સારું ચાલે છે. આજ સુધીમાં અઢાર બંગલાઓ બંધાયા છે. એના અભ્યાસ માટે તેમણે બેન્કના બે મેનેજરોને અમદાવાદ મોકલ્યા. એમના અહેવાલ પછી આનંદનગર સોસાયટીને બેન્કે નાણાંકીય મદદ આપી.

ડિસ્ટ્રિકટ બોર્ડ ઑફ સુપરવાઈઝર્સ યુનિયનને પણ ગાંધીએ સલાહસૂચના આપી હતી. જુદી જુદી સંસ્થાઓને ભેગી કરી અને નાણાંકીય મદદ કરી. એ જિલ્લાબોર્ડના ઉપક્રમે એક સહકારી શાળા ચાલે છે અને એનું મુખપત્ર પણ છે.

સરકારે જ્યારે "લેન્ડ મોર્ગેજ બેન્ક" કાઢવાનું નક્કી કર્યું ત્યારે એને સફળતા નહિ મળે એમ એમણે જણાવ્યું. એમ છતાં સરકારે એવી બેન્કની શરૂઆત કરી. પરંતુ અનુભવી નોકરોને અભાવે બેન્ક નિષ્ફળ થઈ. એને સૂરત ડિસ્ટ્રિક્ટ કો–ઓપરેટીવ બેન્કમાં સમાવી દેવામાં આવી છે અને એ બેન્કના એક ખાતા તરીકે આજે તેનું કામ ચાલે છે.

રા. સા. વૃંદાવન જાદવે શરૂ કરેલી "સૂરત શહેર દૂધ પૂરું પાડનારી સહકારી મંડળી" ને પણ ગાંધીએ વારંવાર દોરવણી આપી હતી. એક દાયકા સુધી આ મંડળીએ સૂરત શહેરની જનતાની ઘણી સરસ સેવા બજાવી હતી.

વણકર અને જરી કામદારોને ભેગા કરી સહકારી ધોરણે કામ કરવાનું તેમણે વર્ષો પૂર્વે સૂચવ્યું હતું પણ ત્યારે પરિણામ નહોતું આવ્યું. ૧૯૪૪ માં સૂતરની માપબંધી દાખલ કરવામાં આવી ત્યારે "સૂરત વીવર્સ કો–ઓપરેટીવ પ્રોડયુસર્સ સોસાયટી" ની સ્થાપના થઈ. એના બંધારણ આદિ નિયમો ઘડવામાં તેમણે ઘણી સહાયતા કરી. એના સંચાલનમાં મતભેદની કટોકટીમાં એમના શાણપણે તોડ કાઢયો હતો. વણાટના ઉદ્યોગના જેવો જ બીજો મહત્ત્વનો ઉદ્યોગ જરીનો સૂરત શહેરમાં છે. એ ઉદ્યોગમાં આશરે ત્રણેક હજાર માણસો કામ કરે છે. આ કારીગરોને કાચો માલ મેળવવાની મુશ્કેલી પડવા માંડતાં એમણે પણ સહકારી ધોરણે મંડળી સ્થાપવાનું નક્કી કર્યું. એને પણ શરૂઆતમાં ગાંધીએ સલાહસૂચના આદિ દ્વારા ઘણી મદદ કરી. આ બંને સંસ્થાઓ પગભર થઈ છે ને પ્રગતિને પંથે છે. મધ્યમવર્ગને રાહત મળે તે સારુ વકીલો, કારકુનો અને બેલીફોનાં સહકારી મંડળો તેમજ પ્રાથમિક શાળાના શિક્ષકોનાં મંડળો, મ્યુસિપાલિટીના કામદારોનાં મંડળો, કેટલીક જ્ઞાતિઓનાં મંડળો તેમની પ્રેરણા અને આગેવાનીથી સ્થપાયાં છે. આમાં ઘણાં મંડળો પ્રગતિ કરી રહ્યાં છે અને મધ્યમ વર્ગના ઘણા માણસો તેમજ કામદારો પઠાણી વ્યાજમાંથી બચ્યાં છે.

પાકટ વૃદ્ધાવસ્થામાં પણ તેઓ શકય હોય ત્યાં સહકારી ધોરણે કામ કરનારી યોજનાઓ વિચાર્યા કરતા. અત્યારના આર્થિક કટોકટીના કાળમાં મધ્યમ વર્ગને ભણતર, દવા, ઘર આદિની ભારે મૂંઝવણ રહેતી હોય છે અને એનો એક માત્ર ઉપાય વ્યવસ્થિત સહકારથી કામ કરવાનો છે. એમણે ગરીબ વર્ગના લોકોને દવાદારૂમાં રાહત મળે એ માટે સૂરત શહેર સારુ યોજના વિચારી હતી. એ યોજના અનુસાર વર્ષે નજીવું લવાજમ નીચલા મધ્યમ વર્ગનાં કુટુંબો ભરે અને આખા વર્ષ દરમ્યાન કુટુંબના સભ્યોને દવા મળ્યા કરે. એ માટે બીજી મદદ ધનિક વર્ગ તરફથી મળે. મ્યુનિસિપાલિટી અને સરકાર પણ ગ્રાન્ટરૂપે મદદ આપી શકે. ભંડોળમાંથી દવાનાં સાધનો ખરીદાય અને ડાકટરોને પણ અમુક વળતર મળે.

રા. સા. જાદવે શરૂ કરેલી "સૂરત પીપલ્સ કોઓપરેટીવ બેન્ક"ને ગાંધીનાં સલાહસૂચનો મળ્યાં હતાં. "પ્રોવિન્શિયલ કોઓપરેટીવ બેન્ક, લિ."ને પણ તેમની સલાહરૂપી મદદ મળી હતી. ગુજરાતની સેન્ટ્રલ બેન્કોના પ્રતિનિધિ તરીકે તેઓ પ્રોવિન્શિયલ બેન્કના ડાયરેકટર થયા. એના જુદાં જુદાં ક્ષેત્રોમાં એમણે કામ કર્યું હતું અને પ્રાંતની આ અગત્યની બેન્કની નીતિ ઘડવામાં એમણે ઘણો અગત્યનો ભાગ ભજવ્યો હતો.

શ્રી. વૈકુંઠભાઇ મહેતાએ શરૂ કરેલા "બોમ્બે કોઓપરેટિવ બેન્ક એસોશિયેશન"ને એમની સલાહનો લાભ મળ્યો છે. શ્રી. વૈકુંઠભાઇ મહેતાએ એમના કામની સરસ પ્રશંસા કરી છે: "મુંબઈ રાજ્યના એક પીઢ સહકારી કાર્યકર્તા શ્રી. ચૂનીલાલ માણેકલાલ ગાંધી આ એસોસિયેશનના એક આગળ પડતા ઉત્તેજક છે. એના અનેક પ્રશ્નોની ચર્ચા વખતે એમણે આગળ પડતો ભાગ લઇ મદદ કરી છે. એમણે કદી પણ મંડળના કોઈપણ ઓધ્ધા માટે ઉમેદવારી કરી નથી, છતાં એમને હાજર રહેવા ખાસ નિમંત્રણ આપવામાં આવ્યાં હતાં. એમણે આપેલાં સલાહસૂચનો હંમેશાં ઉપયોગી અને વિચારણીય નીવડ્યાં છે. કાયદાના પ્રશ્નો વિશે પણ એમની સલાહ ઉપયોગી અને મદદરૂપ નીવડી છે. આ બધું કાર્ય એમણે કોઇ પણ વેતન વિના કર્યું છે."

શ્રી. ચૂનીલાલ ગાંધીની સેવાની આલોચના એમના સહકારી ખાતાના અમલદારો સાથેના સંબંધના ઉલ્લેખ વિના અધૂરી રહે. સહકારી અમલદારો સાથે એમના સંબંધો મીઠા રહેતા. મતભેદો ઊભા થતા, થાય જ, છતાં પણ એમની પ્રમાણિકતા, ઉત્સાહ, નિઃસ્વાર્થતા અને નિખાલસતાને કારણે તેઓ સૌ એમના મિત્ર બની રહેતા. સંસ્થાઓ અંગે ઘણા ઝઘડાઓમાં એમને લવાદ બનાવવામાં આવતા. તેઓ અભિગ્રહ કે પૂર્વગ્રહ વિના ચુકાદો આપતા અને એ ચુકાદો બંને પક્ષ તરફથી વધાવી લેવામાં આવતો. આમ અનેકાનેક રીતે તેમણે સૂરત શહેર, સૂરત જિલ્લો અને મુંબઈ રાજ્યની સહકારી ક્ષેત્રમાં વિવિધ સેવા કરી છે જે ચિરસ્મરણીય રહેશે.

# [ ૬ ]

## કેળવણીના ક્ષેત્રની સેવા

શ્રી. ચૂનીલાલ ગાંધીની મુખ્ય સેવા કેળવણીના ક્ષેત્રમાં થયેલી છે. સૂરત જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ કેળવણીના ઘડતર અને વિકાસમાં એમનો ફાળો ઘણો મહત્ત્વનો છે. આ સેવાની શરૂઆત ઈ. સ. ૧૮૯૩થી કરી હતી. બી. એ. ની ઉપાધિ મેળવ્યા પછી સૂરતની સરકારી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે એમણે નોકરીની શરૂઆત કરી. કેળવણીનો વિકાસ કરવાનાં બીજ આ જ સમયથી એમના મનમાં રોપાયાં અને ધીરે ધીરે પાંગરતાં ગયાં. ગણિત અને ઇતિહાસ એ બન્ને એમના પ્રિય વિષયો હતા અને એ વિષયો ઘણી કુશળતાથી શીખવી વિદ્યાર્થીઓની પ્રીતિ એમણે સંપાદન કરી. શ્રી. ગાંધી એક આદર્શ અને સફળ શિક્ષક થઇ શકયા હોત પરંતુ એમના ભાગ્યમાં એક સફળ વકીલ થવાનું નિર્માયું હતું. થોડો વખત પછી કાયદાના અભ્યાસ માટે સૂરત છોડી મુંબઈ જવાનું થતાં શિક્ષક તરીકેની એમની કારકિર્દીનો અંત આવ્યો.

મુંબઈમાં પણ વિદ્યાર્થીઓ સાથેનો એમનો સંપર્ક તો ચાલુ જ રહ્યો. એલ્ફિન્સ્ટન કૉલેજ હોસ્ટેલના સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યા એમને મળી. આ તકનો લાભ લઈ વિદ્યાર્થીઓ સાથે હળીમળીને તેમના માનસનો પરિચય એમણે મેળવી લીધો જે એમને એમના ભાવિ કાર્યમાં ઘણો ઉપયોગી નીવડ્યો. પુસ્તકાલયની વ્યવસ્થા એમણે ખંતપૂર્વક કરી. એમાં નવીન પુસ્તકો ઉમેરવામાં તેની કુશળતાપૂર્વક ગોઠવણી કરવામાં એમણે ઘણી કાળજી લીધી. આ કાર્ય કરવાથી એમનો વાચનશોખ ઘણો વિશાળ બન્યો અને કેળવણી પ્રત્યે પણ મમતા જાગી. આ બન્ને એમના જીવનપર્યંત ચાલુ રહ્યા.

આપણા શહેર અને જિલ્લાની અનેક કેળવણીની સંસ્થાને શ્રી. ગાંધીની સેવાનો સારો લાભ પ્રાપ્ત થયો છે. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓ, મહિલાવિદ્યાલયની સંસ્થાઓ, ગુજરાત કલા પ્રદર્શનનો ચિત્રવર્ગ, ધ બોયસ્કાઉટ્સ એસોશિયેશન, સેવામંડળનાં વ્યાયામવીર સંમેલનો, ધ ગુજરાત કો-ઓપરેટીવ સ્કૂલ અને તે સિવાય પ્રાથમિક શાળાઓએ પણ શ્રી. ગાંધીની સેવાનો લાભ મેળવ્યો હતો. મુંબઇ યુનિવર્સિટીએ કાયદાનો અભ્યાસક્રમ નક્કી કરવાને નીમેલી સમિતિએ પણ વારંવાર શ્રી. ગાંધી પાસેથી એમનાં સલાહસૂચનોનો લાભ મેળવ્યો છે.

આ બધી સંસ્થાઓમાંથી સેવાનો લાભ મેળવવા વધારે ભાગ્યશાળી બનેલી સંસ્થા 'ધ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી' છે. આ સોસાયટી અને શ્રી. ચૂનીલાલ ગાંધીનું જીવન એક બીજા સાથે એવાં ઓતપ્રોત બની ગયેલાં છે કે બન્ને એક બીજાથી જુદાં પાડી વિચારવાનું કામ કપરું લાગે છે. ધ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના વિશ્વામિત્ર બન્યા શ્રી. ચૂનીલાલ ઘેલાભાઈ શાહ તો એના કણ્વ બન્યા શ્રી ચૂનીલાલ માણેકલાલ ગાંધી. એમના આશ્રમમાં જ એ ઊછરી અને એનો વિકાસ થયો.

ઈ. સ. ૧૯૧૧ માં પૂનાની ડેક્કન એજ્યુકેશન સોસાયટીને ધોરણે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સ્થાપવાની જાહેરાત શ્રી. ચૂનીલાલ ઘેલાભાઈ શાહે એક જાહેર સમારંભમાં કરી. ૧૯૧૨ ના સપ્ટેમ્બરની ૨૯મી તારીખે આ સોસાયટીની સ્થાપના થઇ ત્યારે શ્રી. ચૂનીલાલ ગાંધી એના એક સભ્ય હતા. પોતાની બીજી પ્રવૃત્તિઓને કારણે ઈ. સ. ૧૯૧૮ સુધી શ્રી. ગાંધી સોસાયટીના સંચાલનમાં ઝાઝો ભાગ લઈ શક્યા નહોતા. ૧૯૧૮માં સૂરતની પાસે આવેલા કતારગામમાં એક મિડ્લ સ્કૂલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું અને તે સમયથી શ્રી. ગાંધીએ આ સોસાયટીના નાણાંકીય વહીવટમાં ધ્યાન આપવા માંડ્યું. સોસાયટીને લાભ થાય એ માટે એમણે એક મકાનભંડોળ ઊભું કરવાનું સૂચન કર્યું અને તે સ્વીકારી લેવામાં આવ્યું. ઈ. સ. ૧૯૧૯ માં શ્રી. ગાંધી સોસાયટીના ઉપપ્રમુખપદે ચૂંટાયા. અને ઈ. સ. ૧૯૨૧ માં એઓ સોસાયટીની કારોબારી સમિતિના પ્રમુખપદે ચૂંટાયા અને ત્યારથી સોસાયટીની એમણે કરેલી સેવાનો ઇતિહાસ લાંબો છે. આ ઓધ્ધા ઉપર એ ઠેઠ ઈ. સ. ૧૯૫૧ સુધી ચાલુ રહ્યા.

આ ત્રીસ વર્ષના ગાળામાં એમના નેતૃત્વ હેઠળ સૂરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીએ અનેકવિધ પ્રગતિ સાધી છે. "ધી ઇંગ્લીશ સ્કૂલ, સૂરત" નામની ૧૮૮૮ માં શરૂ કરવામાં આવેલી એક શાળામાંથી આજે આ સોસાયટી કેળવણીની અગિયારેક જેટલી વિવિધ સંસ્થાઓ ચલાવે છે અને એ બધી સંસ્થાઓમાં ભણતાં વિદ્યાર્થિઓની કુલ સંખ્યા લગભગ પાંચેક હજાર જેટલી થાય છે. સોસાયટીની મિલ્કત લગભગ એકત્રીસ લાખ ઉપરની છે. એક સંસ્થાએ સાધેલી આ અનુપમ પ્રગતિનો ઈતિહાસ નાનોસૂનો નથી અને એને પ્રગતિને પંથે દોરવાનો યશ શ્રી. ચૂનીલાલ ગાંધીને ફાળે જાય છે.

સોસાયટીનો ઇતિહાસ એ શ્રી. ચૂનીલાલ ગાંધીના જાહેર જીવનનો ઇતિહાસ છે. એક વ્યક્તિ પોતાના અંગત જીવનમાં સિદ્ધિઓ મેળવવા માટે નિરંતર ચિંતન કરે, એ માટે પુરુષાર્થ કરે તેમ શ્રી. ગાંધીએ સોસાયટીને સિદ્ધિ મળે અને એ અનેક રીતે પાંગરે એ માટે એના હિતનું અહર્નિશ ચિંતન કર્યું છે, એને અમલી બનાવવા માટે ભગીરથ પુરુષાર્થ કર્યો છે. સોસાયટીના ભાવિના એ વિધાયક હતા અને એનાં નાણાંની પાઈએ પાઈનો સદુપયોગ થાય એ જોવાની એમણે અદ્‌ભુત કાળજી રાખી છે. સોસાયટીના વિકાસ માટે વારંવાર રચનાત્મક સૂચનો કર્યાં છે, એના ભંડોળમાં વધારો કરવા વૃદ્ધ વય સુધી એમણે ભારે પરિશ્રમ વેઠયો છે, અનેકવિધ વ્યવસાયમાંથી પણ સોસાયટીના કાર્ય માટે એમણે સમય કાઢયો છે, આ કાર્ય કરવામાં કૌટુંબિક ઉપાધિઓને પણ એમણે ગણી નથી. એમની સન્નિષ્ઠા, ધૈર્ય, પરિશ્રમ અને દક્ષતાને કારણે જાહેર જનતાને સોસાયટીના સંચાલનમાં પરમ શ્રદ્ધા અને વિશ્વાસ રહ્યા છે. એમ. ટી. બી. કૉલેજના વિજ્ઞાન વિભાગના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી. ચૂનીલાલ ગાંધીની સેવાને અંજલિ અર્પતાં સોસાયટીના પ્રમુખ શ્રી. ફીકાભાઈ પ્રેમચંદે જણાવ્યું હતું :

"શ્રી. ચૂનીલાલ ગાંધી દોઢેક દાયકાથી સોસાયટીના પ્રાણ બન્યા છે. જાહેર પ્રજાના મનમાં સાર્વજનિક સોસાયટી અને શ્રી. ગાંધી એક છે. એમની અદ્‌ભુત શક્તિ, પ્રશંસનીય નિઃસ્વાર્થપરાયણતા અને જાહેર સેવા માટેની ઊંડી તમન્નાને કારણે સોસાયટી પ્રગતિ પ્રાપ્ત કરી શકી છે."

વિદ્યાર્થિનીઓ માટેની શાળા, ચિત્રવર્ગ, લૉ કૉલેજ અને કૉમર્સ કૉલેજ જેવી મહત્ત્વની સંસ્થાઓનું સર્જન એમની દીર્ઘદૃષ્ટિ અને પરિશ્રમને આભારી છે.

સેવાના કાર્યનો માર્ગ ઘણો કપરો છે. પણ એમાં સફળતા પ્રાપ્ત કરવી એ એનાથી પણ વધારે કપરું છે. પરંતુ શ્રી. ગાંધીએ પોતાના કાર્યમાં મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. શ્રી. ગાંધી પ્રગતિશીલ મધ્યમ વર્ગના માનવીઓના નેતા હતા. આ વર્ગના નેતા થવું એ મુશ્કેલીનું કાર્ય છે કારણ આ વર્ગના માનવીઓ જેટલા બુદ્ધિશાળી છે એટલા જ લાગણીપ્રધાન પણ હોય છે. એ બધામાં કેટલીકવાર અહમ્ સમજ અને ડહાપણની ઉપરવટ જતું પણ જોવામાં આવે છે. આવા વર્ગનું નેતૃત્વ શ્રી. ગાંધીએ સમતા, સંયમ અને ધૈર્યપૂર્વક કર્યું છે. જે સંજોગોમાં સામાન્ય માનવી અકળાઇ ઊઠે એ સંજોગોમાં શ્રી. ગાંધી અપૂર્વ દઢતા અને ધૈર્ય દર્શાવે છે. કોઈપણ સંસ્થાનું સંચાલન કરી પોતાના વચનનું પાલન કરાવવામાં ઘણા નિષ્ફળ જતા હોય છે. પણ જ્યાં ઘણા નિષ્ફળ ગયા છે ત્યાં શ્રી. ગાંધી સફળ થયા છે. નિયામક તરીકે ઘણે પ્રસંગોએ એમણે અદ્‌ભુત નૈતિક હિંમત અને તીવ્ર બુદ્ધિ દર્શાવ્યાં છે. ઘણીવાર મુશ્કેલીને પ્રસંગે રમૂજથી કામ લેવાની એમની આવડત પણ એમની લાક્ષણિકતા હતી. શ્રી. ગાંધી ભાવનાશીલ હોવા છતાં એમની મહેચ્છા હંમેશાં વ્યવહારુ ભૂમિકા ઉપર જ વિચરતી રહી છે. કોઈક ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે વિવિધ શક્તિવાળા લોકોને એક સાથે ભેગા કરવાની એમનામાં કુનેહ હતી. ઊંચે આસને બેસી વાત કરવાને બદલે પોતે ક્યાં દોરાશે અને ક્યાં બીજાને દોરી શકશે એનો પૂરો ક્યાસ કરતા અને એ જ એમની સિદ્ધિની મોટી ચાવી છે.

જ્યારે ૧૯૩૫માં એમ. ટી. બી. કૉલેજના વિજ્ઞાન વિભાગનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ત્યારે શ્રી. ગાંધીને એક માનપત્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું. એ માનપત્રમાં જણાવવામાં આવ્યું હતું :

"સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીનો છેલ્લાં વીસ વર્ષનો ઇતિહાસ એ આપના જાહેર જીવનના મોટા ભાગનો ઇતિહાસ છે. એ બન્નેને અમે અવિભક્ત માનીએ છીએ.

"આપની વિનંતિ અને અવિરત પરિશ્રમને કારણે જાહેર જનતા તરફથી હજારો રૂપિયા સાર્વજનિક સોસાયટીના ભંડોળમાં અર્પણ થઈ શક્યા છે. વરસોવરસ સોસાયટીના ચેરમેન તરીકે ચૂંટાવાનું માન સુયોગ્ય રીતે જ આપને ફાળે જાય છે. એ દર્શાવે છે કે જાહેર પ્રજાના મનમાં આપને માટે કેટલું માન, વિશ્વાસ અને શ્રદ્ધા છે.

"એક પછી એક નવાં સાહસોમાં અને એક પછી એક નવી સિદ્ધિમાં સોસાયટીને પ્રેરીને દોરી જવામાં આપના પ્રખર ગતિશીલ વ્યક્તિત્વે મોટો ફાળો અર્પ્યો છે.

"આપની ખંત અને ચારિત્ર્યની નિખાલસ સરળતા અને સૌથી સવિશેષ આપનો સન્નિષ્ઠ આશાવાદ લોકસેવાની ઇચ્છા અને શકિતવાળા સૌ શહેરીઓને માટે અખંડ પ્રેરણાસ્રોત બનો."

શ્રી. ગાંધીના નેતૃત્વ હેઠળ સોસાયટીએ અનેક દિશામાં નવાં પ્રસ્થાન આદર્યાં. ૧૯૨૭માં એમ. ટી. બી. કૉલેજમાં સાયન્સના વર્ગો ઉઘાડવામાં આવ્યા. કૉલેજને માટે હોસ્ટેલની

આવશ્યકતા ઊભી થતાં શ્રી. ગાંધીએ જાતે ફરીને ધરમપુર, વાંસદા અને ઠેઠ સૌરાષ્ટ્રમાંથી પણ ફાળો ઉઘરાવ્યો.

સ્ત્રી કેળવણીમાં એમને પ્રથમથી જ રસ હતો અને સૂરત શહેરમાં વિદ્યાર્થિનીઓ માટે સ્વતંત્ર શાળા શરૂ કરવાનું એમણે સેવેલું સ્વપ્ન ૧૯૩૪માં ફળિભૂત થયું. ઔદ્યોગિક અને કલાની તાલીમ પણ આપણા વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય એવી એમની આકાંક્ષા હતી. હરિપુરા સાર્વજનિક હાઈસ્કૂલમાં કોમર્સના વર્ગો એમણે શરૂ કરાવેલા. ડ્રોઇંગ અને ડીઝાઈનના વર્ગો ચલાવવાનું પણ સોસાયટીએ માથે લીધું હતું. શ્રી. સુરકાથા જેવા જાણીતા કલાકારને જુદેજુદે સ્થળે કલા વિષયક માહિતી ભેગી કરવા મોકલવામાં આવ્યા હતા. ઈ. સ. ૧૯૩૪ માં એમ. ટી. બી. કોલેજમાં "ફિઝિક્સ" નો વિષય શીખવવાની શરૂઆત થતાં વિજ્ઞાનના શિક્ષણના ક્ષેત્રમાં પ્રગતિ થઈ. ૧૯૩૫ માં બી. એસસી. ના વર્ગો શરૂ કરાવવા માટે પણ એમણે પ્રવૃત્તિ ઉપાડી. સૂરત શહેરમાં કાયદાનું જ્ઞાન આપે એવી કોલેજની આવશ્યકતા જણાતાં એ માટેની પ્રવૃત્તિ એમણે આરંભી. અને ૧૯૩૫ માં લૉ કૉલેજ શરૂ કરવામાં આવી. ઠેઠ ૧૯૪૬ સુધી શ્રી. ગાંધીએ લૉ કોલેજના માનદ આચાર્ય તરીકેનું સ્થાન શોભાવ્યું હતું. એ જ વર્ષમાં સરકારે શ્રી. ગાંધીને "દીવાન બહાદુર" નો ખિતાબ એનાયત કર્યો. અને સોસાયટીએ એમને માનપત્ર અર્પી તથા એમનું તૈલચિત્ર મૂકવાનું નક્કી કરી પોતા પ્રત્યેનું ઋણ વ્યક્ત કર્યું.

૧૯૩૫ નું વર્ષ બીજી રીતે પણ મહત્ત્વનું છે. એમ. ટી. બી. જેવી ઝડપથી પ્રગતિ કરતી કૉલેજને એક સારા પુસ્તકાલય માટેના મકાનની આવશ્યકતા હતી. એ બાંધવા માટે શ્રી. કીકાભાઇ પ્રેમચંદે રૂપિયા પચાસ હજારનું દાન આપવાની જાહેરાત કરી. ૧૯૩૮ માં જ્યારે મકાન પૂરું થયું ત્યારે એના બાંધકામનો ખર્ચ રૂા. ૬૧૦૦૦) જેટલો થયો. શ્રી. ગાંધીએ આ વધારાના રૂપિયા આપવા માટે કીકાભાઈને ભલામણ કરી અને શ્રી. કીકાભાઈએ વધારાના રૂપિયા અગિયાર હજાર આપ્યા. આજે એ મકાનમાં મુંબઈ રાજ્યનાં સારા પુસ્તકાલયોમાં સ્થાન ધરાવી શકે એવું સુંદર પુસ્તકાલય રચાયું છે.

શ્રી. ગાંધીને સોસાયટીની સંસ્થાઓની પ્રગતિમાં તીવ્ર રસ હતો એટલે એ સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરતા. ગુજરાતના ઊગતા વિદ્યાર્થીઓનો નબળો શારીરિક બાંધો એમને ખટકતો. એથી એમણે "બોયઝ સ્કાઉટ એસોશિયેશન" અને સેવામંડળ સંચાલિત વ્યાયામવીર સંમેલનમાં રસ લઇ તેના પ્રમુખ થયા. એમનું શરીર તો સારી રીતે વ્યાયામને કારણે કસાયેલું હતું એનું મહત્ત્વ એમને ઘણી સારી રીતે સમજાયું હતું. શાળા–કૉલેજોમાં વ્યાયામને ફરજિયાત દાખલ કરાવી અનેક પ્રસંગોએ પોતાનાં પ્રવચનો દ્વારા એની ઉપયોગિતા તરફ જાહેર પ્રજાનું ધ્યાન ખેંચ્યું.

૧૯૩૭ ના વર્ષમાં સોસાયટીએ રૌપ્ય મહોત્સવ ઊજવ્યો. શ્રી. ગાંધીનો આનંદ અવર્ણનીય હતો. મુંબઈ રાજ્યના પ્રધાનોએ આ સમારંભમાં હાજરી આપી. સંસ્થાઓનાં મકાન શણગારવામાં આવ્યાં. વિદ્યાર્થીઓને ઉજાણી કરાવવામાં આવી. એ પ્રસંગના સ્મરણરૂપે રૌપ્ય મહોત્સવ અંક પણ પ્રગટ કરવામાં આવ્યો. મહેમાનોએ

સોસાયટીની આ ઉત્તરોત્તર પ્રગતિ માટે શ્રી. ગાંધીને અભિનંદન આપ્યાં. ૧૯૩૮ માં મુંબઇ રાજ્યના ગવર્નર સર રોજર-લુમ્લીને હાથે ''લેડી ફીકાભાઈ પ્રેમચંદ લાયબ્રેરી''નું ઉદ્‌ઘાટન થયું.

સૂરત જેવા વેપારઉદ્યોગમાં ઘણા આગળ વધેલા શહેરમાં વાણિજ્યની કૉલેજ ન હોય એ વિચિત્ર કહેવાય. આવી કૉલેજની જરૂર શ્રી. ગાંધીને કયારની લાગ્યા કરતી હતી. ૧૯૪૫માં એમણે સૂરત શહેરની આ જરૂરિયાત એક જાહેર પ્રસંગે કહી બતાવી અને એ દિશામાં પ્રવૃત્તિ પણ આરંભી. આવી કૉલેજ માટે શ્રી. ફીકાભાઇ પ્રેમચંદ પાસેથી રૂા. એક લાખનું દાન મેળવવામાં પણ એમને સફળતા મળી અને ૧૯૪૬ના જૂનમાં ''સર ફીકાભાઇ પ્રેમચંદ કૉલેજ ઑફ કૉમર્સ''ની શરૂઆત થઈ.

સૂરતમાં હવે બધાં સાધનો હતાં પણ બહારગામથી સૂરતમાં રહી અભ્યાસ કરવા ઇચ્છતી વિદ્યાર્થિનીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા નહોતી. શ્રી. ગાંધીને એની ખોટ તો વરતાયા જ કરતી હતી પણ નાણાંને અભાવે એ વિચાર અમલી બનાવી શકાતો નહોતો. શ્રી. ગાંધી પોતાના મનની ઇચ્છાને પૂર્ણ કરવા સતત પ્રયત્નશીલ રહેનાર વ્યક્તિ હતા. અને એમની આ ઇચ્છા પણ પાર પડી. ૧૯૫૨ માં ''રંગીલદાસ ગર્લ્સ હોસ્ટેલ''ની શરૂઆત કરવામાં આવી. આની સાથે શ્રી. ગાંધીના જીવનની બધી જ ઇચ્છાઓ પરિપૂર્ણ થયેલી ગણી શકાય. પોતે ઉછેરેલા વૃક્ષને વિવિધ શાખા-પ્રશાખાઓ, ફળ અને ફૂલથી વિકસિત જોવું એ મનુષ્ય જીવનની પરમ ધન્યતા છે. એ ધન્યતા અનુભવવાનું સદ્‌ભાગ્ય શ્રી. ગાંધીને પ્રાપ્ત થયું હતું.

શ્રી. ગાંધીએ પોતાના જીવન દરમ્યાન કરેલી સેવા પ્રત્યે પોતાનું ઋણ વ્યક્ત કરવા અને તેને અંજલિ અર્પવા ૧૯૫૧ ના ઑગસ્ટની એકવીસમી તારીખે સૂરત શહેરની છવીસેક સંસ્થાઓ તરફથી એમને માનપત્ર અર્પણ કરવાનો સમારંભ રચવામાં આવ્યો. પચાસ વર્ષ સુધી નવનિર્માણની આ અવિરામ સેવાનું યોગ્ય સ્મારક કરવાનો નિર્ણય લેવાયો અને તે માટે એક સમિતિ પણ રચાઈ. એ સમિતિએ લીધેલા વિવિધ નિર્ણયો અનુસાર કૉમર્સ કૉલેજના ચોગાનમાં એમની પૂરા કદની પ્રતિમા મુકાઇ અને શ્રી. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનની સ્થાપના કરવામાં આવી. ૧૯૫૩ ના માર્ચની સાતમી તારીખે આ પ્રતિમાનું ઉદ્‌ઘાટન તે સમયના મુંબઇ રાજ્યના રાજ્યપાલ શ્રી. ગિરિજાશંકર બાજપેઇને હાથે થયું. એ જ વર્ષના ઑગસ્ટની પંદરમી તારીખે શ્રી. ધનંજય ગાડગીલે વિદ્યાભવનને ખુલ્લું મૂકયું. જે વ્યક્તિએ પોતાના સમગ્ર જીવન દરમ્યાન કેળવણીની નિસ્વાર્થ અને એકનિષ્ઠાથી સેવા કરી છે, કેળવણીનો પ્રસાર થાય, એનો વિકાસ થાય અને ઉત્તરોત્તર એ શ્રેષ્ઠતમ બને એ માટે જેણે આજીવન પરિશ્રમ વેઠ્યો છે એ વ્યક્તિ માટે આ સિવાય બીજું કયું સ્મારક વધારે ઉચિત હોઈ શકે?

જાહેર સંસ્થાના સંચાલનમાં વ્યક્તિને અનેક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. શ્રી. ગાંધીને પણ પોતાના કાર્યમાં પણ આવી અનેક મુશ્કેલીઓ નડી છે. વિરોધીઓએ એમના ઉપર રૂઢિચુસ્તતાનો આક્ષેપ કર્યો છે છતાં સર્વ પ્રસંગોએ જે ન્યાય્ય લાગ્યું છે તેમને એ વળગી રહ્યા છે. કોઈની એમણે ખુશામદ કરી નથી, કોઈનો એમણે ડર રાખ્યો નથી. સિદ્ધાંત

અને ન્યાયપૂર્વક એમણે સોસાયટીના નાવને વર્ષો સુધી હંકારી સ્થિર અને સલામત પરિસ્થિતિમાં આણીને મૂકી છે.

સોસાયટીની કેળવણી સંસ્થાઓ ઉપરાંત "મહિલા વિદ્યાલય" તેમજ મુંબઈ રાજ્યની સહકારી શાળા જેવી સંસ્થાઓને પણ સલાહ, સૂચન અને દોરવણી એમણે આપી છે. મુંબઈ રાજ્યમાં અપાતા કાયદાના શિક્ષણ અંગે વિચાર કરવા સરકારે નીમેલી સમિતિ ઉપર કામ કરવા પણ સરકારે એમને નિમંત્ર્યા હતા.

આખા શિક્ષણના માળખાનો પાયો ગણાતા પ્રાથમિક શિક્ષણમાં પણ શ્રી. ગાંધીને ઊંડો રસ હતો. રાંદેર મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે પ્રાથમિક શાળાનાં મકાનો, શિક્ષણનાં ધોરણો વગેરે સુધારવા એમણે ઘણો પરિશ્રમ વેઠ્યો હતો. ૧૯૨૩-૨૪માં સૂરત શહેર સુધરાઈના વહીવટ સમિતિના સભ્ય તરીકે પણ શહેરનું પ્રાથમિક શિક્ષણ સુધારવા એમણે જહેમત ઉઠાવી હતી. મુંબઈ લેજિસ્લેટીવ કાઉન્સિલના સભ્ય તરીકે સરકારે એમની વરણી કરી. પ્રાથમિક શિક્ષણમાં સુધારો કરવા સરકારે નીમેલી સમિતિના સભ્ય તરીકે પણ શ્રી. ગાંધીએ ઘણી સેવા અર્પી છે જેની પ્રશંસા યુરોપિયન સભ્યોને પણ કરવી પડી હતી.

# [ ૭ ]

## શ્રી ગાંધીની લેખન પ્રવૃત્તિ

સમાજસેવાનું કાર્ય માથે લેનાર વ્યક્તિને પોતાના વિચારોના પ્રસાર માટે લેખન અને વ્યાખ્યાનની કલા સાધ્ય કરવી પડે છે. શ્રી ગાંધીએ પણ આ બન્ને કલા સાધ્ય કરી. એમને વર્તમાનપત્રો જોડે પણ પોતાનો સંબંધ વધારવો પડ્યો હતો. પોતાના વિચારોના પ્રચાર માટે જુદાં જુદાં વર્તમાનપત્રોમાં લખેલા લેખોએ એમને લેખક બનાવ્યા. સામાજિક, રાજકીય અને શિક્ષણ વિષયક પ્રશ્નોમાં એમને તીવ્ર રસ હતો. પચાસેક વર્ષો પૂર્વે "ટાઇમ્સ ઓફ ઇન્ડિયા" અને "ગુજરાતદર્પણ" માં એમણે લખેલા લેખો આજે લભ્ય નથી એટલે એના નમૂના અહીં આપી શકાયા નથી. કેળવણી અને સહકાર જેવા વિષયો માટે પ્રચારની આવશ્યકતા રહે છે અને એ અર્થે એમણે લોક હૃદયમાં સીધી રીતે ઊતરી જાય એવી સરળ શૈલીમાં ઘણા લેખો લખ્યા છે. સામાન્ય નહિ પણ વિશિષ્ટ અર્થમાં પત્રકાર તરીકે શ્રી ગાંધીએ ઈ. સ. ૧૮૯૩માં સૂરત શહેરમાં પ્રગટ થતા "ગુજરાતમિત્ર અને ગુજરાતદર્પણ" ના અંગ્રેજી વિભાગનું સંપાદન કરવાનું સ્વીકાર્યું. એ જમાનામાં અંગ્રેજી કેળવણી ધીરે ધીરે પ્રસરતી જતી હતી અને સરકારી અમલદાર, નિવૃત્ત થયેલા અધિકારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ આવાં પત્રો બહુ રસપૂર્વક વાંચતા. રોજિંદા બનાવો અને મહત્વના પ્રશ્નો ઉપર શ્રી ગાંધી અગ્રલેખ પણ લખતા. એમના લેખો વિચારપુરઃસર આકર્ષક શૈલીમાં લખાયેલા હતા. વધતી જતી વ્યવસાયી પ્રવૃત્તિને કારણે આ વિભાગના સંપાદનનું કાર્ય એમણે ઈ. સ. ૧૮૯૬ માં છોડી દીધું. છતાં જુદાં જુદાં પત્રોમાં એમણે લેખો લખવાનું તો ચાલુ જ રાખ્યું.

ઈ. સ. ૧૯૨૮માં શરૂ થયેલા "ગુજરાત" નામના દૈનિકને નડતી આર્થિક મુશ્કેલી નિવારવા શ્રી. ગાંધીએ સહાય કરી. એમાં અવરનવર લેખો પણ લખ્યા અને એ ઋણ ચૂકવવા એ પત્રના તંત્રીએ પત્રના સ્થાપક તરીકે શ્રી. ચૂનીલાલ ગાંધીનું નામ જોડ્યું. ઈ. સ. ૧૯૪૩ માં શ્રી. ગાંધીને આ પત્રના તંત્રી તરફથી માનપત્ર અર્પવા યોજાયેલા સમારંભમાં શ્રી, ગાંધીએ કાઢેલા ઉદ્‌ગારો ઘણા સૂચક છે. માનપત્રનો પ્રત્યુત્તર વાળતાં એમણે જણાવ્યું :

"આ દેશના લોકો જોઈએ તે કરતાં વધારે પડતો રસ રાજકારણમાં લે છે અને સામાજિક, સહકારી અને બીજી લોકોપયોગી પ્રવૃત્તિઓ પ્રત્યે ઉદાસીનતા સેવે છે. વર્તમાનપત્રો આવી પ્રવૃત્તિઓને સારી રીતે વિકસાવવાની સેવા કરી શકે એમ છે. સૂરત શહેરમાં સારા વર્તમાનપત્રની આવશ્યકતા છે. સારાં લાગતા કામ માટે નાણાં ખરચવા હું તૈયાર છું. હું સૂરત આવ્યો ત્યારે મારી પાસેના રૂ. પાંચસોમાંથી મેં પાંચ રૂપિયા સનદ મેળવવા પાછળ ખરચ્યા અને પાંચ રૂપિયા સાથે મારા જીવનની મેં શરૂઆત કરી. ઇશ્વરના આશીર્વાદથી સૂરતમાંથી હું ઠીક ઠીક કમાયો અને સૂરત શહેરની સેવા કરવાનો આદર્શ મેં નિરંતર સેવ્યો છે,"

૧૯૨૯–૩૦માં ગુજરાત વિભાગની કો–ઓપરેટીવ ઇન્સ્ટિટ્યૂટે "સહકાર પત્રિકા"નું પ્રકાશન ડિસ્ટ્રિકટ કો–ઓપરેટીવ બેન્કને સોંપતાં શ્રી. ગાંધી એ પત્રિકાના તંત્રી બન્યા. દોઢેક વર્ષ સુધી

તંત્રીસ્થાનેથી એમણે ગ્રામઅર્થકારણ અને ખેતીવાડીને લગતા વિષયો ઉપર મનનીય લેખો લખી જનતાને માહિતગાર કરી. ૧૯૩૪–૩૫માં "ખેડૂત–ખેતી–સહકાર" નામક પત્રિકાના તંત્રી મંડળના એ પ્રમુખ રહ્યા હતા. અંગત દેખરેખ હેઠળ પત્રિકાનું પ્રકાશન કરી ખેતી, સહકાર, અર્થકારણ જેવા વિષયો ઉપર લેખો પ્રસિદ્ધ કર્યા. આ પત્રિકા ગ્રામજનોમાં ઘણી લોકપ્રિય બની હતી. ૧૯૪૭ માં શરૂ કરવામાં આવેલ 'ગ્રામવિકાસ' નામના પત્રમાં રસ લઇ એની નીતિ એમણે ઘડી આપી અને એ પત્રમાં પણ ઘણા લેખો લખ્યા.

છૂટા લેખો ઉપરાંત શ્રી. ગાંધીએ કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે. ૧૮૯૫ માં એમણે "ધ લાઈફ ઑફ માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન" નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. જે. એલ. કોટેના અંગ્રેજી પુસ્તકનો એ અનુવાદ હતો. અનુવાદ કરવાનું કાર્ય ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ શ્રી. ગાંધીને સોંપ્યું હતું. આ અનુવાદમાં અંગ્રેજી ભાષા ઉપરનો એમનો કાબૂ અને ગુજરાતી પર્યાય યોજવાની એમની ચોકસાઈ જણાઈ આવે છે.

૧૯૨૯ માં "ધ બોમ્બે બેન્કિંગ ઈન્કવાયરી કમિટિ" સમક્ષ રજૂ કરેલું નિવેદન એમણે "જરી–રેશમ અને સુખડના ઉદ્યોગ" એવું શીર્ષક આપી પુસ્તકાકારે પ્રગટ કર્યું. સૂરતમાં ભૂતકાળમાં વિકસેલા આ ઉદ્યોગ વિશે રસપ્રદ માહિતી આપતું અને ગૃહઉદ્યોગના વિકાસ તરફ ધ્યાન ખેંચતું એ વિષયને લગતું પ્રથમ પુસ્તક છે. સહકારી શાળાના વિદ્યાર્થીઓને શીખવતી વખતે સહકારી કાયદા અંગે ટીકા–ટિપ્પણ સહિત પુસ્તકની આવશ્યક્તા લાગતાં એમણે "સહકારી કાયદો અને કાનૂનો" નામનું પુસ્તક ૧૯૩૦ માં પ્રગટ કર્યું. આ પુસ્તકને સારો આવકાર મળ્યો.

ગામડાંના અર્થકારણને વિશદતાથી છણતી વીસ પાનાંની એક પુસ્તિકા એમણે ૧૯૩૧માં પ્રગટ કરી. આ એમનો પ્રિય વિષય હતો અને એમાં ગ્રામપ્રજાની આર્થિક પરિસ્થિતિની ઝીણવટ-પૂર્વક છણાવટ એમણે કરી છે. સૂરત જિલ્લાની સહકારી પ્રવૃત્તિના શ્રી. ગાંધી પિતા છે. એ પ્રવૃત્તિનો વિકાસ એમને આભારી છે. એ પ્રવૃત્તિની શરૂઆત કર્યાને પચીસ વર્ષ પૂરાં થયાં તે પ્રસંગે એમણે ભારે જહેમત અને ખંતપૂર્વક સમગ્ર પ્રવૃત્તિની સિદ્ધિ અને મર્યાદાને વિલોકતું "સૂરત જિલ્લાની સહકારી પ્રવૃત્તિનો ઇતિહાસ" નામક પુસ્તક પ્રગટ કર્યું. આ પુસ્તક માટે એમને ચોગરદમથી અભિનંદન મળ્યાં. અને એની પૂર્તિ રૂપે ઈ. સ. ૧૯૪૫માં "સૂરત જિલ્લાની સહકારી પ્રવૃત્તિમાં દસ વર્ષ" નામની પુસ્તિકા પ્રગટ કરી એમાં બીજાં દસ વર્ષની પ્રગતિનું અવલોકન કર્યું. નવી સંસ્થાઓની પ્રગતિનો હેવાલ પણ એમાંથી પ્રાપ્ત થાય છે. એની ઊણપોનું પૃથક્કરણ કરી એને દૂર કરવાના ઉપાયો પણ એમાં સૂચવવામાં આવ્યા છે. આ સિવાય "સહકારનો કાયદો" બીજું સંસ્કરણ તથા "બોમ્બે કો–ઓપરેટીવ સોસાયટીઝ એક્ટ ૧૯૨૫" અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયાં. એંસી વર્ષની ઉંમરે લખાયેલા આ પુસ્તકમાંથી સહકાર પ્રવૃત્તિમાં રસ લેવા ઇચ્છનાર સામાન્ય માણસને પણ ઘણી ઉપયોગી માહિતી મળે છે.

"ધ ફોક હાઈસ્કૂલ ઑફ ડેન્માર્ક" નામના પુસ્તકનું અવલોકન કરતાં શ્રી. ગાંધીએ આપણા ખેડૂતોના જીવનનું અવલોકન કર્યું છે. ડેનીશ ખેડૂતના પ્રમાણમાં હિન્દી ખેડૂત ગરીબ અને પીડાયેલો છે. જો એને સુખી કરવો હોય તો શ્રી. ગાંધીને મતે એને સારું શિક્ષણ આપવાની અને એનામાં સહકારની ભાવના ખીલવવાની જરૂર છે. એનાથી આપણી ખેતી અને

ખેડૂત બન્નેને સુધારી શકાશે. આપણા ખેડૂતમાં દેખાતો નસીબવાદ પણ દૂર કરવાની જરૂર એમને લાગી છે. નવીન દૃષ્ટિ ખીલવવાની જરૂરને માટે કોઈક સંસ્થાની હિમાયત એમણે કરી છે.

"ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ બેન્કની જવાબદારી" નામક લેખમાં ખેડૂતોને પૈસા ધીરવા, તેમની આવકનો વિચાર કરવો, લહેણું વસૂલ કરવું, વગેરે અગત્યના વિષયોની ચર્ચા કરી છે. ઈ. સ. ૧૯૩૪ માં ખેડૂતોને ઋણરાહત આપવા વિશેના એમના લેખમાં ખેડૂતોનું થતું શોષણ અટકાવવાની એમણે હિમાયત કરી છે. આ લેખ આપણા દેશના ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ વિશેના એમના જ્ઞાનનો તથા એમની સહાનુભૂતિનો ઘણો સૂચક છે. "લેન્ડ મોર્ગેજ બેન્ક વિરુદ્ધ સહકારી બેન્ક" નામના લેખમાં લેન્ડ મોર્ગેજ બેન્કો શરૂ કરવા સામે એમણે ચેતવણી ઉચ્ચારી પરંતુ એમની ચેતવણીને અવગણી એવી બેન્કો શરૂ કરવામાં આવી જે નિષ્ફળ જતાં આખરે બંધ થઈ. ૧૯૩૮ માં "ડેટ લેજિસ્લેશન ઇન બેંગોલ" અને "ધ બોમ્બે મની લેન્ડર્સ એક્ટ" ઉપર ટીકા કરતા લેખોમાં એમણે જણાવ્યું કે "જ્યાંસુધી આપણા ખેડૂતો અજ્ઞાત છે ત્યાં સુધી આવા કાયદાઓનો કશો અર્થ નથી. પ્રાથમિક કેળવણીને દાખલ કર્યા પછી જ આવા કાયદાઓ કારગત બને."

ઈ. સ. ૧૯૩૯ માં "ગ્રામવિકાસ" ને માટે લખેલા લેખમાં એમણે ચાર મહત્વના મુદ્દાએ રજૂ કર્યા. (૧) ભણતરનો પ્રચાર (૨) ગ્રામજીવનની બધી જરૂરિયાતો પૂરી પાડવી (૩) ખોટા રિવાજો દૂર કરી સમાજ સુધારાઓ કરવા (૪) લોકોની આર્થિક સ્થિતિની સુધારણા કરવી.

અંગ્રેજીની જેમ જ એમણે ગુજરાતીમાં પણ સરસ લેખો લખ્યા હતા. ગુજરાતના લોકોમાં કામ કરવાનું હોવાથી એમણે ગુજરાતી ભાષા ઉપર પણ સરસ કાબૂ મેળવ્યો હતો. એમના લેખોમાં પીઢ અનુભવ, વ્યવહારુ બુદ્ધિ, ઊંડી વિચારસરણી, પોતાના કાર્યક્ષેત્રમાં મળેલી સફળતાનિષ્ફળતા વ્યક્ત થાય છે. આમાંનાં ઘણાં લખાણો "સહકાર પત્રિકા"માં પ્રગટ થયાં હતાં

૧૯૩૦ માં "સહકાર પત્રિકા"ના તંત્રીપદે એ નિમાયા. આ સ્થાનેથી એમણે લખેલી તંત્રીનોંધોમાં સહકારપ્રવૃત્તિનું ધ્યેય, એમાં અનુભવાતી મુશ્કેલી, એની ઊણપો, એને દૂર કરવાનાં સૂચનો, સરકારે આપવું જોઈતું પ્રોત્સાહન, સરકારની ઉદાસીનતા ઉપર ટીકા વગેરે આવે છે. ૧૯૩૧ ના અંકમાં "ગામડાનું અર્થકારણ" ઉપર લેખ લખતાં એમણે ખેડૂતોને પોતાના ફાજલ સમયમાં ખીલવવા જોઈતા ગૃહઉદ્યોગો વધારવાનાં સાધનો સૂચવ્યાં છે. પુરાણી પદ્ધતિ છોડી નવી વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાની હિમાયત પણ એમણે કરી છે. શાહુકારોની નાગચૂડમાંથી છૂટવાનું, પશુધનનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનું પણ એમણે સમજાવ્યું છે. મીલમજૂરો માટે સહકારી મંડળીની સ્થાપના, સહકારી ધોરણે ફરતાં પુસ્તકાલયો, ખેડૂતોને શિક્ષણ અને સંસ્કાર અર્પવા જેવા વિષયોની ચર્ચા પણ એમણે કરી છે. ગ્રામપુનર્રચના માટે અને ગામડાંની પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવા માટે સૌથી વધારે આવશ્યકતા એમને કેળવણીના પ્રસારની લાગી છે.

પત્રિકા પછી "ખેડૂત–ખેતી અને સહકાર" નામના માસિકમાંના લેખો બીજે ક્રમે આવે છે. આ લેખોમાં પણ એમણે લોકોનાં નાણાં લોકોના ભલા માટે વાપરવાની હિમાયત કરી હતી. સહકારી પ્રવૃત્તિનાં અવલોકનો પણ આ લેખોમાં કર્યાં હતાં. "શ્રી હીરાલાલ કાજીનું

જીવનચરિત્ર" પણ એમણે આ જ અરસામાં લખ્યું. આ માસિક બંધ પડતાં "ગ્રામસ્વરાજ"માં એમણે લેખો લખવાનું ચાલુ કર્યું. એ પત્રના તંત્રીમંડળના અધ્યક્ષપદે એ હતા. એમની પ્રથમ તંત્રીનોંધમાં એમણે સહકારી પ્રવૃત્તિને સ્વરાજ્યના પાયા તરીકે ઓળખાવી છે. અપ્રાપ્યને પ્રાપ્ત કરવાનો એ એક સામૂહિક પ્રયત્ન છે. તમામ ભેદો ભૂલી ખભેખભા મિલાવી પ્રજા પ્રગતિને પંથે કૂચકદમ આ પ્રવૃત્તિ દ્વારા કરી શકે છે એમ એમણે ભારપૂર્વક જણાવ્યું છે. ગ્રામસ્વરાજના પ્રથમ સોપાન તરીકે ગ્રામપંચાયતોની સ્થાપનાની આવશ્યકતા સમજાવતો લેખ પણ આ જ માસિકમાં પ્રસિદ્ધ થયો છે. સહકારી પ્રવૃત્તિને સ્વરાજ્યનો બીજો પાયો કહ્યો છે અને એ પ્રવૃત્તિને વ્યાપક પ્રમાણમાં પ્રસારવામાં આવે તો મજૂર, ખેડૂત અને ઉદ્યોગપતિઓ વચ્ચે જામતાં સર્વ ઘર્ષણોનો ઉકેલ સરળતાથી આવી શકે એમ એમણે જણાવ્યું છે. સહકારના ક્ષેત્રમાં પડેલા કાર્યકર્તાઓના ચારિત્ર્યની શુદ્ધિ એ જ આ પ્રવૃત્તિની સફળતાની ચાવી છે એમ પણ એમણે ૧૯૪૮ના અંકમાં પ્રગટ થયેલી તંત્રીનોંધમાં જણાવ્યું હતું. આવા કાર્યકરોને શિસ્ત અને નિષ્ઠાથી કામ કરવાનો આગ્રહ રાખવાનું સૂચવ્યું હતું. વળી ધારાસભામાં પણ સહકારી મંડળીઓને પ્રતિનિધિત્વ મળવું જોઈએ. અને તે માટે બંધારણમાં સુધારો કરવાની જરૂર જણાય તો તે પ્રમાણે કરવાનું પણ એમણે સૂચવ્યું છે.

ઔદ્યોગિક ક્ષેત્રમાં સુથારી, લુહારી અને વણાટ જેવા ઉદ્યોગો વિશે આવી મંડળીઓ સ્થાપી શકાય. વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપી આ ઉદ્યોગોનું શિક્ષણ આપી શકાય. વળી પછાત વર્ગ અને આદિવાસીઓમાં પણ જો સહકારની પ્રવૃત્તિ પ્રસારવામાં આવે તો તેમને શોષણમાંથી બચાવી શકાય. આવા પ્રચાર માટે રાત્રીશાળાઓ કાઢવાનું પણ એમણે સૂચવ્યું હતું.

આર્થિક સમાનતા સ્થાપવાના બે માર્ગો એમણે એમના એક લેખમાં સૂચવ્યા હતા. પ્રથમ તો જો ઉત્પાદકો પોતાનો માલ સહકારી મંડળીઓ દ્વારા વેચે અને ખરીદે તો સમાનતા આવે અથવા બીજો બ્રિટનની "રોશડેલ" યોજનાની માફક સહકારી કાર્યકરો પોતાની જરૂરિયાત પોતે જ ઉત્પન્ન કરી લે તે. આમ થાય તો નફો મેળવતો વચલો વર્ગ જતો રહે. ગામડાંના કેળવાયેલા યુવકોને સહકારી પ્રવૃત્તિમાં રસ લઈ સહકારી ધોરણે ખરીદ–વેચાણ કરનારી મંડળી કાઢવાનું, ખેતી, પુસ્તકાલયો વગેરે શરૂ કરવાનું સૂચવ્યું જેથી રાજકીય સ્વાતંત્ર્ય પછી અતિશય આવશ્યક એવું આર્થિક સ્વાતંત્ર્ય લાવી શકાય.

સહકારી પ્રવૃત્તિના મૂળભૂત દસ સિદ્ધાંત એમણે જણાવ્યા હતા. (૧) સહકાર એક સંસ્થા છે જેમાં કોઈ પણ પુખ્ત વયનો માનવી મરજિયાત જોડાઈ શકે. (૨) એનો હેતુ સેવા છે. (૩) "પ્રત્યેક બધા માટે ને બધા પ્રત્યેક માટે" એ એનો મુદ્રાલેખ હોવો જોઈએ. (૪) પ્રજાનું જીવનધોરણ સુધારવા વિચાર કરવો. (૫) ન્યાત, જાત, ધર્મના ભેદભાવ ન હોવા જોઈએ. (૬) રાજકારણને સહકારના ક્ષેત્રમાં સ્થાન ન આપવું. (૭) પ્રત્યેક હાજર સભ્યને મતાધિકાર હોવો જોઈએ. (૮) સભ્યો–પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારીની ચૂંટણી કરે. (૯) આખું તંત્ર સભ્યોના મતાનુસાર ચાલે. (૧૦) એનું સ્વતંત્ર ભંડોળ હોય.

સર્વોદયના વિચારને એમણે આવકાર્યો પણ એને વ્યવહારુ બનાવવા ગ્રામમંડળી સ્થાપી તે દ્વારા રસ્તા, નદી, નહેર, તળાવ જેવા પ્રશ્નો ઉકેલવાના માર્ગો શોધવામાં આવે તો જ એ પરિપૂર્ણ થઈ શકે એમ પણ એમણે જણાવ્યું,

શ્રી ગાંધીને વ્યાખ્યાનો આપવાની પણ વારંવાર તક મળતી, આવાં વ્યાખ્યાનો એમણે યુવકોને ઉદ્દેશીને આપ્યાં હતાં. એમનો મુખ્ય વિષય ગ્રામપ્રજાનું હિત અને ગ્રામ વિકાસ હતા. આપણી ગ્રામ પ્રજાને જાગૃત કરી કુરિવાજોમાંથી બચાવી, તેમના થતાં શોષણમાંથી તેમને મુક્ત કરી પ્રગતિને પંથે દોરવાની તેમણે યુવકોને હાકલ કરી હતી. ગામડું જ્યારે બધી રીતે મુક્ત થશે ત્યારે જ સ્વરાજ વહેલું આવશે એમ એમણે કહ્યું. સમાજવાદ અને સામ્યવાદનું ધ્યેય પ્રજાને સારાં કપડાં, રહેઠાણ અને સારું ખાવાનું પૂરું પાડવાનું છે. ભણતર અને દવા જેવી જીવનની જરૂરિયાતની વસ્તુઓને સુલભ બનાવવાનું છે. સહકારી પ્રવૃત્તિ સમાજવાદને ઝડપથી લાવે છે. અને એમાં સામ્યવાદ કે સમાજવાદનાં વર્ગઘર્ષણો હોતાં નથી એમ શ્રી. ગાંધીએ વારંવાર જણાવ્યું છે. આપણા દેશમાં રાજકીય સ્વાતંત્ર્ય પહેલાં સમાજ સુધારાની આવશ્યકતા ઉપર નર્મદથી માંડી ગાંધીજી પર્યંતના વિચારકોએ ભાર મૂક્યો હતો. શ્રી. ચૂનીલાલ ગાંધીનું પણ આવું જ મંતવ્ય હતું. આપણા સ્વરાજ્યનો પાયો સ્વસ્થ સમાજ-રચના ઉપર નિર્ધારિત થવો જોઈએ. આપણો દેશ અનેક ગામડાંઓનો બનેલો છે અને ગામડાંની પ્રજા વહેમ, અજ્ઞાન અને અનેક કુરિવાજોમાં ફસાયેલી છે જે તેમના વિકાસને રૂંધી નાંખે છે. સ્વસ્થ સમાજરચનાને માટે ગામડાંની આ પ્રજાને કેળવીને તેમને અજ્ઞાન અને કુરૂઢિના ગર્તમાંથી બહાર લાવવાની જરૂર છે. શ્રી. ચૂનીલાલ ગાંધીએ આ મુદ્દાઓ ઉપર વારંવાર ભાર પોતાના લેખો અને ભાષણોમાં મૂક્યો હતો. આજે જ્યારે સહકારી ધોરણે ખેતી અને પ્રત્યેક ક્ષેત્રમાં સહકારની હિમાયત જોરપૂર્વક થાય છે ત્યારે શ્રી. ગાંધી કેટલા દીર્ઘદૃષ્ટા હતા તેનો ખ્યાલ આવી શકશે.

આમ પોતાનાં લખાણો અને વ્યાખ્યાનો દ્વારા એમણે સહકારનો પ્રચાર કર્યો છે. ગ્રામવિકાસની પ્રગતિને એમણે વેગ આપ્યો છે. કેળવણી પછી એમના જીવનનું આ બીજું મહામૂલું કાર્ય છે.

# [ ૮ ]

## શ્રી. ગાંધીની અન્ય સેવાઓ

ઓગણીસમી સદીનો પૂર્વાર્ધ એ આપણા દેશમાં ભારે રાજકીય પ્રવૃત્તિનો યુગ હતો. એક બાજુ બંગભંગની ચળવળ, બીજી બાજુ કોંગ્રેસની સ્વરાજ્યની પ્રવૃત્તિ અને ત્રીજી બાજુ ટિળક જેવા વિચારકોની ઉદ્દામ વિચારસરણીથી આ દેશ ધમધમી ઊઠયો હતો. આવી પ્રવૃત્તિથી શ્રી. ગાંધી જેવા સમાજસેવક અલિપ્ત રહી શકે જ નહીં. ઈ. સ. ૧૯૦૭માં સૂરત ખાતે ભરાયેલા કોંગ્રેસના અધિવેશન વખતે તેઓ માનદ્‌મંત્રી હતા. પણ સૂરતની કોંગ્રેસ તૂટી અને એમાંની આંતરિક ખટપટ જોઈ શ્રી. ગાંધીને નિરાશા ઉપજી. આથી એમણે કોંગ્રેસ છોડી અને પોતાની જાહેર પ્રવૃત્તિને શિક્ષણ અને સહકારનાં ક્ષેત્રો તરફ વાળી. વળી એમના જેવા સ્વતંત્ર વિચારક અને પ્રકૃતિના માણસને કોઈ પક્ષમાં જોડાવું અનુકૂળ આવે એમ નહોતું એટલે એ સ્વતંત્ર વિચારક રહ્યા. અને તે વખતના મોટામોટા વિચારકોની માફક એ મધ્યમાર્ગી (લીબરલ) બન્યા. આમ છતાં જ્યારે જ્યારે જરૂર ઊભી થઈ છે ત્યારે ત્યારે એમણે પ્રદેશ કોન્ગ્રેસ સમિતિને સલાહ આપી છે. બારડોલી ખેડૂતસત્યાગ્રહ વખતે સરકાર સમક્ષ ખેડૂતોનો કેસ લડવાનું શ્રી. ભૂલાભાઇ દેસાઈની ગેરહાજરીમાં એમણે સ્વીકાર્યું. લેન્ડ રેવેન્યુ અંગે ખરડો ઘડવામાં પણ એમણે કોન્ગ્રેસને મદદ કરી.

ઈ. સ. ૧૯૨૧ માં મોન્ટફોર્ડ સુધારાનુસાર એ સૂરત શહેર વિભાગમાંથી ધારાસભામાં ચૂંટાયા. ૧૯૨૧–૧૯૨૪ સુધીનાં વર્ષોમાં એમણે ધારાસભાના સભ્ય તરીકે વિવિધ સમિતિઓ ઉપર કામ કર્યું. સરકારના યુરોપિયન લેડી ડાકટરની નિમણૂક કરવાના ઈરાદાનો વિરોધ કરી ગામડાંની પ્રજાની સગવડ ખાતર હિંદી ડાકટર નીમવાની ભલામણ કરી. જિલ્લાનાં ગામડાંઓના પટેલોનો પગાર વધારવાની પણ એમણે સૂચના કરી. સૂરતમાં જરીઉદ્યોગની વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવા કારખાનું કાઢવાની, સ્થાનિક સંસ્થાઓમાં કોમી ધોરણે ચૂંટણી નહિ કરવાની, અને જિલ્લા સ્કૂલબોર્ડ જેવી સ્થાનિક સંસ્થાઓને વધારે સ્વાતંત્ર્ય આપવાની હિમાયત કરતાં સૂચનો એમણે કર્યાં હતાં. પ્રાથમિક શિક્ષણને ફરજિયાત બનાવી વ્યાપક બનાવવાની બાબતમાં પણ શ્રી. ગાંધીએ સારી ચર્ચાવિચારણા કરી હતી. ઘોડદોડ જેવાં અનિષ્ટોનો પણ તેમણે એ સમયમાં વિરોધ કર્યો હતો.

કારોબારી અને ન્યાયનાં ખાતાં હજી આજે જુદાં કરવામાં આવ્યાં છે, પણ એ બંનેને સ્વતંત્ર કરવાની હિમાયત તો શ્રી. ગાંધીએ ઠેઠ ૧૯૨૨માં કરી હતી. આ બન્ને જો એક જ વ્યક્તિના હાથમાં હોય તો જનતાને યોગ્ય ન્યાય મળે નહિ એમ એમણે ઘણી સ્પષ્ટતાથી જણાવ્યું હતું. બજેટની ચર્ચાઓમાં એમણે મહત્ત્વનો ભાગ લીધો હતો અને સરકારે નીમેલી નાણાંસમિતિ ઉપર પણ એમણે કામ કર્યું હતું. વળી પોલીસનાં કેટલાંક દમનાત્મક પગલાંઓનો પણ એમણે સખત વિરોધ કર્યો હતો.

પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય તરીકે શ્રી. ગાંધીએ પ્રાથમિક શિક્ષણ છોકરા અને છોકરીઓને માટે ફરજિયાત બનાવવાનું, કોઈપણ જાતના ભેદ વિના એ શિક્ષણ બધાને સરખું

મળે એ પ્રકારની વ્યવસ્થા કરવાનું, ચાર ધોરણ સુધી શિક્ષણ મફત મળે એવી જોગવાઇ કરવાનું, તેમજ સુધરાઈની અને જિલ્લાની શાળાસમિતિઓને શિક્ષણના સંચાલનમાં વધારે સ્વતંત્રતા મળવી જોઇએ એવું એમણે ભારપૂર્વક સૂચવ્યું હતું. આ ઉપરાંત જકાતસમિતિના અધ્યક્ષ તરીકે એમણે કામ કર્યું હતું અને તેમાં માદકપીણાંઓ ધીરેધીરે બંધ કરવાની ભલામણ પણ એમણે કરી હતી.

કોન્ગ્રેસ છોડ્યા પછી શ્રી. ગાંધી "ધ નેશનલ લીબરલ ફેડરેશન ઓફ ઇન્ડિયા" માં જોડાયા અને એ પક્ષની કારોબારીના સભ્ય પણ બન્યા. વરસો સુધી એમણે એની કાર્યવાહીમાં ભાગ લીધો. એમને બંધારણીય લડતમાં ઘણી શ્રદ્ધા હતી અને એમણે મતદારોને કેળવવા વારંવાર વ્યાખ્યાનો આપ્યાં હતાં. ઈ. સ. ૧૯૨૩ માં ફેડરેશનના અધિવેશનના એ પ્રમુખ હતા. અને પ્રમુખ તરીકે આપેલું એમનું વ્યાખ્યાન ઘણું નોંધનીય છે. આ ભાષણમાં ગામડાંનો પુનરુદ્ધાર કરી ગ્રામજીવનને ચેતનવંતુ બનાવવાની ઘોષણા એમણે કરી હતી. કેન્દ્ર સરકાર તરફથી ઇન્કમટેક્ષ જેવાની વહેંચણીમાં મુંબઇ રાજ્યને થતા અન્યાયની એમણે ઝાટકણી કાઢી હતી. સનદી નોકરોના ઊંચા પગારોનો એમણે વિરોધ કર્યો હતો અને રાજ્યની પ્રગતિને માટે નાણાં બચાવવાની અપીલ કરી હતી. ઘોડદોડ અને અન્ય પ્રકારના જુગારો બંધ કરી ગરીબ કુટુંબોને બચાવવાં જોઇએ એમ પણ એમણે જણાવ્યું હતું. રાષ્ટ્રીય એકતા ઉપર ભાર મૂકી નાના ઝઘડાઓ ભૂલી જવાનું પણ એમણે જણાવ્યું હતું. ધારાસભાને વધારે સ્વાયત્ત બનાવવાની સરકારને વિનંતિ કરી હતી. ભૂતકાળના ગૌરવ ઉપર જીવવા કરતાં વર્તમાનની નિર્બળતાને દૂર કરી દેશને સમૃદ્ધ બનાવવાનું એમણે પ્રજાને સમજાવ્યું હતું. મધ્યમમાર્ગી વિચારસરણીવાળા અને બંધારણીય લડતમાં શ્રદ્ધાવાળા શ્રી. ગાંધીને ઉદ્દામવાદી લડત ઝાઝી આકર્ષી શકી નહોતી.

શ્રી. ગાંધીએ બી. એ. ની પરીક્ષા અર્થશાસ્ત્રને મુખ્ય વિષય તરીકે લઈને આપી હતી અને એ વિષયમાં વધારે ગુણ મેળવવા માટે એમને સુવર્ણચંદ્રક પણ અર્પણ થયો હતો. વકીલાતના વ્યવસાયમાં પડવા છતાં ગ્રામઅર્થકારણ અને ખેતીવાડીના અર્થકારણ ઉપર એમનું ધ્યાન કેન્દ્રિત થયું હતું,

આપણા દેશમાં ખેતી નેવુ ટકા વસ્તીને સ્પર્શતી હોવાથી ખેતીની પુરાણી પદ્ધતિ છોડી નવીન વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવવાનું એમણે વારંવાર જણાવ્યું છે. આર્થિક સ્થિતિ સુધારવા ફાજલ સમયમાં ગૃહોદ્યોગને વિકસાવવાની હિમાયત પણ એમણે કરી છે. આપણા દેશમાં કેવળ કરકસરથી જ આર્થિક સુધારો થઈ શકે છે એવું એ માનતા હોવાને કારણે પ્રત્યેક કરકસરના ઠરાવને એમણે ટેકો આપ્યો છે. ગામડાંઓની પ્રજા નાના પાયા ઉપર બચત કરે એવી યોજના પણ એમણે વિચારી હતી. એડમ સ્મીથના Political Economy નામના અંગ્રેજી પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કરવાનું અધરું કાર્ય ગુજરાત વિદ્યાસભાએ એમને સોંપ્યું અને તે કરવામાં શ્રી. ગાંધી સફળ થયા. આ જાતનો અનુવાદ ગુજરાતીમાં પ્રથમ જ હતો. એ એમનું ઘણું મોટું કાર્ય ગણાવી શકાય. આ ઉપરાંત "ગ્રામીણ અર્થકારણ"–"Rural Economics" પણ સારો આવકાર પામ્યું, જેમાં એમણે દેશની દોલત વધારવાની, ગામડાંનો વિકાસ કરવાની, જમીનના ટુકડા પડતાં અટકાવી તેનું એકીકરણ કરવાની, બી, ખાતર અને નહેર જેવાં ખેતીનાં

સાધનો વિકસાવવાની તલસ્પર્શી ચર્ચા કરી છે. "બેન્કીંગ ઈન્કવાયરી કમિટિ" સમક્ષ આપેલી જુબાનીમાં પણ એમણે આ જ પ્રકારના વિચારો દર્શાવ્યા હતા.

પોતાના ભારે વ્યવસાયી જીવનમાંથી સમય ફાજલ પાડી સમાજના હિતોનું ચિંતન એમણે સદા કર્યું છે. જેલસુધારા અંગે નિમાયેલી સમિતિના સભ્ય તરીકે જેલમાં સુધારણા કરવા ઘણા મહત્વનાં સૂચનો એમણે કર્યાં હતાં જે એમની સરકાર પક્ષે ઘણી મોટી સેવા ગણાય. ઈ. સ. ૧૮૯૩ માં અભ્યાસકાળ પૂરો કર્યા પછી તરત જ એ રાંદેર સુધરાઈના સભ્ય તરીકે ચૂંટાયા હતા. શ્રી. ગોપાળકૃષ્ણ ગોખલે અને શ્રી. ચીમનલાલ સેતલવડ વચ્ચે ચૂંટણીની તીવ્ર રસાકસી આ સમય દરમ્યાન ઉદ્દભવી અને તેમાં શ્રી. ગાંધીએ શ્રી. સેતલવડને મદદ કરી. તે સમયથી એઓ શ્રી. સેતલવડના નિકટના મિત્ર બન્યા. ઈ. સ. ૧૮૯૫માં ઘરવેરો દાખલ કરવાના મુદ્દા ઉપર એમને ચોર્યાસીના મામલતદાર જોડે ઘર્ષણમાં ઊતરવું પડ્યું. મામલતદારના અનેક પ્રયત્નો છતાં એમણે પોતાનો વિરોધ મક્કમ રાખ્યો. કાવાદાવા અને ખટપટોથી કંટાળી પછીની ચૂંટણીમાં એમણે ભાગ લેવાનું માંડી વાળ્યું. પણ મામલતદારના વિરોધ છતાં સરકારે એમને નિયુક્ત કર્યા. ત્યાર પછી ૧૯૦૧, ૧૯૦૪, ૧૯૦૭ માં સુધરાઈમાં ચૂંટાયા હતા. ૧૯૦૯ માં બિનસરકારી સભ્યને પ્રમુખપદે ચૂંટવાનું નક્કી થતાં શ્રી. ગાંધી સુધરાઈના પ્રમુખ બન્યા અને એ સ્થાનેથી એમણે જનતાની અનેક સગવડોનો વિચાર કરી તેને પૂરી પાડવા ભારે પરિશ્રમ કર્યો હતો.

ઈ. સ. ૧૯૦૯ માં શરૂ થયેલા સેવામંડળમાં પણ શ્રી. ગાંધી જોડાયા અને એ મંડળ મારફત વિદ્યાર્થીઓને પુસ્તકોની મદદ મળે, રમતગમતમાં વિદ્યાર્થી રસ લેતો થાય, એનું શારીરિક સ્વાસ્થ્ય સુધરે એવી વ્યવસ્થા કરી. રેલસંકટમાં એ મંડળ મારફત રાહતનું કામ પણ ઉપાડ્યું.

સૂરત શહેરના હિન્દુસમાજમાં જ્ઞાનનો પ્રચાર થાય, ગરીબોને મદદ મળે, સાધનને અભાવે કેળવણી ન લઈ શકયા હોય એમને મદદ મળે એ હેતુથી પારસી પંચાયતને ધોરણે "હિન્દુ સમાજ"ની સ્થાપના કરવાનો વિચાર શહેરના નાગરિકો સમક્ષ મૂકયો અને તે તરત જ વધાવી લેવામાં આવ્યો. શ્રી. ગાંધીના કુશળ નેતૃત્વ હેઠળ આ સમાજે ઘણાં ઉપયોગી કાર્યો કર્યાં છે.

આ ઉપરાંત અનાથ બાળકોને મદદ કરવાના હેતુથી "મહાજન અનાથ બાળાશ્રમ"ની સ્થાપના ઈ. સ. ૧૯૪૧-૪૨ માં કરી, તેના વિકાસ પાછળ એમણે ભારે પરિશ્રમ લીધો. આ સિવાય શહેરની સ્કાઉટપ્રવૃત્તિને પણ એમણે ઉત્તેજન આપ્યું. ચૂનીલાલ પાર્વતીશંકર શેઠ ટ્રસ્ટ ફંડ, નગીનચંદ ઈન્સ્ટીટયૂટની કાર્યવાહક સમિતિ ઉપર પણ એમણે ઘણી ઉપયોગી અને મહત્વની કામગીરી બજાવી હતી.

પોતાના જીવન દરમ્યાન અનેક વ્યવસાયોની જવાબદારી છતાં શહેરની સામાજિક કાર્ય કરતી સંસ્થાઓને એમણે દોરવણી આપી છે. પ્રજાનું કલ્યાણ થાય, તેની ઉન્નતિ થાય એનું અહર્નિશ ચિંતન એમણે કર્યું છે અને પોતે ઉપયોગી થઈ પડશે એવું એમને જ્યાં જ્યાં જણાયું છે ત્યાં ત્યાં એમણે વિના સ્વાર્થે પોતાના જીવનની સેવા અર્પી છે.



**શ્રી. ગાંધીનું કુટુંબ સને ૧૯૩૩**

આગળ બેઠેલા : પ્રભાવતી ગાંધી, કુ. મીનાક્ષી, દી. બા. ચૂ. મા. ગાંધી, પ્રેમળકુમાર ગાંધી, શાંતાબહેન ગાંધી
પાછળ બેઠેલા : શ્રી. લલિતમોહન ગાંધી, શ્રી સત્યવદન ગાંધી



ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઑપરેટીવ બેંક લી. સૂરત

# [ ૯ ]

## શ્રી. ચૂનીલાલ ગાંધીનુ કૌટુંબિક જીવન

શ્રી. ગાંધીએ પોતાના જાહેર જીવનમાંનાં અનેક રોકાણો છતાં પોતાના કુટુંબની નાનીમોટી દરેક બાબત ઉપર ધ્યાન આપ્યું હતું. પોતાના ધમાલિયા જાહેર જીવનનો થાક ઉતારવા વ્યક્તિને પોતાનાં કુટુંબમાં જ આશ્રય શોધવો પડે છે. શ્રી. ગાંધીનું મિત્રમંડળ ઘણું મોટું હતું. નાનામોટા સૌની સાથે એ નિખાલસતા અને મીઠાશથી વર્તતા.

મધ્યમ વર્ગના સાધારણ કુટુંબમાં એમનો જન્મ થયેલો. આર્થિક પરિસ્થિતિને કારણે અગવડ પણ એમને વેઠવી પડેલી. સાદો ખોરાક, સાદાં કપડાં અને સાથે ઘરનું કામ પણ એમને કરવું પડતું. તહેવારના દિવસોએ કે કોઈ પરોણા આવે ત્યારે જ ઘરમાં મિષ્ટાન્ન થતું. માતાપિતા પ્રત્યે એમને અનહદ ભક્તિ હતી. ઘરકામમાં માતાને એ મદદ પણ કરતા અને એક અજ્ઞાંકિત બાળક તરીકે બન્નેની આજ્ઞા ઉઠાવતા.

એમના પિતા માણેકલાલ ગાંધીની હાટડીમાં ગાંધીઆણાની દુકાન હતી. આ ગાંધીઆણું અને વૈદું પેઢીથી ચાલતું આવ્યું હતું. બાળક ચૂનીલાલે પોતાના પિતાની દુકાને બેસી દવાની પડીકીઓ બાંધી હશે અને દુકાને બેસી પિતા પાસે ધીરજના પાઠ ભણ્યા હશે. માણેકલાલ ગાંધી બહુ શાણા અને વ્યવહારકુશળ માણસ હતા. ખાસ પૈસાદાર નહિ છતાં લોકમાં તેમની ગણતરી પૈસાદાર તરીકે થતી. પોતાની શાખ જાળવવાની અને આવી પડેલા પ્રસંગો જોગવવાની તેમનામાં સરસ કુનેહ હતી. ઘરમાં કરકસરથી રહેતા છતાં જ્યાં આબરૂનો સવાલ આવે ત્યાં સારું એવું ખર્ચ પણ કરી છૂટતા. એમનું શરીર સુદૃઢ અને સ્વભાવ નિશ્ચયી હતો. પિતાનો નિશ્ચયી સ્વભાવ શ્રી. ચૂનીલાલને વારસામાં મળ્યા હતો. માણેકલાલ ગાંધીનું જીવન નિયમિત અને પરોપકારી હતું. આ ગુણો પણ શ્રી. ચૂનીલાલ ગાંધીમાં ઊતર્યા હતા. એમના પિતાનું આયુષ્ય પણ લગભગ ચુમોત્તેર વર્ષ જેટલું હતું.

શ્રી. ચૂનીલાલનાં માતા માયાળુ સ્વભાવનાં અને પુત્ર પ્રત્યે અનહદ પ્રેમવાળાં હતાં. વૃદ્ધાવસ્થામાં આંખનું તેજ ઓછું થયા છતાં પણ પોતાના પુત્રની સગવડ વિશે ઘણી કાળજી રાખતાં. શ્રી. ચૂનીલાલ પોતાનાં માતાના સ્નેહાળ હૃદયની વાત ઘણા આર્દ્ર હૃદયે કરતા. એક વખત અચાનક અમલનેર જવાનું થયું. ટાપ્ટીની મુસાફરી ઘણી અગવડ ભરેલી અને જમવાની સગવડ સ્ટેશને મળે નહીં. શ્રી. ગાંધીનાં પત્ની થોડા સમય પહેલાં જ અવસાન પામ્યાં હતાં અને પોણોસો વર્ષનાં માતા હયાત હતાં. માને પોતાના ખાવાના વિશે કશી ચિંતા નહિ કરવાનું શ્રી ગાંધીએ કહ્યું છતાં પુત્ર ઊંઘી ગયા પછી માએ નોકર પાસે સ્ટવ સળગાવડાવી પૂરીશાક કરી નાંખ્યાં અને જતી વખતે ધરી દીધાં.

શ્રી. ગાંધીએ પણ પોતાનાં માતાની કાળજી અને સેવા જીવનપર્યંત કરી હતી. સુધારક વિચારના હોવા છતાં પોતાનાં માતાની ઇચ્છા પૂરી કરવા તેમના મૃત્યુ બાદ તેમની શ્રાદ્ધાદિ ક્રિયા કરી પોતાનાં ન્યાતિજનોને જમાડ્યાં હતાં. એમને છ બહેન અને એક ભાઈ હતાં.

અને તેમને પણ વારંવાર શ્રી. ગાંધી ઉપયોગી થઈ પડ્યા હતા. પોતાના ભાણેજની બે પુત્રીઓને તેમનાં માતાપિતાના મૃત્યુ પછી એમણે જ ઉછેરી સારે ઠેકાણે પરણાવી હતી.

શ્રી. ચૂનીલાલ ગાંધીનાં લગ્ન ઈ. સ. ૧૮૮૬ માં તે જમાનાની પ્રથા પ્રમાણે નાની ઉંમરે રાંદેરના જમનાદાસ વજુભાઈનાં પુત્રી કમળાબહેન જોડે થયાં હતાં. શરૂઆતનાં વર્ષોમાં જ્યારે વકીલાત પણ સારી ચાલતી નહિ ત્યારે આ દંપતીને ઘણી કરકસરથી પોતાનું જીવન વીતાવવું પડતું. કમળા બહેન ઝાઝું ભણ્યાં નહોતાં છતાં ઘરરખુ અને વ્યવહારુ હતાં. નોકરની મદદ વિના પોતાના ઘરનું સઘળું કામ એ જાતે જ કરતાં.

એમના પહેલા પુત્રનો જન્મ ઈ. સ. ૧૯૦૨માં થયો હતો. પુત્રના ઉછેરમાં દંપતી ખાસ કાળજી રાખતા. એ જ આજના પ્રતિષ્ઠિત શ્રી. લલિતમોહન ગાંધી. એમના બીજા પુત્રનો જન્મ ઈ. સ. ૧૯૦૯માં થયો હતો. એ સમયે શ્રી. ગાંધી પોતાની કારકિર્દીને શીખરે હતા અને જ્યારે સુખના દિવસ નજીક આવતા હતા ત્યારે એમનાં પત્ની શ્રી. કમળાબહેનનું અચાનક અવસાન થયું. શ્રી. ગાંધી માટે આ આઘાત કઠોર હતો. એમનાં બીજા ચાર પુત્રો અને એક પુત્રી તો અવસાન પામ્યાં હતાં. પોતાના બે પુત્રોને જીવનમાં સ્થિર કરવાના હતા, માતા વૃદ્ધાવસ્થાએ પહોંચ્યાં હતાં ત્યારે જ શ્રી. ગાંધી જીવનમાં એકલા પડ્યા. આવી પડેલી આ દારૂણ આફતમાં એમના પુત્રો એમને માટે આશ્વાસનરૂપ હતા. કાળજીપૂર્વક ઉછેરનાં સુફળ એમને પ્રાપ્ત થયાં. શ્રી. લલિતમોહન બુદ્ધિશાળી ને તેજસ્વી નીવડ્યા. ઉચ્ચ અભ્યાસ માટે એમને મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં મોકલવામાં આવ્યા. અભ્યાસ પૂરો કરી પોતાના પિતાના વ્યવસાયમાં એ જોડાયા અને એમાં એમને એમના પિતા જેટલી જ સફળતા વરી. એમના બીજા પુત્ર શ્રી. સત્યવદનનું શારીરિક સ્વાસ્થ્ય સારું નહિ હોવાથી માત્ર મેટ્રીક સુધી જ ભણી શક્યા અને પછી વીમાના ધંધામાં જોડાયા. શ્રી. ગાંધી પોતાના ભારે વ્યવસાયમાંથી પણ સમય કાઢી પોતાના પુત્રોને ગણિત શીખવતા, પ્રેમથી લાડ લડાવતા અને રમતોનો શોખ કેળવતા. બહારથી કઠણ લાગતા શ્રી. ગાંધી પોતાના કૌટુંબિક જીવનમાં પ્રેમાળ અને નરમ સ્વભાવના હતા. માંદગી જેવા પ્રસંગે અત્યંત નરમાશથી અને આંસુ સાથે એમણે પોતાના બીજા પુત્રની સેવા કરી છે. પોતાના પૌત્રોપૌત્રીઓની પણ મમતાથી એમણે સંભાળ લીધી છે અને પોતાની હયાતી પછી ઊંચાં મન ન થાય એટલા માટે પોતાની મિલકતની વ્યવસ્થા પણ એમણે પોતાને હાથે કરી. આજે બન્ને પુત્રોનાં કુટુંબો સુખમાં રહે છે.

પોતાના નોકરવર્ગની પણ ઘણી કાળજી એ રાખતા. એમને ત્યાં રસોઈઆએ પિસ્તાલીશ વર્ષ જેટલા લાંબા સમય સુધી નોકરી કરી હતી અને રસોઈઆના છોકરાને પણ એમણે ભણાવ્યો હતો. માળી અને અન્ય નોકરોનાં કુટુંબની પણ એ સંભાળ રાખતા.

એમનું મિત્રમંડળ પણ બહોળું હતું અને તેમાં સર્વ ધર્મના મિત્રોનો સમાવેશ થતો. પોતે ચુસ્ત હિન્દુ હોવા છતાં બધા ધર્મો પ્રત્યે એમને સદ્‌ભાવ હતો. કોઈપણ વ્યસનને એમણે જીવનમાં વળગવા દીધું નથી. જીવનભર એ ચુસ્ત શાકાહારી હતા. પોતાના કુટુંબને ચોકખાં દૂધ–ઘી મળે એ માટે એમણે ગાય અને ભેંસ પણ રાખ્યાં હતાં. પોતે નવા વિચારવાળા હોવા છતાં રૂઢિચુસ્તો પ્રત્યે એમણે તિરસ્કાર કેળવ્યો નથી. મંદિરમાં પોતે નહોતા જતા છતાં મિત્રો જોડે જવામાં એમને બાધ નહોતો. માનવતાની સેવાનો ધર્મ એમણે સ્વીકાર્યો હતો. ગરીબ

અને તવંગર, નીચ અને ઊંચ સૌના એ એકસરખા મિત્ર હતા. હિંદુ ધર્મશાસ્ત્રનો એમને સારો પરિચય હતો. મિત્રોને ત્યાં સારાનરસા પ્રસંગોએ એ જતા અને ઉંમરના ભેદભાવ વિના એક સરખી રીતે એ સૌની સાથે વર્તતા. સામાની લાગણી જરા સરખી ન દુભાય એની એ ખાસ કાળજી રાખતા. પોતાના હાથ નીચેના માણસો સાથે પણ એ મોકળાશથી ભળતા. એકવાર બેન્કના એક કેશિયરના ભાઈનાં લગ્ન હતાં. શ્રી. ગાંધી વરઘોડામાં હાજરી આપવા ગયા હતા. વરઘોડો સમયસર નીકળ્યો નહીં પણ શ્રી. ગાંધી ધીરજ ગુમાવ્યા વિના દોઢેક કલાક ખોટી થયા અને એવામાં વરસાદ પડવો શરૂ થયો. છતાં વરસાદમાં ભીંજાતા શ્રી. ગાંધી વરઘોડામાં શેરીના નાકા સુધી ગયા. એવા જ બીજા એક પ્રસંગે બેન્કના એક કારકુનના પુત્રનાં જનોઈ હતાં. અગિયારેક વાગ્યા સુધીમાં વિધિ પૂરી થઈ શકી નહીં. અગિયાર વાગ્યે એમને કચેરીમાં હાજર થવાનું હતું છતાં પોતે થોડાક મોડા આવે તો ચલાવી લેવા એમણે જજને વિનંતિ કરતો પત્ર મોકલી આપ્યો.

એવી જ રીતે હાથ નીચેના માણસોને ત્યાં માંદગીને પ્રસંગે એમણે જાતે હાજર રહી ધીરજ આપી છે. આમ શ્રી. ગાંધીએ પોતાના મિત્રો જેવો જ સંબંધ પોતાના હાથ નીચેના માણસો જોડે રાખ્યો છે.

પોતાના ન્યાતનાં માણસો સાથેનો એમનો સંબંધ એવો જ મીઠો હતો. રાંદેરની મોઢ વણિક પંચના એ પ્રમુખ હતા. ન્યાતના ઘણા રીતરિવાજોમાં એમણે સુધારાઓ સૂચવ્યા હતા. સૂરત, રાંદેર, નવસારી, ચીખલી, ભરૂચ, અંકલેશ્વર અને ઉંમરગાંવના સાત ચોરાનું એકીકરણ કરવામાં પણ એમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ સાતે ચોરામાં એકસરખા નિયમો દાખલ કરવા માટે એમણે પ્રચાર કર્યો હતો. સમસ્ત વણિક કોમનું એકીકરણ કરવા હીરાલાલ કાજી સાથે એમણે પ્રયત્ન કર્યો હતો. ભણતર અને વિવાહ જેવા પ્રસંગોએ પોતાના ન્યાતીજનોને એ ઉપયોગી બન્યા હતા. ઈ. સ. ૧૯૪૬ માં નાણાં મેળવી એમણે મોઢ વણિક બોર્ડિંગ ઊભી કરી. આ સંસ્થામાં મોઢ વણિક કોમના વિદ્યાર્થીઓને રાખવામાં આવે છે. એમાંના જરૂરિયાતવાળાને પુસ્તક, ફી, આદિની મદદ કરવામાં આવે છે. આ સંસ્થાને વિકસાવવામાં શ્રી ગાંધીએ ઘણો પરિશ્રમ ઉઠાવ્યો છે. આમ શ્રી. ગાંધીનું આંતરિક તેમજ બાહ્યજીવન શિસ્તબદ્ધ ને સુખી હતું. મુશીબતના સમયમાં ધીરજ અને આનંદી સ્વભાવ રાખવાનું એ શીખ્યા હતા.

# [ ૧૦ ]

## સમીક્ષા

વર્ષો વીતતાં જાય છે અને મનુષ્યનું જીવનવહેણ વહ્યે જાય છે. એ વહેણમાં ભૂતકાળ વિલીન બને છે, પરંતુ એ ભૂતકાળનાં સંસ્મરણો ભાવિ પેઢીને માટે અનેક પ્રકારે પ્રેરણાદાયી હોવાથી જીવનકથામાં એને સંઘરી લેવામાં આવે છે. એ જીવનકથામાં વ્યક્તિને મહાન બનાવનારાં કયાં તત્ત્વો છે તેની સમીક્ષા કરવામાં આવે છે. એની સિદ્ધિઓ અને એની મર્યાદાઓની સમાલોચના કરવામાં આવે છે અને ભવિષ્યના વાચકોને માટે પ્રેરણાનું એક મોટું ઝરણું વહેતું મૂકવામાં આવે છે. વ્યક્તિ જન્મથી મહાન હોતી નથી પણ પોતાના પુરુષાર્થથી મહાન બને છે. સ્વાશ્રયથી પ્રાપ્ત થતી મહત્તા જ સાચી મહત્તા હોય છે.

નાનકડા ગામમાં આવેલા એક મધ્યમવર્ગના સાધારણ કુટુંબમાં જન્મેલા શ્રી. ચૂનીલાલ માણેકલાલ ગાંધી પોતાના પરિશ્રમથી, ધૈર્ય અને ખંતથી પોતાના જીવનમાં સેવાની ભાવના અપનાવી સૂરત જેવા ઇતિહાસ પ્રસિદ્ધ શહેરના ખ્યાતનામ નાગરિક બન્યા અને એ શહેરની ઉપયોગી સેવા બજાવી એ મનુષ્ય જીવનના વિકાસની એક નોંધનીય હકીકત છે.

જીવનમાં પ્રાપ્ત થયેલી સઘળી તકોનો સદુપયોગ કરી, વિદ્યાભ્યાસમાં તેજસ્વીતા પ્રાપ્ત કરી અને વિદ્યાભ્યાસ સાથે ઘણીવાર દૂષણરૂપ જોવામાં આવતી શારીરિક નિર્બળતાને નિયમિત વ્યાયામથી નિવારી આ યુગમાં મનુષ્યને દુર્લભ ગણાય એવું દીર્ઘ આયુષ્ય ભોગવ્યું. વિશાળ વાચન, વિદ્યાવ્યાસંગ અને મનન દ્વારા ઘડાયેલું ચારિત્ર્ય એમને સંસ્થાઓના સંચાલનમાં ઉપયોગી બન્યું. આર્થિક સંજોગોની પ્રતિકૂળતા છતાં પોતે જીવનભર સેવેલા ધ્યેયને એમણે પરિપૂર્ણ બનાવ્યું. ખંત, ચીવટ અને પરિશ્રમ દ્વારા મુશ્કેલ ગણાતા વકીલ જેવા વ્યવસાયમાં મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી. જીવનના પ્રત્યેક વ્યવહારમાં નિશ્ચયાત્મક બુદ્ધિ, ત્વરિત નિર્ણયો લેવાનો અને તેને દૃઢતાથી અમલમાં મૂકવાનો આગ્રહ એ શ્રી. ગાંધીના વ્યક્તિત્વનાં પ્રધાન લક્ષણો ગણાવી શકાય. મેટ્રીકમાં પ્રથમવાર અંગ્રેજીના વિષયમાં નિષ્ફળતા મળતાં અંગ્રેજી ભાષાનો આખો શબ્દકોષ મોઢે કરી પરદેશી ભાષા ઉપર પ્રાપ્ત કરેલું પ્રભુત્વ એનું જીવંત ઉદાહરણ છે.

એક વકીલ તરીકે એમણે નીતિના અનોખા સિદ્ધાંતોને જીવનમાં પુરસ્કાર્યા છે. કાયદાનું ઊંડું જ્ઞાન, અજબ વક્તૃત્વ, અપૂર્વ તર્કશક્તિ ને ન્યાય માટેનો પ્રેમ અને આગ્રહ એમને એક સફળ વકીલ બનાવવામાં કારણભૂત બન્યાં છે. થોડા જ સમયમાં આવી મોટી સફળતા પ્રાપ્ત કરવી એ સહેલી વાત નથી. એમના આ પ્રશંસનીય ગુણોને કારણે પોતાના અસીલોમાં એ ઘણા પ્રિય થઈ પડ્યા હતા. આવી પડેલી મુશીબતોમાંથી માર્ગ શોધવા સૌ એમના તરફ મીટ માંડતા હતા. પોતાના આ ગુણોને ઊગતા વકીલોમાં ઉતારવા અને તેમને આગળ પાડવામાં એઓ સદા ય પ્રયત્નશીલ રહ્યા છે. રાજા–મહારાજાઓ સાથેના સંબંધોમાં પણ એમણે પોતાનાં વ્યક્તિત્વ ને સ્વમાન સાચવ્યાં છે, અને પોતાને જે યોગ્ય લાગી તે જ સલાહ આપી છે.

સહકારી પ્રવૃત્તિના એ ભીષ્મપિતામહ છે. પોતાના વ્યવસાયમાંથી સમય કાઢી એ પ્રવૃત્તિને વિકસાવવા એ જીવનભર મથ્યા છે. "સૂરત ડિસ્ટ્રિકટ કો–ઓપરેટીવ બેન્ક" એ એમની આ પ્રવૃત્તિનું ચિરંજીવ સ્મારક છે. આ પ્રવૃત્તિ દ્વારા ખેડૂત, વિદ્યાર્થી અને ભિન્નભિન્ન વર્ગના

મનુષ્યોને એઓ ઉપયોગી બન્યા છે. શરીરશ્રમથી પોતાનું જીવન જીવતા મજૂરો અને ખેડૂતોને તેમના શ્રમનું પૂરેપૂરું વળતર મળે એ માટે એ સદાય મથ્યા છે.

સહકારના ક્ષેત્ર પછી કેળવણીના ક્ષેત્રને એમણે પોતાનું જીવન સમર્પ્યું હતું. દેશના સર્વાંગી વિકાસ માટે જનસમુદાયને કેળવવાની એમને જરૂર લાગી હતી. પ્રાથમિક કેળવણીના ક્ષેત્રને તો સ્કૂલબોર્ડના પ્રમુખ તરીકે, અને સરકારી પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય તરીકેની એમની સેવાનો લાભ મળ્યો જ હતો. એમના નેતૃત્વ હેઠળ સૂરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીએ માધ્યમિક અને યુનિવર્સિટી શિક્ષણ અંગે જે વિકાસ સાધ્યો છે તે અનોખો છે. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના એ પ્રાણરૂપ હતા. કેળવણીના ક્ષેત્રમાં સૂરત આજે મોખરે છે. કેટલી યે હાઈસ્કૂલો, કૉલેજો ને વિદ્યાભ્યાસનાં અદ્યતન સાધનોએ સૂરતને ગૌરવવંતું બનાવ્યું છે. આ બધાનો યશ શ્રી. ચૂનીલાલ ગાંધીને ફાળે જાય છે. સોસાયટીના વિકાસ માટે નાણાં ભંડોળ એકઠું કરવા અથાક પરિશ્રમ વેઠી લાંબી લાંબી મુસાફરીઓ આદરી છે. નાનકડા છોડમાંથી ફૂલેલું એ વૃક્ષ આજે અનેકોને છાંયડો આપે છે. પોતે શરૂ કરેલી સંસ્થાને એની ઉન્નત કીર્તિને ટોચે જોવી એના કરતાં જીવનની બીજી કઈ ધન્યતા હોઈ શકે ?

અહીં એક એવી વ્યક્તિના જીવનનો ઇતિહાસ પૂરો થાય છે કે જેણે પરિશ્રમ, નિષ્ઠા અને પ્રમાણિકતાથી જીવનભર સેવાનો જ વિચાર કર્યો છે. આ જીવનહકીકતમાંથી ભાવિ પેઢીના અનેક નવયુવાનોને સેવાનો અધિકાર મેળવવાની અને સેવાને માર્ગે આગળ ધપવાની પ્રેરણા મળશે. યુવાનોમાં પણ ઘણીવાર ન દેખાતાં શક્તિ, ગતિ ને કામ કરવાની તમન્ના શ્રી. ગાંધીએ વૃદ્ધાવસ્થામાં પણ દર્શાવ્યાં છે. જીવનની અંતિમ ઘડી સુધી એ કાર્યરત રહ્યા છે. ચૌદમી મે ૧૯૫૬ ને દિવસે જ્યારે એ પોતાના ખંડમાં કામમાં બેઠા હતા ત્યારે જ એમનો આત્મા આ નશ્વર સંસારને છોડી અક્ષર ધામમાં સંચર્યો.

સૂરત શહેર અને જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચ કેળવણી પ્રારંભિક અવસ્થામાં હતી ત્યારે એમણે સોસાયટીના સંચાલનના દોર હાથમાં લીધા. એમની દોરવણી હેઠળ સોસાયટી ઉત્તરોત્તર વિકાસ સાધી પાંગરી અને થોડાં વર્ષોના ગાળામાં તો સૂરત શહેરમાં હાઇસ્કૂલો, આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ અને લૉ કૉલેજો શરૂ થઈ. આ શિક્ષણસંસ્થાઓમાં માત્ર સૂરત જિલ્લાની જ નહિ પણ દૂરના જિલ્લાઓમાં વસતી પ્રજાએ પણ શિક્ષણ મેળવ્યું. આજે તો ઠેરઠેર કૉલેજો ઝડપથી ઊઘડતી જાય છે પણ એ જમાનામાં તો મુંબઈ, સૂરત, વડોદરા અને અમદાવાદ એ ચાર જ ગુજરાતના વિદ્યાર્થીઓને ઊંચી કેળવણી પૂરી પાડનારાં સ્થળો હતાં. અને તેમાં પણ મધ્યમ સ્થિતિનાં માણસોને માટે તો સૂરત આશીર્વાદરૂપ હતું. આ બધાનું શ્રેય શ્રી ચૂનીલાલ ગાંધીને જ ફાળે જાય છે. જે સમયમાં એમણે કાર્ય કર્યું તે સમય આજના કરતાં અનેક દૃષ્ટિએ વિકટ હતો. એક બાજુ પરદેશી સરકાર, બીજી બાજુ કૉલેજ શિક્ષણ સામે નફરત પેદા કરતી ચળવળો અને નાણાંકીય મદદનો અભાવ. આવી પરિસ્થિતિમાં શ્રી. ગાંધીએ જે ખંત અને કુનેહથી અને ધીરજથી કામ લીધું એ એમની દક્ષતા અને નિષ્ઠાનો સુન્દર પુરાવો છે. આજના જેટલી સરળતાથી નાણાં મેળવવાનું પણ ત્યારે કપરું હતું. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીનું બંધારણ નમૂનારૂપ છે. એમાં એ સંસ્થામાં કામ કરતા શિક્ષકોનો, અધ્યાપકોનો અને જનતાના સુશિક્ષિત વર્ગનો અવાજ છે. આખું

તંત્ર પદ્ધતિસરનું અને વ્યવસ્થિત છે. એ બંધારણ ઘડવાનો અને તેના પાલનનો બધો યશ શ્રી. ચૂનીલાલ ગાંધીને ફાળે જાય છે.

પોતાના જીવનકાળ દરમ્યાન શ્રી. ચૂનીલાલ ગાંધી નાના મોટા અનેકને ઉપયોગી થઇ પડ્યા હતા અને તે ઋણનો સ્વીકાર કરતા કેટલા ય પત્રો એમના અવસાન પછી એમનાં કુટુંબીજનો ઉપર આવ્યા હતા. ઓરપાડના એમના એક સ્નેહી શ્રી. મણિશંકર ઉમેદરામ દેસાઇ લખે છે: "જિલ્લાના તેમના વડિલ સ્નેહીઓમાં બનતા સુધી હું સૌથી જૂનો હોઇશ. અમે એક બીજા સાથે સામસામી ઘણું કામ કર્યું છે અને તેની શરૂઆત ૧૯૧૬ માં એક મસીદ કેસથી થયેલી અને છેવટમાં ૧૯૩૪ માં એક અપીલમાં તેમની સાથે કામ કર્યું છે. તેઓ મારા કરતાં ઘણાં વરસો આગળ હતા પણ મારા કામથી સંતોષ પામતા, ઉત્તેજન આપતા અને પાછળ મુક્ત કંઠે વખાણ કરતા. આપણા દેશમાં નરરત્નોની ખોટ છે એટલે તેઓ વૃદ્ધ હોવા છતાં તેમણે જે અનેકવિધ અનુકરણીય એકધારી પ્રશંસાપાત્ર સેવા બજાવી છે તેથી તેમની ખોટ હમેશાં માલમ પડવાની જ અને તેમની ખોટ પૂરે એવી વ્યક્તિ માલમ પડતી નથી." શ્રી. કનૈયાલાલ મુનશી જેઓ શ્રી. ગાંધીના મૃત્યુ સમયે ઉત્તર પ્રદેશના ગવર્નર હતા તેઓ એમના અવસાનના સમાચાર સાંભળી લખે છે: "અમારી મૈત્રી ઘણાંઘણાં વર્ષો જેટલી જૂની છે. અને ૧૯૧૩ માં જ્યારે મેં એડવોકેટ (ઓ. એસ.)ની પરીક્ષા પાસ કરી ત્યારે મુંબઈ બહાર મને પહેલો કેસ અપાવનાર એઓ હતા. અને ત્યારથી અમારા સંબંધો ઘણા મીઠા રહ્યા હતા. આપણા જેવા અનેકને પ્રેરણા આપે એવું એમનું જીવન હતું." અને આવા તો અનેક પત્રો ન્યાયાધીશો, વકીલો, ધારાસભ્યો અને જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરતી અનેક નામાંકિત વ્યક્તિઓના દેશભરમાંથી આવ્યા હતા. કેટલાકને એમણે પ્રેરણા આપી હતી, કેટલાકને મદદ કરી હતી અને કેટલાકને મન તો એ પિતાતુલ્ય ઓથસમા હતા.

જન્મની સાથે મૃત્યુ તો જોડાયેલું જ છે, પણ જીવનને સાચા અર્થમાં જીવી જનાર વ્યક્તિને મૃત્યુનો હાથ લાગતો નથી. આજના આપણા પ્રજાજીવનમાંથી સાચા, સન્નિષ્ઠાવાળા સેવકો ઝડપથી અદૃશ્ય થતા જાય છે, અને એમના જવાથી ઉત્પન્ન થયેલો અવકાશ નવીન પેઢીના એટલા જ ખમીરવાળા, સેવાભાવી અને કાર્યરત નવીનોના અભાવથી પુરાતો નથી. સ્વાર્થ, સત્તા, કીર્તિ અને એવી અનેક લાલસાઓમાં સમાજ અને કાર્યકર્તાઓ ઝડપથી ફસાતા જાય છે. એવા સમયમાં શ્રી. ચૂનીલાલ ગાંધીનું જીવન ઘણી રીતે પ્રેરણાદાયી બને છે. આપણા ઘરદીવડાઓના તેજથી આપણું અંતઃકરણ ઘણીવાર પ્રકાશિત થાય છે. અને પ્રત્યક્ષ દેહે ન હોવા છતાં એમનાં સેવાકાર્ય, એમનો સ્વાર્થત્યાગ અને જીવનના ધર્મકાર્ય જેવી એમની પ્રજાકલ્યાણની ભાવના આપણને એમની સતત હાજરીનો પરચો આપે છે. એમના સત્કાર્યની સુવાસ અખંડ પ્રસરે છે. મનુષ્ય જીવનની સાર્થકતા આ કરતાં વિશેષ શી હોઇ શકે?

---

· મુદ્રક ·

ડાહ્યાભાઇ કાલિદાસ મોદી
'અરુણ' પ્રિન્ટિંગ પ્રેસ
વીરમગામી મહોલ્લો,
બેગમપુરા · સૂરત.

· પ્રકાશક ·

ઇશ્વરલાલ સી. કલાર્ક
મેનેજર
શ્રી સૂરત ડિ. કૉ-ઑ. બૅન્ક લિ૦
સૂરત.